
# કલ્યાણ

સાહિત્ય અને સંસ્કૃતિનું લોકભોગ્ય માસિક

વર્ષ : ૧૫
અંક : ૮
શ્રી આસો ૨૦૧૪

વીર સંવત ૨૪૮૪
ઓકટોબર ૧૯૫૮



હીંગણઘાટ [વર્ધા] માં આવેલ તીર્થરૂપ જૈન મંદિર
[શ્રી પ્રકાશચંદ્ર બી. કોચર હીંગણઘાટના સૌજન્યથી]

તંત્રી: સોમચંદ ડી. શાહ

ધર્મ, સમાજ, સાહિત્ય અને સંસ્કારનું અદ્યતન માસિક.

## ★ વિષયદર્શન ★


વિનાશની પૂજા શ્રી મોહનલાલ ચુ. ધામી ૫૦૩
કથાકલ્લોલિની પંન્યાસજી કનકવિજયજી ૫૦૬
વૈશાલિનો અતિથિ શ્રી મોહનલાલ ચુ. ધામી ૫૧૧
મારી માગણી મુનિરાજ માનતુંગવિજયજી ૫૧૭
હિંસાનો વિપાક શ્રી ભવાનભાઇ પી. સંઘવી ૫૧૯
કોટયાધિપતિ મુનિરાજ જયપદ્મવિજયજી ૫૨૬
સ્વાર્થી સંસાર મુનિરાજ ગુણાકરવિજયજી ૫૨૯
ફુલ અને ફોરમ પંન્યાસજી પ્રવીણવિજયજી ૫૩૨
આયંબિલનું રહસ્ય શ્રી અમૃતલાલ મોદી ૫૩૦
પરિશિલનનું પિયુષ શ્રીમૃગેન્દ્રમુનિ મ૦ ૫૩૫
સર્વજ્ઞની ઓળખ શ્રી પ્રભુદાસભાઇ પંડિત ૫૩૮
જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા શ્રી કિરણ ૫૪૩
અમીઝરણાં પૂ૦ આ શ્રી વિજયરામચંદ્રસૂરિજી ૫૫૧
સામાયિક વ્રત પંન્યાસજી ભદ્રંકરવિજયજી ૫૫૩
મનન માધુરી શ્રી વિમર્શ ૫૫૫
અષ્ટ પ્રવચન માતા શ્રી કું. મુ. દોશી ૫૫૯
મધપૂડો શ્રી મધુકર ૫૬૩
સમાચાર સાર સંકલિત ૫૬૮


★


(અનુસંધાન ટાઇટલ પેજ ૩ થી)


૧૧, શ્રી ચુનીલાલ સરદારમલજી ,,
૧૧, શ્રી બાબુલાલ સુંદરજી ઝવેરી ,,
૧૧, શ્રી બાબુલાલ વખતચંદ વખારીયા ,,
૧૧, શ્રી દેવજીભાઇ જેઠાભાઇ ,,
રૂા. ૧૧, શ્રી પન્નાલાલ જગજીવન મુંબઈ
રૂા. ૧૧, શ્રી બાબુલાલ લક્ષ્મીચંદ ,,
રૂા. ૧૧, શ્રી સારાભાઇ ચંદુભાઈ ઝવેરી ,,
રૂા. ૧૧, શ્રી નેમચંદ પાનાચંદ દહેજ
રૂા. ૧૧, શ્રી હસમુખલાલ મગનલાલ મુંબઈ
રૂા. ૧૧, શ્રી મહેન્દ્રકુમાર અનોપચંદ ,,
રૂા. ૧૧, શ્રી ધનરાજ ભાગચંદજી ગોલવડ
રૂા. ૧૧, શ્રી પુનમચંદ ગેમાજી મુંબઇ
રૂા. ૧૧, શ્રી છોટાલાલ વક્તાચંદ ,,
રૂા. ૧૧, શ્રી રામજી. ભીમજી ,,
રૂા. ૧૧, શેઠ હરખચંદ વસનજી મુંબઇ
૨૫, શ્રી રસીકલાલ કેશવલાલ સાણંદ

૧૧, શ્રી ચંદુલાલ ગુલાબચંદ રાજપુર
શ્રી ચીમનલાલ રતનચંદ સાંડસાની
શુભ પ્રેરણાથી.

૧૧, શ્રી ચંદુલાલ ડી. શાહ મુંબઇ
૧૧, શ્રી કાંતિલાલ પી. શાહ ,,
૧૧, શ્રી લલ્લુભાઇ ફુલચંદ નિંગાળા
શ્રી પ્રભુદાસભાઇ વીરપાળની શુભપ્રેરણાથી

પૂ૦ પંન્યાસજી પ્રવીણવિજયજી મહારાજના શિષ્યરત્ન પંન્યાસજી મહિમાવિજયજી મહારાજના સદુપદેશથી થયેલા સભ્યોનાં નામો નીચે મુજબ.

૧૧, મહેતા રમણુલાલ પરસોતમદાસ હિંમતનગર
૧૧, શાહ અમૃતલાલ મગનલાલ જામલા
૧૧, શાહ વેણીચંદ કેશવજી ઇડર

૧૧, શ્રી રામજી ભીમશી છેડા મુંબઈ
૧૧, શ્રી પ્રેમજી હીરજી ,,
શ્રી વેલજી મેઘજી ગુઢકાની શુભપ્રેરણાથી

૧૧, શાહ ખેમચંદ નાથાભાઈ રાજપીપળા મુનિરાજ શ્રી ધનવિજયજી મહારાજની શુભપ્રેરણાથી.

૧૧, શ્રી રમણીકલાલ ત્રંબકલાલ સુરેન્દ્રનગર
શ્રી ચંપકલાલ ચુનીલાલની શુભપ્રેરણાથી.

૧૧, શ્રી કસ્તુરભાઇ રામજી સુરેન્દ્રનગર
ઉપર મુજબની શુભપ્રેણાથી

૧૧, શ્રી રતિલાલ વીરપાળ સુરેન્દ્રનગર
ઉપર મુજબની શુભપ્રેરણાથી

૧૧, શ્રી વાડીલાલ કપુરચંદ મોરજ

રૂા. ૧૧, શ્રી પ્રાગજીભાઇ માણેકચંદ ધંધુકા, વનાલાવાળા શ્રી ચુનીલાલ ઝુંઝાભાઈની શુભપ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી ભગવાનલાલ ત્રિભોવનદાસ ધંધુકા ઉપર મુજબની શુભપ્રેરણાથી

★

:: વર્ષ ૧૫ :: :: ઓકટોબર ૧૯૫૮ :: :: અંક ૮ ::

કલ્યાણ

# વિનાશની પૂજા

વૈદ્યરાજ શ્રી મોહનલાલ ચુ. ધામી

❋

એક લોકોક્તિ છે કે ઘો મરવાની હોય ત્યારે વાઘરીવાડે જાય.

આ લોકોક્તિ ખરેખર કોઇ માનસશાસ્ત્રીએ રચી હશે. આનો સ્થૂલ અર્થ તો એવો છે કે ઘો નામનું નાનું પ્રાણી જ્યારે વાઘરીઓના વાડામાં જાય ત્યારે તેનું મોત થાય. કારણ કે વાઘરી ઘોને માર્યા વગર ન રહે.

પણ આ લોકોકિત માત્ર આવા અર્થ ખાતર રચાણી નથી. આતો માત્ર એક રૂપક છે. એનો તત્ત્વાર્થ તો એ જ છે કે, માનવીની આશા, ધન, ગૌરવ, કીર્તિ, એકતા વગેરે ઉત્તમ વસ્તુઓનો અંત આવવાનો હોય ત્યારે માનવી ન આદરવાનું આદરે છે. અર્થાત્ માનવતા વગરના વાડામાં જાય છે.

આજ આપણા જૈનસમાજની વાઘરીવાડે જઈ રહેલી ઘો જેવી જ દશા છે.

જે જૈનસમાજ દાનમાં, અહિંસામાં, ઉદારતામાં, નીતિમાત્રમાં, સ્વધર્મના રક્ષણમાં ન્યાયોચિત ઉપાર્જનમાં અને ઓછામાં ઓછું પાપ હોય એવો ધંધો કરવામાં આગળ પડતો હતો, તે જૈનસમાજ આજ કઈ તરફ જઇ રહ્યો છે?

જેમ આજે જૈનસમાજના સંસારી અંગમાં એકતાનો અભાવ છે, તેમ જૈનસમાજના સંસારમુક્ત અંગમાં પણ એકતા અને ઉદારતાનો અભાવ છે.

જૈનો આજ પોતાના ધંધાની પવિત્રતાનો વિચાર કરતા નથી. ધન મેળવવા ખાતર એવી આંધળી દોટ મૂકતા હોય છે કે પોતાની ભાવિ પેઢીના સંસારનો કોઇ પણ વિચાર કરી શકતા નથી.

ધંધો પાપમય હોય, અનીતિમૂલક હોય, હિંસક હોય કે ગમે તેવો હોય જો એ ધંધો ધાર્યું ધન આપી શકતો હોય તો એને વળગી રહેવામાં જેટલો રસ લેવાય છે તેટલો રસ જીવનની શુદ્ધિ માટે લેવાતો નથી.

આવી જ સ્થિતિ ત્યાગી વર્ગની છે. નાનામાં નાના પ્રશ્નો ખાતર મોટામાં મોટા ઝઘડાઓ થતા જ રહે છે. વાડાઓ રચાય છે. પરસ્પરના આક્ષેપો શરૂ થાય છે અને આપણું કરૂણ દારિદ્રય તો ત્યાં દેખાય છે કે જે ચીજ પ્રાપ્ત કરવા ખાતર સંસારનો ત્યાગ સ્વીકાર્યો હોય છે તે ચીજ માનસમાં પણ આવતી નથી!

સંસારના પ્રત્યેક જીવોને ક્ષમા આપવાની ભાવનાવાળા અને કોઈનું યે અહિત ન થાય એ માટે જાગૃત રહેવાની પ્રતિજ્ઞાવાળા આપણા ત્યાગી વર્ગમાં એકતા, સહકાર અને સમાધાનવૃત્તિનો ખજાનો કેટલે અંશે ટકી રહ્યો છે? એ પ્રશ્ન શું વિચારવા જેવો નથી?

ત્યાગી વર્ગ ક્ષુદ્ર કલરવના દલદલમાં ફસાયેલ છે અને સંસારી વર્ગ ધનપ્રાપ્તિના દાવાનળમાં સપડાયેલ છે.

એટલે સમગ્ર જૈનસમાજ પેલી લોકોક્તિ માફક વિનાશ તરફ દોડી રહ્યો છે.

આ દોડના પરિણામનો વિચાર કરવાની શું કોઈને નથી પડી? શું સમાજના ત્યાગી અને સંસારી આગેવાનો પોતાની આસપાસ સળગી રહેલી આગને જોવા જેટલા યે સચેત નથી રહ્યા?

આનું પરિણામ કેવું આવશે?

જે જૈનદર્શન વિશ્વના સમગ્ર દર્શનો કરતાં ઉચ્ચ છે, જે જૈન તત્ત્વજ્ઞાન વિશ્વના ચિંતકોને મુગ્ધ કરી રહ્યું છે, જે જૈન જ્ઞાન-ગંગા સર્વને અભય આપવા જેટલી નિર્મળ છે, તે જૈનદર્શનનું ભાવિ શું થશે? એનો કોઈ વિચાર કોઈને પણ કેમ નહિં આવતો હોય?

આપણી બહેનોની વેશભૂષા વિલાસના તરંગોથી પચરંગી બની રહી છે, આપણા બાળકો સમક્ષ ધાર્મિક જ્ઞાનના કે શુભ ક્રિયાના સંસ્કારોની કોઈ છબી મૂકવામાં આવતી નથી, આપણી ભાવિ પેઢી જૈનદર્શનનું મહત્ત્વ સમજી શકે એવી કાળજીનો પણ ખુલ્લો અભાવ છે.

સંસારી સમાજ ધન પાછળ પડયો છે....

સાધુસમાજ એકતાના અભાવે પોતાની પવિત્ર જવાબદારી પણ જોઈ શકતો નથી.

બંને મજબુત અંગો જાણ્યે આજ રાજરોગના જંતુઓથી ખવાઈ રહ્યાં છે.

બંને અંગો ખવાઈ જાય અને સમાજની આખી કાયા કડડભૂસ ધરતી ભેગી થઇ જાય તે પહેલાં ચેતવાની પુરતી જરૂર છે.

જો ચેતવામાં નહિં આવે અને આજની દોટ વણથંભી ચાલુ રહેશે તો આવતી કાલની પેઢી આજના ત્યાગીઓને અને આજના સંસારીઓને અભિશાપ આપશે....

આજે વિજ્ઞાનના નામે ભૌતિક ભૂતાવળ રાસડા લઈ રહી છે. ખાદ્યાખાદ્યના વિવેકની ભારતીય મર્યાદા પર કારમા ઘા પડી રહ્યાં છે....સાદી રહેણી-કરણી પર અટ્ટહાસ્ય વરસી રહ્યાં છે, નીતિના આદર્શને વેવલાનો ખજાનો કહેવામાં આવે છે, કલાનાં નામે સભ્ય

વ્યભિચારની આગ પથરાઇ રહી છે....ભગવાનના દર્શને જવા કરતાં સીનેગૃહમાં જવાની તમન્ના સ્થિર બનવા માંડી છે.

અન્યાય, અસત્ય, હિંસા અને લુચ્ચાઇ આજે શણગાર બની ચૂકયા છે.

આ વિષમ પરિસ્થિતિ આપણી સામે એક ફાડેલા જ્વાળામુખી માફક પડી છે અને આપણે આજ દોટ મૂકી રહ્યા છીએ....પેલી ઘો વાઘરી વાડે જઇ રહી છે તે રીતે!

શું આપણે પાછા નહિં વળીએ ?

શું એકતાના આદર્શથી સંકળાઈને સંસ્કૃતિનો હ્રાસ કરી રહેલી આવી ચિનગારીઓ સામે છાતી કાઢીને ઉભા રહેવાનું બળ નહીં બતાવી શકીએ?

વિનાશ આવે છે....

ઝંઝાવાત માફક આવે છે....

અને એના પ્રતિકારની શક્તિ પ્રાપ્ત કરવાના બદલે આપણે વિનાશની પૂજામાં જ પ્રમત્ત બની ચૂકયા છીએ, તે કેટલું કરૂણ છે.

★

# ગૌતમ સ્વામીની સ્તુતિ

(રાગ– સિધ્ધાચળના વાસી)

લબ્ધિના ભંડાર, ગૌતમ વંદુ વારંવાર.

પ્રાતઃપાવન નામ ચે પ્યારૂં, જપતાં કોટિ વિઘન હરનારૂં; આનંદ મંગળકાર–ગૌતમ૦
અડવીશ લબ્ધિ જેહને છાજે, નામ લેતાં સવી દુખડાં ભાંજે; રિદ્ધિસિદ્ધિ દેનાર. ગૌતમ૦
રોગ શોક સવી દૂરે ભાગે, ભૂત પ્રેત નવી આવે આગે; મહિમા અપરંપાર. ગૌતમ૦
એહના નામે નવનીધ થાય, આનંદ મંગળ જશ વરતાય; જીવનના આધાર–ગૌતમ૦
જેને જેને દીક્ષા આપે, તેને તેને મુક્તિ ચે સ્થાપે; શક્તિ અજબ અપાર. ગૌતમ૦
એહની ખુબી જગથી ન્યારી, ચમત્કાર છે એહનો ભારી; જ્ઞાન ધ્યાન ભંડાર. ગૌતમ૦
ભુખ તરસ એ નામે જાવે. તાઢ તડકો કદિ નહિ આવે; મિષ્ટ ભોજન દેનાર. ગૌતમ૦
કાર્તિક સુદ એકમના દિવસે, ગૌતમ કેવલ થયું અતિ હર્ષે; વરત્યો જય જયકાર. ગૌતમ૦
આત્મ–કમલમાં અહનીશ વસજો, **લબ્ધિ જયંત**ના કર્મો હરજો; હોવે બેડા પાર. ગૌતમ૦

રચયિતા : ઉપાધ્યાયજી જયંતવિજયજી મહારાજ

# કથા કલ્લોલિની

(‘કલ્યાણ’નો ચાલુ કથા વિભાગ)

## પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર

### ૯ બંધ અને મોક્ષનું કારણઃ મન.

તે સમયે મહાવીર ભગવાન્ ગુણુશીલ ચૈત્યમાં સમોસર્યા હતા. તીર્થંકરના દર્શન માટે ઉત્સુક શ્રેણિકરાજા વંદન કરવાને માટે નીકળ્યો. તેના અગ્રાનીક (આગળના રસાલા) માંના પોતાના કુટુંબસંબંધી વાતો કરતા બે પુરુષોએ બે હાથ ઊંચા રાખીને એક ચરણુ ઉપર ઉભા રહીને આતાપના લેતા એક સાધુને જોયા. તેમાંના એકે કહ્યું:

‘અહો! મહાત્મા ઋષિ સૂર્યની સામે ઊભા રહીને આતાપના લે છે; નક્કી સ્વર્ગ અથવા મોક્ષ એને હસ્તગત છે’.

બીજાએ પેલા ઋષિને ઓળખ્યા અને કહેવા લાગ્યો, “અરે, તું શું નથી જાણુતો? આ તો રાજા પ્રસનચંદ્ર છે. એને ધર્મ કયાંથી હોય? બાળક પુત્રને એણે રાજ્ય ઉપર સ્થાપન કર્યો તેને હવે મંત્રીઓ પદભ્રષ્ટ કરે છે. આ તો આણે પોતાના વંશનો વિનાશ કર્યો છે. કોણુ જાણે એના અંતઃપુરનું શું થશે?

ધ્યાનમાં વિઘ્ન કરનારૂં આ વચન પ્રસન્નચંદ્રના કાન સુધી પહોંચ્યું. તે વિચાર કરવા લાગ્યા, “અહો? આ અમાત્યો કેવા અનાર્ય છે? મેં દરરોજ જેમનું સન્માન કર્યું હતું એવા તે મારા પુત્રનીજ સામે પડયા છે. જો હું ત્યાં હાજર હોત અને તેમણે આવું કર્યું હોત તો જરૂર તેમને બરાબર શિક્ષા કરત.’

આવા સંકલ્પ કરતા તે પ્રસન્નચંદ્રની આગળ જાણે સાક્ષાત્ વિદ્યમાન થયો. પેલા અમાત્યો સાથે તે મનથીજ યુધ્ધ કરવા લાગ્યા.

એટલામાં શ્રેણિકરાજા તે સ્થળે આવ્યો. વિનયપૂર્વક ઋષિને વંદના કરી, અને ધ્યાનનિશ્ચલ એવા તેમને જોયા. ‘પ્રસન્નચંદ્ર રાજર્ષિનું તપમાં આટલું સામર્થ્ય ખરેખર આશ્ચર્યજનક છે. એમ વિચાર કરતો તે તીર્થંકર પાસે પહોંચ્યો. વંદન કરીને તેણે ભગવાનને વિનય પૂર્વક પૂછયું:

‘ભગવન્! પ્રસન્નચંદ્ર અણુગારને જે સમયે મેં વંદન કર્યું તે સમયે તેઓ કાળ કરત તો કઇ ગતિમાં જાત?’

ભગવાને કયું. ‘સાતમા નરકમાં.’

સાધુને નરકગમન કયાંથી હોય? એમ વિચારીને રાજા ફરી પૂછવા માંડયો.

ભગવન્! પ્રસન્નચંદ્ર અત્યારે કાળ કરે તો કઇ ગતિમાં જાય?’

ભગવાને કહ્યું, ‘અત્યારે સર્વાર્થસિધ્ધમાં જવાને યોગ્ય છે.’

રાજાએ પ્રશ્ન પૂછયો, “તપસ્વીને માટે એકવાર નરકગતિ અને બીજીવાર દેવગતિ એ દ્વિવિધ ઉત્તર આપે શાથી આપ્યો?

ભગવાને કહ્યું. “ધ્યાનવિશેષે કરીને તે સમયે અને અત્યારે તેણે અનુક્રમે અશાત અને શાત કર્મનો સ્વીકાર કર્યો હતો.”

શ્રેણિકે પૂછયું, ‘કેવી રીતે?’

ભગવાને કહ્યું. તારા અગ્રાનીકના પુરુષોના મુખથી પોતાના પુત્રનો પરાભવ સાંભળીને જેમ પ્રશસ્ત ધ્યાનનો ત્યાગ કર્યો એવો તે જ્યારે તેં

એને વંદન કર્યું ત્યારે પોતાના અમાત્ય રૂપી શત્રુઓ સાથે મનથી યુદ્ધ કરતો હતો, અને તેથી કરીને તે કાળે નરકગતિને યોગ્ય હતો. તું ત્યાંથી ચાલ્યો ગયો પછી જેની ક્રિયાની શક્તિ જાગ્રત થઇ છે એવો તે મારા શીરસ્ત્રાણુથી શત્રુઓને મારૂં" એમ વિચારીને પોતાના લોચ કરેલા માથા ઉપર હાથ મૂકતાં પ્રતિબોધ પામ્યો. કે, 'અહો ? હું મારા કાર્યનો ત્યાગ કરીને બીજાને ખાતર યતિજનોથી વિરૂધ્ધ એવા માર્ગમાં ઉતરી પડયો.'

આમ પોતાની જાતની નિંદા અને ગર્હણા કરતા તેણે ત્યાં જ મને પ્રણામ કરીને આલોચના લીધી અને પ્રતિક્રમણ કર્યું. અત્યારે તે પ્રશસ્ત ધ્યાની છે. તે અશુભ કર્મ તેણે ખપાવ્યું છે. અને શુભ કર્મનું ઉપાર્જન કર્યું છે, આથી તેને માટે જુદા જુદા સમયે મેં જુદી જુદી ગતિનો નિર્દેશ કરેલો છે.'

[ ૨ ]

પોતનપુરમાં સોમચંદ રાજા હતો તેની ધારિણી દેવી હતી; તે એકવાર ઝરૂખામાં બેસીને પોતાના પતિનું માથું ઓળતી હતી. તે વખતે સફેદ વાળ જોઇને તેણે કહ્યું:

"સ્વામી ! દૂત આવી ગયો છે.'

રાજાએ આમ તેમ નજર નાંખી પણ કોઇ નવો માણસ તેના જોવામાં ન આવ્યો. એટલે તેણે રાણીને કહ્યું.

'દેવી! તને દિવ્ય ચક્ષુ મળ્યાં હોય એમ જણાય છે.'

ત્યારે રાણીએ સફેદ વાળ બતાવીને કહ્યું. 'આ ધર્મદૂત આવ્યો છે'. એ જોઇને રાજાએ રૂદન કર્યું. ઉત્તરીયથી તેનાં આંસુ લુંછતી દેવીએ કહ્યું.

'જો વૃધ્ધપણાથી લજ્જા પામતા હો તો પરિજનોને દૂર કરો.'

ત્યારે રાજાએ કહ્યું, 'દેવી ! એમ નથી 'કુમાર બાળક હોઈ પ્રજાપાલનમાં અસમર્થ છે.' એમ વિચાર કરતાં મને ગ્લાની થઈ.

પૂર્વપુરુષોના માર્ગે હું ગયો નહીં.' એટલોજ વિચાર મને આવ્યો છે. તું પ્રસન્નચંદ્રની રક્ષા કરતી અહીંજ રહે." પણ રાણીએ તો તેની સાથેજ દીક્ષા લેવાનો નિશ્ચય કર્યો હતો.

ત્યારપછી પુત્રને રાજ્ય આપીને ધાત્રી અને દેવી સાથે રાજાએ દિશાપ્રોક્ષક તાપસ (તાપસની એક જાતિ) તરીકે દીક્ષા લીધી અને એકાન્ત આશ્રમમાં રહેવા લાગ્યો. દીક્ષા લીધા પહેલાં રાણીને ગર્ભ રહેલો તે વધવા માંડયો. ચર પુરુષોએ પ્રસન્નચંદ્રને આ હકીકત જણાવી. પુરા દિવસે કુમારને જન્મ આપ્યો, અને તેને વલ્કલમાં મૂકયો હતો. તેથી વલ્કલચીરી એવું તેનું નામ પડયું.

સૂતિકારોગથી રાણી મૃત્યુ પામી. ધાત્રીએ કુમારને વગડાઉ ભેંસના દૂધથી ઉછેરવા માંડયો. થોડા સમય પછી ધાત્રી પણ મરણ પામી. પછી વલ્કલચીરી ને ઋષિ કમંડળ લઇને ફરવા લાગ્યા. વલ્કલચીરી મોટો થતાં તેનું આલેખ કરીને ચિત્રકારોએ પ્રસન્નચંદ્રને બતાવ્યું.' તેણે ભાઇ પ્રત્યેના સ્નેહથી ગણિકાપુત્રીઓને તાપસનું રૂપ ધારણ કરાવીને 'ખાંડના લાડુરૂપી વિવિધ ફળોવડે વલ્કલચીરીને લોભાવીને અહીં લાવો' એવી સૂચના આપીને આશ્રમમાં મોકલી તે ગણિકાઓએ મધુર ફળ, મધુર વચન અને સુકુમાર, ઉન્નત અને પુષ્ટ સ્તનોના સ્પર્શ વડે વલ્કલચીરીને લોભાવ્યો. સંકેત પ્રમાણે ત્યાંથી જવાના વખતે જ્યારે તે પોતાનાં તાપસનાં ઉપકરણો મૂકવા ગયો ત્યારે વૃક્ષ

ઉપર બેઠેલા ચાર પુરુષોએ નિશાની કરી કે–

ઋષિ આવ્યા છે.

આથી પેલી ગણિકા પુત્રીઓ ત્યાંથી એકદમ નાસી ગઈ. વલ્કલચીરી તેમનાં પગલાં જોતો જોતો પાછળ ચાલ્યો. અટવીમાં ભમતાં એવા તેણે રથમાં બેઠેલા એક પુરુષને જોઈને કહ્યું:

'તાત! વંદન કરુ છું' ત્યારે પેલા રથવાળાએ પુછ્યું.

'કુમાર! કયાં જવું છે?'

વલ્કલચીરીએ જવાબ આપ્યો કે 'મારે પોતનપુર નામના આશ્રમમાં જવું છે.' પેલા પુરુષને પણ પોતનપુર જવું હતું, એટલે તેણે કહ્યું કે:–

'ચાલો આપણે સાથે સાથે જઇએ.'

પછી વલ્કલચીરી રથવાળાની સ્ત્રીને પણ 'તાત' એ પ્રમાણે સંબોધન કરવા લાગ્યો.

પેલીએ કહ્યું, "આ તે કયા પ્રકારનો વિનય છે?"

રથવાળાયે કહ્યું. "સુન્દરી! સ્ત્રીઓથી રહિત એવા આશ્રમમાં આ ઉછરેલો હોવાથી સ્ત્રી–પુરુષનો ભેદ જાણતો નથી, માટે એના ઉપર ક્રોધ ન કરવો જોઇએ.'

પછી વલ્કલચીરી રથના ઘોડાઓને જોઈને પૂછવા લાગ્યો, "આ મૃગલાઓને કેમ જોડયા છે?

સારથીએ કહ્યું. કુમાર! આ મૃગલાનો આ કાર્યમાંજ ઉપયોગ થાય છે. એમાં કાંઇ દોષ નથી.'

પછી રથવાળાએ વલ્કલચીરીને લાડુ આપ્યા, તે જોઇને તેણે કહ્યું. "પોતનપુરવાસી ઋષિકુમારેએ પણ મને અગાઉ આવાંજ ફળ આપ્યા હતાં. રસ્તે ચાલતાં તેમને એક ચોર સાથે યુધ્ધ થયું, રથવાળાએ ચોર ઉપર જબ્બર પ્રહાર કર્યો; તેની શસ્ત્રચાલાકીથી પ્રસન્ન થયેલા ચોરે કહ્યું;

'મારી પાસે વિપુલ ધન છે; તે હે શૂર! લઇ લે.' ત્યારપછી ચોરે બતાવેલા ધનથી એ ત્રણે જણે રથ ભર્યો.

અનુક્રમે તેઓ પોતનપુર પહોંચ્યા, ત્યાં રથિકે વલ્કલચીરીને ઉતાર્યો. અને કેટલુંક ધન આપીને કહ્યું કે–

'તારૂં રહેઠાણુ શોધી લે.'

તે ફરતો ફરતો ગણિકાગૃહ આગળ પહોંચ્યો અને ત્યાં ગણિકાને કહ્યું.

'તાત! વંદન કરૂં છું. આ મૂલ્ય લઇને મને અહીં રહેવા દો.'

ગણિકાએ કહ્યું. "તમને આવાસ આપીશું અહીં બેસો." પછી ગણિકાએ હજામને બોલાવ્યો વલ્કલચીરીએ આનાકાની કરવા છતાં તેના નખ કાપ્યા અને હજામત કરી. તેનાં વલ્કલ ઉતારી લેવામાં આવ્યાં. અને વસ્ત્રાભરણુ પહેરાવીને ગણિકાપુત્રીની સાથે તેનું લગ્ન કરવામાં આવ્યું.

'મારો આ ઋષિવેશ દૂર કરશો નહીં.' એમ બોલતા વલ્કલચીરીને ગણિકાઓ કહેવા લાગી:–

"જે કોઇ આવાસની ઈચ્છાવાળો અહીં આવે છે તેનો આ રીતે સત્કાર કરવામાં આવે છે." પછી તે ગણિકાઓ વધૂ–વરના ધવલ મંગલ ગાવા લાગી.

હવે, વલ્કલચીરીને લોભાવવા માટે ઋષિવેષધારી જે ગણિકાપુત્રીઓને વનમાં મોકલવામાં આવી હતી તે આવીને પ્રસન્નચન્દ્રને કહેવા લાગી કે:–

"કુમાર તો વનમાં ચાલ્યા ગયા. ઋષિના.

ભયને લીધે અમો તેમને બોલાવી શકયા નહીં."

ત્યારે વિષાદ પામેલો રાજા વિચાર કરવા લાગ્યો કે, "અહો અકાર્ય થયું. કુમાર પિતા પાસે ગયો નથી, અહીં પણ આવ્યો નથી, તો કોણ જાણે કયાં ગયો હશે ?"

આ પ્રમાણે ચિન્તા કરતો બેઠો, એટલામાં તેણે મૃદંગનો શબ્દ શાંભળ્યો. શ્રવણને દુઃખ આપનાર એ શબ્દ સાભળીને તેણે કહ્યું.

"હું જયારે દુઃખી છું, ત્યારે કયો સુખી સંગીત–વિનોદ કરે છે ?"

ગણિકાને તેના હિતસ્વી કોઇ માણસે આ જણાવ્યું. એટલે ગણિકા ત્યાં આવી. અને પ્રસન્નચંદ્ર રાજાને પગે પડીને કહેવા લાગી. કે–

"દેવ ? મને નૈમિત્તિકે કહ્યું હતું કે–જે તાપસરૂપી તરૂણ તારે ઘેર આવે તેને જ તારી પુત્રી આપજે. તે ઉત્તમ પુરુષ છે, અને તેની સાથે તારી પુત્રી ઘણું સુખ પામશે."

નૈમિત્તિકે કહ્યું હતું તે પ્રમાણે તે પુરુષ આજે મારે ઘેર આવ્યો, તેનો ફલાદેશ પ્રમાણભૂત માનતી એવી મેં તાપસને કન્યા આપી; અને 'કુમાર જડતા નથી' એ હકીકત જાણતી નહોતી તેથી આ લગ્ન નિમિત્તે ઉત્સવ કર્યો હતો. "મારો આ અપરાધ ક્ષમા કરો."

જેમણે આશ્રમમાં કુમારને જોયો હતો એવા માણસોને રાજાએ મોકલ્યા. તેમણે કુમારને ઓળખ્યો. અને આ પ્રિય વસ્તુ રાજાને નિવેદન કરી. અત્યંત પ્રસન્ન થયેલો રાજા તેને વધૂ સહિત પોતાના મહેલમાં લઇ ગયો, સરખા કુલ, રૂપ અને યૌવન ગુણોવાળી રાજકન્યાઓ સાથે તેનું પાણીગ્રહણ કરાવ્યું અને અર્ધું રાજ આપ્યું. વલ્કલચીરી યથેચ્છ સુખથી રહેવા લાગ્યો.

પેલો રથિક ચોરે આપેલું ધન વેચતો હતો તેને રાજપુરુષોએ ચોર ધારીને પકડયો, વલ્કલચીરીએ પ્રસન્નચંદ્રને બધી હકીકત કહીને તેને છોડાવ્યો.

આ તરફ, આશ્રમમાં કુમારને નહીં જોતાં એવા સોમચંદ ઋષિ શોક સાગરમાં ડૂબી ગયા. પછી પ્રસન્નચંદ્રે મોકલેલા દૂતો દ્વારા 'વલ્કલચીરી નગરમાં ગયો છે, એમ જાણીને તેને કંઇ ધીરજ આવી; અને પુત્રનું સ્મરણ કરતા તે અંધ બની ગયા. અનુકંપાવાળા બીજા ઋષિઓ તેમને ફળાહાર આપવા માંડયા. એ રીતે સોમચંદ્ર એજ આશ્રમમાં રહેવા લાગ્યા.

આ પ્રમાણે બાર વરસ વીતી ગયા બાદ એકવાર વલ્કલચીરી કુમાર અર્ધરાત્રે જાગી ગયો અને પિતાને યાદ કરવા લાગ્યો.

'દયા વગરના મારા જેવા પુત્રથી વિખૂટ પડેલા પિતા કેવી રીતે રહેતા હશે ?'

એમ વિચારતો પિતાના દર્શન માટે ઉત્સુક બનેલો તે પ્રસન્નચંદ્ર પાસે જઇને પગે પડી કહેવા લાગ્યો.

'દેવ ! મને રજા આપો પિતાને મળવા માટે ઉત્સુક થયો છું.'

પ્રસન્નચંદ્રે કહ્યું. 'આપણે બે સાથે જ જઇએ.'

પછી તેઓ આશ્રમમાં ગયા. ત્યાં સોમચંદ્ર ઋષિને નિવેદન કરવામાં આવ્યું કે, 'પ્રસન્નચંદ્ર પ્રણામ કરે છે.'

પોતાને પગે પડેલા પ્રસન્નચંદ્રને ઋષિએ પોતાના હાથ વડે પંપાળીને પૂછ્યું, 'પુત્ર ! તું નિરોગી છે ?' પછી વલ્કલચીરીને આલિંગન કરીને લાંબા કાળથી ધારણ કરી રાખેલાં અશ્રુ પાડતાં એ ઋષિના નયન ખુલી ગયાં અને પોતાના બન્ને પુત્રોને પરમ પ્રસન્ન થયેલા

તેમણે જોયા, તથા સર્વ રાજ્યનું કુશળ પૂછયું, લાંબા કાળથી જેની સંભાળ લેવાઈ નથી એવાં પિતાનાં ઉપકરણો કેવાં થઇ ગયાં છે એ તો જોઉં.' એમ વિચાર કરતો વલ્કલચીરી ઝુંપડીમાં ગયો, અને યતિ જેમ પાત્રકેસરિકાથી પાત્ર સાફ કરે તેમ પોતાના ઉત્તરીયથી એ ઉપકરણો સાફ કરવા માંડયો.'

આ જ પ્રકારનું કાર્ય આ પહેલાં મેં કયાં કર્યું છે?' એ પ્રમાણે સ્મરણ કરતાં એ કાળે આવરણના ક્ષયથી તેને જાતિસ્મરણ–પૂર્વજન્મનું સ્મરણ થયું પછી તે પોતાના પૂર્વકાળના દેવ–મનુષ્યના ભવ અને પૂર્વે પામેલું સાધુપણું સ્મરવા માંડયો અને સ્મરીને વૈરાગ્ય પામ્યો. ધર્મ-ધ્યાનના વિષયથી પર બનેલો તથા જેનો વિશુધ્ધ પરિણામ થયો છે એવો તે બીજા શુકલ-ધ્યાનની ભૂમિકા ઓળંગી ગયો અને મોહનીય કર્મ, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મ અને અંતરાયકર્મ જેના ક્ષય પામ્યાં છે એવા તેને કેવળજ્ઞાન થયું અને તે સાધુ બન્યા. પોતાના પિતાને તથા પ્રસન્નચંદ્ર રાજાને તેણે જિનોપદિષ્ટ ધર્મ કહ્યો. જેમને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું છે એવા તે બન્નેએ 'આપે યોગ્ય માર્ગ બતાવ્યો'. એમ કહીને પોતાના મસ્તકથી કેવલીને પ્રણામ કર્યાં. પ્રત્યેકબુધ્ધ જિન કોઈ એક નિમિત્તથી જ્ઞાન પ્રાપ્ત થયું છે, એવો વલ્કલચીરી પિતાને લઈને મહાવીર વર્ધમાનસ્વામીજી પાસે ગયો. પ્રસન્નચંદ્ર પણ પોતાના નગરમાં ગયો.

પોતાના ગણસહિત વિહાર કરતા જિન ભગવાન પોતનપુરમાં મનોરમ નામના ઉદ્યાનમાં સમોસર્યા. વલ્કલચીરીના વચનથી જેને વૈરાગ્ય પેદા થયો છે તથા તીર્થંકરની પરમ મનોહર વાણીરૂપ અમૃતથી જેને ઉત્સાહ વૃદ્ધિ પામ્યો છે, એવા પ્રસન્નચંદ્ર બાળક પુત્રને રાજ્ય ઉપર સ્થાપીને સાધુ બન્યા. જેણે સૂત્ર અર્થ જાણ્યા છે તથા તપ અને સંયમથી જેની મતિ શુધ્ધ બની છે એવા પ્રસન્નચંદ્ર મગધાપુર (રાજગૃહ)માં આવ્યા, અને ત્યાં આતાપના લેતા હતા ત્યારે તારા પિતા શ્રેણિકે તેમને આદર પૂર્વક વંદન કર્યું હતું. હે કુણિક રાજા! રાજા પ્રસન્નચંદ્રે આ પ્રકારે દીક્ષા લીધી હતી.


## જલ્દિ મંગાવી લ્યો !

**ધર્મસંગ્રહ ભાષાંતર**
**ભાગ ૨ જો**

ક્રાઉન આઠ પેજી છસો પેજ, હોલકલોથ પાકું બાઈન્ડીંગ દળદાર ગ્રંથ હોવા છતાં મૂલ્ય **આઠ રૂપીઆ.** મોકલવાનો ખર્ચ અલગ.

ભાષાંતરકાર
**પૂ૦ મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મ૦**
લખોઃ **શાંતિલાલ ચુનીલાલ શાહ**
૧૮૦૫ સુરદાસ શેઠની પોળ, **અમદાવાદ**

## સોના–ચાંદીના વરખ ખરીદવાનું
**વિશ્વાસપાત્ર એકજ સ્થળ**
[ અમદાવાદના જુના અને જાણીતા ]

# એ. વરખવાલા એન્ડ સન્સ

સોના–ચાંદીના વરખ બનાવનાર તથા બાદલા અને કેસરના વહેપારી
હંસરાજ પ્રાગજી હોલ પાસે, ૩૦૪૪, પાનકોરનાકા અમદાવાદ—૧

# વૈશાલિનો અતિથિ

## ( રસ ભરપૂર ઐતિહાસિક કથા )

વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી.

**જે દેશની પ્રજા ઐક્યને ભૂલી, સંપ, સંગઠન કે પરસ્પરના સહકારને ભૂલી જઇ, દેશને ઉન્નત બનાવવા પ્રયત્ન કરે છે, તે દેશ કદિ ઉદય સાધી શકતો નથી. હજારો વર્ષો પહેલાંની આ ઐતિહાસિક કથા આપણને એક સત્ય જરૂર સમજાવી જાય છે કે, દેશના નાયકો જો સાવધ છે, જાગ્રત છે, તેમજ પ્રજામાં જો એકદિલી છે, તો તે દેશનું પતન અટકી જાય છે. છતાં વિલાસ અને એશઆરામ તે દેશની પ્રજાનાં ભયસ્થાનો જરૂર છે. આ ઐતિહાસિક રસભરપૂર કથા મહાગુજરાતના સુપ્રસિદ્ધ લેખક પોતાની અદ્‌ભુત શૈલિમાં અહિં આલેખે છે. વૈદરાજ શ્રી ધામીની 'કલ્યાણ' પ્રત્યે અપૂર્વ આત્મીયતા છે. તે આત્મીયતાથી પ્રેરાઇને તેઓએ આ કથા અમને પ્રસિદ્ધિ માટે મોકલાવી આપી છે. જે અમે અહિં સાભાર પ્રગટ કરીએ છીએ.**

ધન, સત્તા કે યૌવન પ્રાપ્ત કરવાં એટલાં કઠિન નથી, જેટલાં જાળવવાં કઠિન છે.

નાનાં નાનાં સત્તર રાજ્યોએ ગણતંત્રની સ્થાપના કરી. લિચ્છવી રાજપુતોએ પોતાનાં અંગત હિતોને એક તરફ મૂકી સમાનહિતની ભાવનાને મૂર્ત સ્વરૂપ આપ્યું.

સત્તર રાજ્યોમાં વહેંચાયેલી સૈન્યશકિત એક થઈ. રાજ્યોની ટૂંકી સીમાઓ વિસ્તૃત બની. શાસનના વિધવિધ નિયમો એક સાંકળે ગુંથાયા. વર્ષો સુધી એક હથ્થુ રાજાશાહીથી ટેવાયેલી જનતાને પણ પૂર્વભારતના, આ વૈશાલી ગણતંત્રથી નવી હવા મળી.

આમ છતાં એક વિપત્તિનાં મૂળ રોપાઇ રહ્યાં હતાં. બહાદૂર, મરણિયાં અને રણમાં કદી પાછા ન પડનારા લિચ્છવીઓ રંગરાગમાં પ્રમત્ત બનવા માંડયા.

એક તરફ પાનાગારો વધી રહ્યાં.

બીજી તરફ દ્યૂતક્રીડાનાં નિકેતનો પણ વિધવિધ સ્વરૂપે વિકસી રહ્યાં હતાં.

ત્રીજી તરફ નૃત્ય, સંગીત અને નાટકની ત્રિવેણી અષાઢનાં વાદળદળ સમી ગર્જી રહી હતી.

અને ચોથી બાજુ રૂપ લાલસા કામરાગ અને યૌવન પિપાસા કોઇ સંક્રામક વ્યાધિ માફક ફાલી ફુલી રહ્યાં હતાં.

લિચ્છવીઓનું ગણતંત્ર સશક્ત હતું, લિચ્છવીઓ જાગૃત્ત હતાં. વૈશાલી સામે ઉંચી આંખ કરવાની કોઇની તાકાત નહોતી.

છતાં એક સ્વસ્થ અને નિરોગી કલેવરમાં ઉપરનો રોગ જણાતો હતો. એ રોગ આખા કલેવરને એક દિવસ ખતમ કરી નાંખશે એવી કોઇ કલ્પના ધખતા અંગારા જેવા લિચ્છવીઓને આવતી નહિં.

મહાત્મા બુદ્ધ કાળધર્મ પામ્યા હતા.

ભગવાન મહાવીર સર્વ કર્મો ખપાવીને મુક્તિપંથે ચાલ્યા ગયા હતા.

અને ભારતવર્ષના આ બે મહાતત્ત્વજ્ઞાનીઓનાં સર્વશ્રેષ્ઠ ગણાતાં શિષ્યરત્નો સમગ્ર ભારતમાં વિહાર કરી રહ્યાં હતાં.

આર્ય સુધર્મા સ્વામીજી વૈશાલીમાં પધાર્યા હતા. તેઓએ જોયું: જનતા રંગરાગ પ્રત્યે વળી ચૂકી છે. જનતાના રક્ષણ ગણાતા લિચ્છવી નાયકો પણ પાનાગારમાં કે જુગારમાં આનંદપ્રમોદ કરતા હોય છે.

આર્ય સુધર્માસ્વામીએ લોકોને કામરાગ અને રંગરાગ પ્રત્યેથી પાછા વળવાનો ઉપદેશ આપવા માંડયો અને લોકોને આવાં દૂષણોથી દૂર રહેવાનું જણાવ્યું.

પરંતુ દૂષણો જેટલી સહેલાઈથી પાંગરે છે તેટલી સહેલાઇથી નિર્મૂળ થઈ શકતાં નથી.

એક આમ્રપાલિ ધર્મના શરણે ચાલી ગઈ

હતી અને હંમેશ માટે વિલય પણ થઇ ચૂકી હતી.

પરંતુ વૈશાલી ગણતંત્રમાં એવી અનેક રૂપાંગ-ગનાઓ વસંતની બહારની માફક ખીલી ચુકી હતી અને લોકોને રૂપ, મદિરા અને યૌવનની મસ્તીમાં જ જીવનનું સાચું સુખ છે, એ ઉપદેશ આપી રહી હતી.

'ત્યાગ' કરતા 'રાગ'ની વાણી વધારે આકર્ષક હોય છે. છોડવા કરતાં લેવાની ભાવનામાં વધારે આનંદ દેખાતો હોય છે.

ભિક્ષુ સદ્દાલ અને આર્ય સુધર્માસ્વામી વિદાય થયા.

અને વત્સ દેશમાં આવેલાં કાંચનપુરના અતિ બળવાન ગણાતા રાજા ચંદ્રકેતુની નજર વૈશાલીના રોગગ્રસ્ત કલેવર તરફ સ્થિર બની.

ચંદ્રકેતુ બળવાન હતો, સમૃદ્ધ હતો; પરંતુ લિચ્છ-વીઓ સામે લડવા જતાં લોખંડની દિવાલ સામે માથું પછાડવાનું હતું, આમ છતાં ચંદ્રકેતુનાં હૈયામાં વૈશા-લીનું ગણતંત્ર એક શલ્ય માફક ખૂંચી રહ્યું હતું.

એકવાર તેના વયોવૃધ્ધ મંત્રી આર્ય ઋષભદત્તે કહ્યું, 'મહારાજ, આપના હૃદયમાં વર્ષોથી સંચિત બનેલી મનોકામના સિદ્ધ કરી શકાય એવો સમય આવી ગયો છે.'

'મંત્રીશ્વર, આપના કથનનો મર્મ હું સમજી શકયો નહિ' ચંદ્રકેતુએ કહ્યું:

'જે પ્રજા અને જે શાસકો રંગરાગમાં ડુબી જાય છે, તેનું કલેવર બહારથી સુંદર હોવા છતાં અંદરથી ખવાઇ ગયું છે. વૈશાલી ગણતંત્રની આજે આવી જ દશા છે. આપણી હસ્તિસેના વૈશાલીને પગતળે છુંદી નાંખશે.'

'મહામાત્ય, આપ આ કેવી રીતે જણાવો છો ?

ભારતવર્ષના બે સર્વશ્રેષ્ઠ પુરૂષો આર્ય સુધર્મા સ્વામીજી અને ભિક્ષુસદ્દાલ ત્યાં ગયા હતા. લોકોને તેઓએ કામરાગમાંથી નિવૃત્ત થવાનો ઉપદેશ આપ્યો હતો... પરંતુ લોકો એમની ભાવનાને સમજી શક્યા નથી. મૈરેય, વારૂણી, દ્યૂત, સુંદરી અને સંગી-તમાં લિચ્છવીઓ ડૂબી રહયા છે.'

'મહામાત્ય, આમ છતાં એના લોહીમાં જે તેજ પડયું છે તે જ્યાં સુધી ન હણાય ત્યાં સુધી લિચ્છ-વીઓ રણમોરચે પહાડ જેવા હોય છે.'

'મહારાજ, વિલાસ અને આમોદ–પ્રમોદ પ્રજાનુ તેજ અને સત્ત્વ બંને હણી નાખે છે.'

'તો એની તપાસ કરવાનો પ્રબંધ કરવો જોઇએ.' રાજાએ કહ્યું.

'યુવરાજ વિદુરથ આ કાર્યમાં કુશળ છે. યુવરા-જને મોકલીએ. ગુપ્તવેશે જાય અને લિચ્છવીઓમાં તેજ છે કે નહીં તેની ખાતરી કરી આવે.' મહામા-ત્ય ઋષભદત્તે માર્ગ સૂચવ્યો.

'ભલે' રાજાએ સમ્મતિ આપતાં કહ્યું: આ અંગે જે કંઈ સૂચના આપવી ઘટે તે આપ યુવરાજને આપજો.'

: ૨ :

કાંચનપુરનો યુવરાજ વિદુરથ માત્ર વીસ વર્ષનો નવજવાન હતો, બળવાન હતો અને બુદ્ધિશાળી પણ હતો. રાજનીતિ, શસ્ત્રચાલન, હસ્તલાઘવ, સંગીત અને તત્ત્વદર્શનમાં ખૂબજ પ્રવીણ ગણાતો હતો.

રાત્રિની એકાદ ઘટના પછી યુવરાજ મહામંત્રીનાં ભવન પર ગયો. મહામંત્રી ઋષભદત્તે યુવરાજને પોતાની બાજુમાં બેસાડી કહ્યું: 'મહારાજે આપને કંઇ કહ્યું છે ?'

'ના...માત્ર આપને મળવાનું કહ્યું છે.'

'તમારા ઉપર એક કાર્ય મૂકવાનો મેં અને મહારાજે નિર્ણય કર્યો છે.'

'ફરમાવો. હું નિષ્ઠાપૂર્વક કાર્ય પૂર્ણ કરીશ.'

'તમારે વૈશાલી જવાનું છે. મહારાજ વૈશા-લીના ગણતંત્રને નષ્ટભ્રષ્ટ કરવાનાં સ્વપ્ન આજે વીસ વર્ષથી સેવી રહ્યા છે. તમારે ત્યાં જઈને તપાસ કરવાની છે કે લિચ્છવીઓ રણમેદાનમાં શોભે એવા રહ્યા છે કે સુંદરીઓનાં જુથમાં શોભે એવા રહ્યા છે ? તમારે એ પણ તપાસ કરવાની છે કે લિચ્છવીઓની યોજનાશકિત મૈરેયમાં નષ્ટ થઇ છે કે એવી ને એવી રહી છે ! અને તમારે એ પણ ખાતરી કરવાની છે કે લિચ્છવીઓની એકતામાં

આગ ચંપાણી છે કે નહિ ?

'અને એ પણ તપાસ કરી લઈશ કે યુદ્ધની દૃષ્ટિએ એની કઈ બાજુ વધારે કમજોર છે.' યુવરાજે કહ્યું.

'બરાબર છે...પણ આ કાર્ય ગુપ્તવેશે કરવાનું છે.'

'એમ જ થશે.'

'અને ત્યાંનાં ભયસ્થાન વિચાર્યાં છે ?'

'કહો...'

'વૈશાલીનું પહેલુ ભયસ્થાન ત્યાંની નર્તકીઓ છે. યૌવનને આકર્ષવામાં એ એક ભયંકર શસ્ત્રસમી છે.'

'હું એનાથી સાવધ રહીશ.'

'અને ચરપુરૂષો અંતરમાં ઉતરી જાય એવા છે.'

'મારા અંતરના દ્વાર બીડેલાં રાખીશ.'

'તો આવતી કાલે આપે પ્રસ્થાન કરવાનું છે. કોઇને સાથે લીધા વગર.'

'જી.' કહીને યુવરાજે મહામાત્યને નમસ્કાર કર્યા. મહામાત્યે વહાલથી યુવરાજના મસ્તક પર હાથ મૂકયો.

: ૩ :

વાસંતી વૈશાલીની રૂપગર્વિતા નર્તકી !

એક કાળે વૈશાલીમાં આમ્રપાલિ હતી અને નગરીના યુવાનો તથા વૃદ્ધોને પાગલ બનાવતી.

આજ વાસંતી છે.

છેલ્લા છ દિવસથી યુવરાજ વિદુરથ લિચ્છવીના ગણતંત્રની રાજધાની વૈશાલીમાં આવ્યો છે. એક ગ્રામવાસીના વેશે તેણે વૈશાલીના પાનાગારો જોયાં. જુગારઘરો જોયાં, નૃત્યધામો પણ જોયાં.

તે એક પાન્થશાળામાં ઉતર્યો હતો, અને અંતરના દ્વાર બંધ કરીને નિરીક્ષણ કરતો હતો.

આજ તે વાસંતીનાં ભવન પર જઈ પહોંચ્યો.

નૃત્યની મિજલસમાં જનારાઓએ ઓછામાં ઓછી એક હજાર સુવર્ણ મુદ્રાઓ આપવી પડતી હતી. વિદુરથે એક હજાર સુવર્ણ મુદ્રાની થેલી આપીને સ્થાન મેળવ્યું હતું. તે જાણી શકયો હતો કે વાસંતી માત્ર કલાકાર નથી, પણ ભારે વિચક્ષણ છે, બુદ્ધિમતી છે, અને યૌવનતરંગો પર રમતી એક ફુલવેલડી છે.

વિદુરથ એ પણ જાણી શકયો હતો કે વાસંતીના ચરણ ચૂમવા માટે જનતાનો એક ભાગ નથી આવતો. અધિકારીઓ, ગણો અને લિચ્છવીઓ પણ આવતા હોય છે, અને વાસંતીના નૃત્યમાં પાગલ બની જવાનું સૌભાગ્ય માણતા હોય છે.

નૃત્યભૂમિ ઘણી મનોહર હતી. કલાના વિવિધ શણગારથી સર્જાયેલી હતી અને પ્રેક્ષાગૃહ પણ એટલું જ ઉત્તમ હતું. વધુમાં વધુ ત્રણસો માણસો બેસી શકે એવી વ્યવસ્થા હતી. દરેક બેસનારા માટે સુવર્ણની રેખાઓથી મઢેલા આસનો ગોઠવવામાં આવ્યાં હતાં અને દરેક આસનો પર મશરૂની ગાદીઓ બિછાવવામાં આવી હતી.

વિદુરથે ચારે તરફ જોયું, સ્વચ્છતા સુઘડતા અને સુરુચિના દર્શન થતાં હતાં.

તેણે એ પણ જોયું કે આવેલા પ્રેક્ષકો ઉચ્ચ કુલના અને અધિકારી વર્ગના જણાય છે. કેટલાક તો પ્રખ્યાત લિચ્છવી યોદ્ધાઓ પણ હતા.

આમ શાંત ભાવે વિદુરથ નિરીક્ષણ કરતો હતો...હજી નૃત્યભૂમિ પર વાદ્યકારો જ ગોઠવાયા હતા અને એક રાગિણી છોડી રહ્યા હતા. વાસંતી કેવી છે એ હજી જાણવા મળ્યું નહોતું. પણ વિદુરથે એ કશું જાણવાની આવશ્યકતા પણ નહોતી.

અચાનક તેની નજર બાજુમાં આવીને બેઠેલા એક આધેડ પુરૂષ પર ગઇ. એ આધેડ પુરૂષનો પોશાક વિચિત્ર હતો. તેણે રંગબેરંગી પીતાંબર અને ઉત્તરીય ધારણ કર્યાં હતાં અને ફુલની માળાઓ ધારણ કરી હતી, કપાળમાં ચંદનનું તીલક હતું. આ સિવાય કોઇ અલંકારો નહોતા.

પરંતુ વિદુરથને તો આશ્ચર્ય એ વાતનું થયું હતું કે આ માણસને પોતે છેલ્લા છ દિવસથી અનેક સ્થળે જોયો છે. પાનાગારોમાં, નૃત્યગૃહોમાં, દ્યૂતનિકેતનોમાં, વાટે, ઘાટે, પાન્થશાળામાં,.. પોતે જ્યાં જ્યાં ફર્યો છે ત્યાં ત્યાં આ માણસ આવા જ વેશમાં

દેખાયો છે. આવો વિચિત્ર માનવી કોણ હશે ?

વિદુરથે મૃદુસ્વરે પ્રશ્ન કર્યો. 'મહાનુભાવનો પરિચય ?'

'આપ મને ઓળખતા નથી ?' હું વૈશાલીનો લાડીલો કવિ છું... મનના તરંગો પર રમનારો પાગલ છું... વૈશાલીનું એક નાનું બાળક પણ મને ઓળખી કાઢે... પણ આપ વૈશાલીના અતિથિ લાગો છો... શું પહેલી જ વાર આવ્યા છો ?'

'હા...'

'જીવનની મસ્તી અહીંયાં જેવી છે, તેવી આપને ભારતવર્ષના કોઇ પ્રદેશમાં નહિં મળે.' રંગીલા કવિએ કહ્યું.

'હજી સુધી એવી મસ્તી હું નથી જોઈ શકયો,' ઓછા હાસ્ય સહિત વિદુરથે કહયું.

'મિત્ર, તમે વાસંતીને જોઈ નથી... વાસંતી નારી નથી મસ્તીનું ગીત છે... મસ્તીની હવા છે... મસ્તીનો મેરામણ છે.,' કહી રંગીલા કવિએ વિદુરથના ખભા પર પ્રસન્ન ભાવે હાથ મુકયો.

શંખનાદ થયો.

પ્રેક્ષાગૃહ ભરાઇ ગયું હતું. મદભર યૌવનથી મસ્તીના જામ જેવી જણાતી પરિચારિકાઓ હાથમાં મૈરેયનાં પાત્રો લઇને પ્રેક્ષકોમાં ઘૂમતી હતી. પ્રેક્ષકો મૈરેયનું પાન કરતા હતા.

એક પરિચારિકા કવિ પાસે આવી અને મૈરેય ભરેલું એક સુવર્ણપાત્ર આપતાં બોલી: "કવિનો જય થાઓ."

"જય વાસંતીનો." કહી કવિએ મૈરેયનું પાત્ર હાથમાં લઇ વિદુરથ સામે ધરતા કહ્યું; "મિત્ર, આના વગર મસ્તીના દર્શન નહીં થાય."

"ક્ષમા કરો કવિરાજ, હું મૈરેય નથી પીતો."

"ઓહ, ત્યારે તો તમે યૌવનને ઓળખ્યું જ નથી." કહી રંગીલો કવિ હસી પડયો અને ગટગટ કરતો મૈરેય પી ગયો. ત્યાર પછી ફરીવાર પાત્ર ભરાવીને પી ગયો.

પરિચારિકા અન્યત્ર ચાલી ગઈ.

નૃત્યભૂમિ પરનું ધૂમ્રાવરણ દૂર થયું હતું...

વાસંતી ઇન્દ્રની મેનકાને પણ શરમાવે એવી છટાથી આવી ગઇ હતી અને દર્શકો જયનાદ પોકારી રહ્યા હતા.

વિદુરથે વાસંતીના સામે જોયું. આંખમાં ચપળતા હતી, અધર પર યૌવનની સુરખી હતી એના ઉરોજ યૌવનદૂત બનીને એની કાયાનું જાણે રક્ષણ કરી રહ્યાં હતાંi

અને એની ચરણભંગી !

ઓહ ! બધા દર્શકો જાણે પાગલ બની ગયા હતા. પરંતુ વિદુરથ સ્થિર નયને માત્ર દર્શકોનું જ નિરીક્ષણ કરી રહ્યો હતો અને રંગીલો કવિ... હા, એ અવર–નવાર વિદુરથનું નિરીક્ષણ કરતો હતો.

જેમ જેમ નૃત્ય ચગવા માડયું અને રાત જામવા માંડી તેમ તેમ દર્શકો પાગલ બનવા માંડયા.

વાસંતીનો એક ઇશારો ધનુષ્યમાંથી બાણ છૂટે તેમ પ્રેક્ષકો પર છૂટતો અને દર્શકો જાણે ઘાયલ બની જતા.

પણ વિદુરથ આ ઇશારાઓ જોવા નહોતો આવ્યો... એ તો પોતાને જે જાણવું હતું તે જ જોતો હતો. એને લાગ્યું હતું કે, આ રંગરાગ વૈશાલીના નાશનો પાયો સરજી રહ્યા છે. યૌવન, મદિરા અને જુગારની આંધિ એક દિવસે લિચ્છવીઓની તાકાતને ધરતીમાં ભંડારી દેશે.

યુવરાજ લાગણીપ્રધાન હતો. એના દિલમાં એમ પણ થતું કે: આવા સુંદર, દિલાવર અને મસ્ત માનવીઓ ઉપર કોઇ વિપત્તિ ન ઉતરવી જોઇએ. આ લોકો શા માટે રંગરાગમાં પાગલ બની રહ્યા છે ? શા માટે આર્ય સુધર્માસ્વામીજી અને ભિક્ષુ સદ્દાલનો ઉપદેશ લોકહૈયાને સ્પર્શતો નથી ? હા, એનું કારણ વૈશાલીની વાસંતીઓ જ છે. વૈશાલીનાં પાનાગારો છે... વૈશાલીના દ્યુતધામો છે !

નૃત્ય ચગતું હતું... કલરવ થતો હતો. ધન્ય ધન્યનાં પોકારો પડતા હતાં. મૈરેયનાં પાત્રો છુટથી લવાતા હતા. કુશળ વાદકારો ઉન્મત્ત રાગિણી બિછાવી રહ્યાં હતાં.

અને વિદુરથ ભાવના વચ્ચે ખોવાઈ ગયો હતો. એને એ પણ કલ્પનાઓ ન રહી કે બાજુમાં બેઠેલો રંગિલો કવિ કયારે ઉઠીને આલ્યો ગયો છે !

રાત્રિનો ત્રીજો પ્રહર શરૂ થઈ ગયો.

વાસંતીનાં વિધવિધ નૃત્યો લોકોના મન પર મસ્તીના જામ ઠલવી રહયાં હતાં.

અને છેલ્લું નૃત્ય પુરૂ થયું.

વાસંતી નૃત્યભૂમિ પરથી જરા આગળ આવી... તેના હાથમાં ફૂલનો હાર હતો.

નૃત્યાચાર્ય સારંગ ઉભા થયા અને બોલ્યા: 'મહાનુભાવો, આજ દેવી વાસંતી કોઇપણ એક પુરૂષને પોતાના પ્રિય અતિથિ તરીકે આઠ પ્રહર પર્યંત પોતાના ભવનમાં રાખશે.

આ શબ્દો સાંભળીને દર્શકોમાં આનંદની લહેર દોડી ગઇ. લોકો દેવી વાસંતીનો જયનાદ બોલવા માંડયા અને કયો ભાગ્યશાળી આજ દેવી વાસંતીનો અતિથિ બનશે તે જાણવા માટે આતુર બન્યા.

નૃત્યભૂમિ પરથી ઉતરીને મૃગનયના વાસંતી પ્રેક્ષાગૃહમાં આવી.

રંગીલો કવિ પાછો પોતાના સ્થાને બેસી ગયો હતો. વિદુરથને એનો ખ્યાલ ન્હોતો રહ્યો.

વાસંતી પ્રત્યેક દર્શકોને જોતી જોતી આગળ આવી રહી હતી. સહુના હૃદયમાં આશા હતી કે હમણાં જ ફુલની માળા કંઠમાં આવી પડશે.

અને વાસંતી જ્યાં વિદુરથ અને કવિ બેઠો હતો ત્યાં આવી. વિદુરથ સ્વસ્થ ભાવે નીચી નજરે જોતો હતો. સૌમ્યગંધાની સૌરભ વેરતી રૂપરાણી વાસંતી બાજુમાં આવી હોવા છતાં તેણે નેત્રો ઊંચાં ન કર્યાં.

રંગીલો કવિ બોલી ઉઠયો: 'આજ તો આ કવિનાં ભાગ્ય ખૂલ્યાં લાગે છે !'

પણ વાસંતીએ કવિ સામે નજર સરખીયે ન કરતાં ફુલની માળા વિદુરથના ગળામાં આરોપી દીધી.

વિદુરથ એકદમ ચમકયો, બોલ્યો; 'બહેન' આપે આ શું કર્યું ?'

પણ વાસંતીએ તો વિદુરથનો હાથ પકડી લીધો હતો. વિદુરથને ઊઠવું પડયું.

વાસંતી વિદુરથને નૃત્યમંચ પર લઇ ગઇ. વિદુરથ અકળાવા માંડયો... પ્રેક્ષકો પૂછવા માંડયા: 'મહાનુભાવનું શુભ નામ જણાવો. વાસંતીની જેના પર કૃપા વરસી પડી છે તે મહાશયનું નામ જાહેર કરો...'

વિદુરથ સ્વસ્થ ચિત્તે ચારે તરફ જોવા લાગ્યો.

અને રંગીલો કવિ પણ એક ફુલની માળા હાથમાં લઇને નૃત્યભૂમિ પર આવી પહોંચ્યો હતો.

વાસંતીએ વિદુરથ સામે જોઈને પૂછ્યું:, 'પ્રિયતમ, આપનું શુભ નામ જાણવા બધા વ્યાકુળ બન્યા છે.

વિદુરથ મૃદુસ્વરે બોલ્યો: 'બહેન, હું આપનો પ્રિયતમ નથી... એક પરદેશી યાત્રિક છું.'

રંગીલા કવિએ પ્રચંડ અવાજે કહયું: 'આ જુવાન મારો મિત્ર છે. વૈશાલીનો અતિથિ છે...આપ એનું નામ જાણવા માગો છો... પરંતુ એ પોતાનો પરિચય આપતા શરમાય છે. છતાં હું એમનો પરિચય આપું છું. આ ભાગ્યશાળી નવજુવાન છે કાંચનપુરના યુવરાજ આર્ય વિદુરથ.'

વિદુરથ એકદમ ચમકયો.

વાસંતી પણ ચમકી.

રંગીલા કવિએ કહયું: 'આર્ય વિદુરથ અહીં આવ્યા છે એક તપાસ કરવા કે વૈશાલીના ગણતંત્રનો વિનાશ શકય છે કે કેમ ?'

સેનાપતિ જયવર્ધનનો જય ! કાંચનપુર વૈશાલીનું શત્રુ છે. શત્રુપુત્રનો વાસંતીની નૃત્યભૂમિ પર જ અંત આવવો જોઇએ.' પ્રેક્ષકો બોલ્યા.

રંગીલા કવિના વેશમાં ઉભેલા સેનાપતિ જયવર્ધને કહ્યું :' ખામોશ, એ શત્રુપુત્ર નથી; વૈશાલીનો અતિથિ છે. વૈશાલીને પોતાના અતિથિ પ્રત્યે હમેશાં માન રહ્યું છે, યુવરાજ ગુપ્તવેશે આવ્યા છે, પરંતુ તેઓ વૈશાલીના પાદરમાં પગ મૂકે તે પહેલાં જ કાંચનપુરમાં રહેતા મારા ચર પુરૂષે મને માહિતી મોકલી આપી હતી. યુવરાજ વિદુરથ વૈશાલીનાં રંગરાગ જોઈ

ચૂકયા છે... પણ એક વાત તેઓ નથી જોઇ શકયા એ છે લિચ્છવીઓની એકતા... પોતાનું સ્વરાજ સાચવી રાખવાની લગની !'

યુવરાજે કહ્યું; "આર્ય જયવર્ધન, મને ખાત્રી થઈ છે કે વૈશાલીનું સ્વરાજ તમારા જેવા જાગ્રત પુરૂષો છે ત્યાં સુધી અખંડ છે... પરંતુ અહીં જોયા પછી મને આ ગણતંત્રના નાશનો વિચાર નથી આવ્યો... મારા મનમાં એકજ વાત ઘોળાયા કરી છે અને તે આ મહાપ્રજાના રક્ષણની. આ રંગરાગ, આ મસ્તી, આ જુગાર એ બધામાં મને વૈશાલિનો વિનાશ દેખાય છે. આજ વૈશાલીના એક અતિથિ તરીકે હું આપને પ્રાર્થના કરૂં છું કે આપની એકતા અને આપનું જાગરણ, આ ભોગસામગ્રીઓ આગળ વધુ વખત નહિં ટકી શકે.'

જયવર્ધને ફુલની માળા વિદુરથને પહેરાવી અને કહ્યું "મિત્ર, તારી ચેતવણી સાચી છે, પરંતુ આ વિલાસની પાછળ ત્યાગ અને બલિદાન જોઇશે.

અને જયવર્ધન વિદુરથને પોતાના ભવન પર લઇ ગયો.

એકાદ સપ્તાહ પછી જયારે તે કાંચનપુર પાછો ગયો ત્યારે તે વૈશાલીનો મિત્ર બની ચૂકયો હતો.

❋

## પ્રભુ પ્રત્યે પ્રાર્થના

[આગમોધ્ધારક–આરાધનામાર્ગમાંથી.]

जिनेन्द्र ! नान्यत्र सुरे शमाढये नेत्रे प्रसन्नं मुखमस्त्रमन्ध्यौ ।
करौ, न शून्यौ वनिताभिरङ्कः कथं विमुक्त्यै ननु बिम्बमस्य ॥ १ ॥

હે જિનેશ્વર ભગવાન્ ! અન્ય દેવોમાં સમભાવવાળી બે ચક્ષુઓ નથી, પ્રસન્ન મુખ નથી, હથિયારથી શૂન્ય બે હાથ નથી અને સ્ત્રીઓથી રહિત ખોળો નથી, એ દેવોની મૂર્તિ મોક્ષને માટે કેવી રીતે થાય ? અર્થાત ન જ થાય (૧)

दृष्ट्वा जिनेश ! शान्तिर्मे जाता शान्ते तवेक्षणे ।
प्रसन्नमास्यमासीनां पर्यङ्कनाकृतिं शुभाम् ॥ २ ॥

હે વિભુ ! શાન્ત એવાં તમારાં બે નેત્રો, તમારું પ્રસન્ન મુખ અને પર્યંકાસને રહેલી તમારી સુંદર આકૃતિ જોઈને મારા આત્માને શાંતિ થઈ. (૨)

मोक्षाय सद्भिर्निजमात्मरूपं यथा विधेयं तु तथाकृतिं ते ।
दृष्ट्वा स्थिरो जात इहापि मुक्तेर्दशां मदन्तर्यत आनयामि ॥ ३ ॥

સજ્જન પુરુષોએ મોક્ષને માટે પોતાનું આત્મસ્વરૂપ જેવી રીતે કરવું જોઈએ તેવા પ્રકારનું તમારું પ્રતિબિંબ જોઇને હું સ્થિર થયો છું. જેથી આ સંસારમાં પણ મારા અંતરમાં મુક્તિની અવસ્થાને લાવું. (૩)

जिन ! मां त्वदृते कोऽन्यो दिशेन्निस्तारकं भवात् ।
धर्मं यतः परेऽज्ञानाः किं वदेयुः श्रुतं परम् ॥ ४ ॥

હે પ્રભુ ! સંસારસમુદ્રમાંથી તારનાર એવા ધર્મને તમારા વિના બીજો કોણ મને બતાવે ? કારણ કે બીજાઓ અજ્ઞાની હોવાથી ઉત્કૃષ્ટ શ્રુતને શી રીતે કહે ? (૪)

वृत्तं जिनेन्द्र ! ते शुद्धं ज्ञानं तीर्थं च देशनम् ।
सत्यं देवाधिदेवस्त्वं भावाब्धेस्तारकोऽपि च ॥ ५ ॥

હે જિનેન્દ્ર ! તમારું શુધ્ધ વર્તન, જ્ઞાન, તીર્થ અને દેશના છે માટે સાચા દેવાધિદેવ તમે જ છો અને સંસારસાગરમાંથી તારનાર પણ તમે જ છો. (૫)

# મારી અંતરગત માગણી

પૂ. મુનિરાજશ્રી માનતુંગવિજયજી મહારાજ

**હે દેવાધિદેવ!** અરિહંત ભગવાન! તમારા મનમાં હું વસી જાઉં, એ વાત તો અશકય જણાય છે, પણ મારા ચિત્તમાં તમે સદાયને માટે વસી જાઓ તો મારે બીજું કશું જોઇતું નથી.

**હે તારક!** તમારા વિયોગે મારા ચિત્તની વિહ્વળતા, મોહાધીનતા, અજ્ઞાનતા, સંસાર-રસીકતા, પુદ્ગલપરાધીનતા વધતી જાય છે, એથી ચાર ગતિમય સંસારમાં ન વર્ણવી શકાય એવાં કષ્ટો સહ્યાં છે, એનો ચિતાર આંખ સામે ખડો થાય છે, ત્યારે કંપારી છુટે છે, આથી મારા ચિત્તમાં આપનો વાસ સદાયને માટે થાય, એવી મારી અંતરગત માગણી છે.

**હે પરમોપકારી પ્રભુ!** તમારી છાયા પામ્યા પહેલાંની દશાનો વિચાર કરૂં છું, ત્યારે ગભરામણ થઇ આવે છે, એ વિચારે તમારો આશ્રય છોડવાનું જરાય મન થાય તેવું નથી, પણ શું કરૂં? અનાદિ કાળથી પુંઠે પડેલા મોહાદિ વૈરીઓ, તમારો સંગ બળાત્કારથી છોડાવે છે, એ બધાને આઘા કાઢીને; તમારા જ ચરણની શુદ્ધ સેવામાં કયારે રહીશ? અને કયારે સાચા અંતર-આનંદનો અનુભવ કરીશ?

**વિશ્વનાયક જગત બંધુ!** મારી સમય-સમયની સર્વ વાતોને જાણનારા, આપનાથી કશું છાનું નથી. મારી હાલત કેટલી વરણવું? બચાવનાર ન મળે ત્યારે તો લુંટાવું પડે, પણ હું તો, આપની છત્રછાયામાં આવવા છતાં, લુંટાઈ રહ્યો છું, એટલું નહિ પણ આત્મધર્મને લુંટાવવાથી મોહની પોષક કરણીઓમાં મને આનંદ આવી જાય છે, આવી સ્થિતિમાં હું મને કેમ બચાવી શકીશ? આપના આશ્રયનો પૂરો ફાયદો કયારે મેળવીશ?

**ભવભયભંજક ભગવંત!** સંસારના કારમા સુખો દુઃખરૂપ ભાસતા નથી, પુદ્ગલરાગથી આ પામર પ્રાણી પીડાય છે, ધર્મના પ્રસંગો એળે જાય એનું દુઃખ થતું નથી, પણ સંસારમાં કાંઇ વાંકું પડે એ ખટકે છે. આવી અનેક અવળાઇઓને, આચરતો તમારો સેવક, ભયંકર ભવમાં ન ભમે, એવી કાળજી આપેજ રાખીને સદાય કૃપાદૃષ્ટિ રાખવી. પરમ દયાળુ દાસના દોષો સામે નજર ન કરે. ક્ષણ પણ તમો ન વિસરો એજ માગું છું.

# ❀ હિંસાનો દારૂણ વિપાક ❀

## સં૦ સંઘવી ભવાનભાઇ પ્રાગજી–માટુંગા

★

શ્રાવસ્તી નગરી કે જે પુષ્પો અને ફળોના ભારથી નમેલા તરૂવરો વડે શોભી રહી છે. ત્યાં રજતગિરિ વૈતાઢયના શિખર જેવું દેખાતું એક મંદિર છે, કે જે એકસો આઠ સ્થંભો વડે મંડિત થયેલું છે. ત્યાં કનકની સ્તૂપિકા (નાનો સ્તૂપ) છે.

આ તે કયા દેવનું આયતન હશે ? એમ એક પથિક કે જે પૃથ્વીનું પર્યટન કરવા નિકળ્યો છે તે ત્યાં ચડી આવે છે, ને તે જોઇને વિચાર કરે છે.

ત્યાં તેણે શું જોયું ? બ્રહ્માસનમાં બેસાડેલા જાલગૃહની મધ્યમાં રહેલા (કાળા) રિષ્ટમણિ વડે જેની કાયા બનાવેલી છે, અને ઉત્તમ ઇન્દ્રનીલ મણિથી જેનાં શિંગડા બનાવેલા છે તથા (લાલ) લોહિતાક્ષ મણિ વડે જેના નયનોનો વિપુલ આકાર જડેલો છે, મહામૂલ્યવાળા પદ્મરાગમણિ વડે જેની ખરીઓ ઘડેલી છે, અને મહામૂલ્યવાન મુક્તાફળ વડે મિશ્ર કાંચનની ઘુઘરમાળ જેના ગળામાં પહેરાવી છે, એવા ત્રણ પગવાળા મહિષ (પાડા) ની પ્રતિમા જોઇને કોઇપણને આશ્ચર્ય નિપજે જ !

પથિક વિચારમાં પડી ગયો છે કે, આ શું ?

તેવામાં એ જ મંદિરમાં પ્રવેશેલો એક બ્રાહ્મણ બહાર આવ્યો. તેને એ પથિકે પૂછયું કે–

આર્ય ! તમે જાણો છો કંઇ ? શું આ મહિષને રત્નની દુર્લભતાને કારણે ત્રણ પગવાળો બનાવ્યો છે ? કે બીજું કંઇ કારણ છે ? જો તમે મારી જેમ પરદેશી પરોણા જેવા ન હો અને હકિકત જાણતા હો તો કૃપા કરી કહો.''

''એટલે બ્રાહ્મણે કહ્યું;'' ભદ્રમુખ ! એનું કારણ છે, જો હકિકત સાંભળવાની ઇચ્છા હોય તો જરૂર તમને કહીશ. હું આ નગરમાં જ જન્મેલો છું અને ઉછર્યો પણ અહીં જ છું. મારૂ નામ ઇન્દ્રશર્મા નામે બ્રાહ્મણ છે.

ભાઈ પથિક !

ગુણગાન કરતા વિદ્વાનો પાસે મૃગધ્વજનું ચરિત્ર મેં જે પ્રમાણે ઘણી વાર સાંભળ્યું છે, તે પ્રમાણે તમને કહીશ. તે તમે સાંભળો.

જેણે શત્રુ–સામંતોને જીત્યા છે એવો જિતશત્રુ નામે રાજા અહીં હતો. તેને કીર્તિમતી દેવીથી જન્મેલો મૃગધ્વજ નામે પુત્ર હતો, તે વિનિત, વિચક્ષણ, ધીર, ત્યાગી, સુખાભિગમ્ય (જેની પાસે સુખ પૂર્વક સર્વ કોઇથી જઇ શકાય એવો) અને પ્રજાનું હિત કરનાર તરીકે પ્રસિદ્ધ થયેલો હતો. તે જ સમયમાં કુણાલામાં અનેક કોટિ ધનનો અધિપતિ; ઘણા લોકોને બહુમાન્ય તથા રાજા જિતશત્રુના બીજા શરીર જેવો કામદેવ નામે શ્રેષ્ઠિ હતો.

કોઈ એકવાર શરદઋતુનાં પ્રારંભકાળે ઉત્તમ કનકના જેવા કપિલ રંગનાં બંધાયેલાં કણસલાના ભારથી લચી પડેલાં શાલિવનો–ડાંગરના ખેતરો તથા વિકાસ પામેલાં કમલોના રસમાં લોલુપ ભમરાઓના આનંદયુક્ત ગુંજારવ વડે શબ્દાયમાન પદ્મ સરોવર જોતો જોતો રમત કરતાં વાછરડાં અને તાજી વિયાયેલી ગાયોના હુંભારવ વડે અનુનાદિત ગોપી જનોના મધુર ગીતસાગરના ગંભીરતર શબ્દ વડે જેનું સ્થાન સૂચિત થતું હતું એવા પોતાના ગોકુલમાં પહોંચ્યો, ત્યાં કુસુમ વડે ધવલ, ભમરાઓના મધુર ગુંજારવ વડે શબ્દાયમાન સપ્તવર્ણ વૃક્ષની પાસે તે ઉભો રહ્યો.

ગોકુલના અધિકારમાં નિયુક્ત થયેલો દંડકનામે મનુષ્ય તેની પાસે આવ્યો તેની અનુમતિથી બધા ઉભા રહ્યા: તિંદૂસકના મંડપમાં રહેલા તેની પાસે ગોવાળિયાઓ ગોકુલને યોગ્ય ભોજન લાવ્યા. ભોજન કરીને પછી કામદેવ દંડકની સાથે ગાયો અને ભેંસોની વાતો કરતો બેઠો. ત્યાંથી થોડેક દૂર એક પાડો ફરતો હતો તેને દંડકે બોલાવ્યો..

'ભદ્રક ! જલદી આવ ! મારા અને તારા સ્વામી આવ્યા છે. તેમની પાસે આવ.' તે પાડો આ વચન સાંભળતાંની સાથે જ શ્રેષ્ઠિ પાસે ભદ્રક (પાડો) આવ્યો, દેખાવમાં તે પાડો ભય પમાડનારો હતો

પણ શેઠની પાસે બેઠેલા દંડકે કહ્યું,

'આ તો ભલો છે. માટે ડરશો નહીં.'

પછી તે પાડો જીભ બહાર કાઢીને માથું નમાવીને ઘુંટણીએ પડયો. કામદેવે ગોપને પૂછયું.

'આ પાડો આવી રીતે કેમ પગે પડયો? જો જાણતો હોય તો કહે.'

તે બોલ્યો સ્વામી? મરણથી ડરનારો તે છે. સાધુના ઉપદેશથી મેં તેને અભય આપ્યું છે, હવે તમારી પાસે તે અભય માગે છે.

શેઠે વિચાર્યું, જેને જીવન પ્રિય છે એવો આ તિર્યંચ અવશ્ય જાતિસ્મરણવાળો હશે, આમ વિચારીને તેણે (કામદેવે) કહ્યું;

આ ગોકુલમાં તું નિશ્ચિન્તપણે રહે, તને કંઈ ભય નથી.'

એટલે તે પાડો ઉઠીને સુખપૂર્વક ફરવા લાગ્યો.

કેટલાક દિવસ પછી શેઠ નગરમાં ફરવા નીકળ્યો. ભદ્રક પાડો પણ તે જાણીને પાછળ જવા લાગ્યો શેઠના નોકરો તેને અટકાવવા લાગ્યા, પણ શેઠે કહ્યું.

'ભદ્રક ભલે આવે, જો તેની ઇચ્છા હોય તો મારી સાથે નગરમાં તેને આવવા દો. એની રક્ષા કરજો, કોઇ તેને પીડા કરે નહીં.'

પછી કામદેવ અનુક્રમે નગરમાં પહોંચ્યો. ઘેર આવીને તેણે કૌટુમ્બિક પુરૂષને આજ્ઞા કરી.

'વલ્લભ! અશ્વને જે ખોરાક આપો છો તેજ કંઇ પણ વિચાર કર્યા વગર ભદ્રકને પણ આપજો.

પછી ભદ્રક અનિયંત્રિતપણે શેઠના ભવનમાં રહેવા લાગ્યો.

એકવાર ભદ્રકે સાંભળ્યું કે, 'શેઠ રાજદરબારમાં જાય છે.' આથી તે પણ શેઠની પાછળ દોડયો. ગભરાયેલા લોકો કહેવા લાગ્યા.

'પાડાના રૂપમાં રહેલા આ યમનો દૂરથી જ ત્યાગ કરવો–તેનાથી દૂર નાસી જવું.' કામદેવ રાજદ્વારે પહોંચ્યો. પ્રતિહારે માણસોને આજ્ઞા આપી.

'આ પાડાને અંદર જતો અટકાવો.'

શેઠે કહ્યું.

'આ તો ભદ્રક છે, ભલે પ્રવેશ તેને અટકાવશો નહીં,'

પછી પાડો અંદર પ્રવેશ્યો. તેની નજરે રાજાને જોયા એટલે તે તેને પગે પડયો,

શેઠ રાજાને પ્રણામ કરીને બેઠો, એટલે રાજાએ તેને પૂછયું.

આ પાડો શાથી આ પ્રમાણે રહેલો છે. એટલે પ્રણામ કરે છે?' ત્યારે શેઠે રાજાને કહ્યું:

'આ ભદ્રક મહિષ આપની પાસે અભય માગે છે. "રાજાએ વિસ્મય પૂર્વક તેને જોયો અને કહ્યું.

તિર્યંચ યોનિમાં પણ આ એક આશ્ચર્ય છે. પછી રાજાએ કહ્યું.

'ભદ્રક? તને અભય આપવામાં આવે છે, જા, જનપદો સહિત મારી નગરીમાં તું સુખ પડે તેમ વિચર.'

પછી રાજાએ અમાત્યને આજ્ઞા આપી કે–

'નગરીમાં એવો ઢંઢેરો પિટાવો કે, જેને અભય આપવામાં આવ્યું છે, એવા એ ભદ્રક મહિષનો જે કોઈ અપરાધ કરશે એટલે કે મારો ભલેને જ્યેષ્ઠ પુત્ર હશે તો પણ મારે માટે તે સજાને પાત્ર છે.

અમાત્યે એ પ્રમાણે રાજાની આજ્ઞા–ઢંઢેરો પિટાવીને જાહેર કરી. પછી મહિષ રાજભવનના આંગણાંમાંથી નીકળ્યો.

"ખરેખર આ ભદ્રક–ભલો છે, એ પ્રમાણે લોકોમાં પણ તે પ્રસિદ્ધિ પામ્યો. તેના શિંગડા ઉપર વળગીને ક્રીડાપૂર્વક ભુસકા મારતા બાળકો વડે તે હેરાન થતો હોવા છતાં જાણે પોસ્તમય–લેપ્ય કર્મનો બનાવેલો તે હોય તેમ તે કોઇને પણ પીડા કરતો નહોતો."

શેઠના ઘરમાં તો તે પ્રિય પુત્ર જેવો થઇ પડયો હતો. અને ગુરૂને ઘેર જેમ શિષ્ય રહે તેમ તે રહેતો હતો, ફરતો હતો અને સુખપૂર્વક ફરીને રાત્રિના સમયે તે પાછો આવતો હતો.

એકવાર મૃગધ્વજ કુમાર પોતાના પરિવાર સહિત

ઉદ્યાનની શોભા અનુભવીને નગરમાં પાછો આવતો હતો. તેણે નિશ્ચિંતપણે ફરતા ભદ્રક મહિષને જોયો પછી તેને જોવામાત્રથી જેને રોષ ઉત્પન્ન થયો છે, એવા મૃગધ્વજે તલવાર મ્યાનમાંથી કાઢીને તેના એક પગ ઉપર ઘા કર્યો.

ક્રોધયુક્ત એવો તે ફરીવાર પ્રહાર કરવાને ઇચ્છતો હતો, પણ તેના માણુસોએ પગે પડીને તેને તેમ કરતો અટકાવ્યો.

'દેવ ! આ પાડાને મહારાજાએ અભય આપ્યું છે, માટે એનો વધ કરવાનું તમારા માટે યોગ્ય નથી; જવા દો.'

પછી આનાકાની પૂર્વક અટકીને તે નગરીમાં આવ્યો. અને પોતાના ભવનમાં જઈ રહ્યો. પાડો ત્રણ પગે ચાલીને દુઃખપૂર્વક અનાથ સ્થંભ આગળ પહોંચ્યો. જેમને અનુકંપા થઇ છે એવા લોકોએ તેને જોયો અને તેઓએ હાહાકાર કરી મૂકયો.

અહો ! અકાર્ય થયું છે કે—બીચારા નિરપરાધી ભદ્રકની આ દશા કરવામાં આવી છે.

જેમણે કારણ જાણ્યું છે એવા અધિકારીઓએ નિર્દેશ પૂર્વક રાજાને નિવેદન કર્યું કે—

સ્વામી ! જેને આપે અભય આપેલું છે એવા એ ભદ્રક મહિષનો એક પગ કુમારે કાપી નાંખ્યો છે. ત્રણ પગે ચાલીને તે મહિષ અનાથ સ્થંભ પાસે આવીને ઊભો રહ્યો છે. આ બાબતમાં આપ સ્વામીની આજ્ઞા અમારે પ્રમાણ છે.

એટલે ક્રુદ્ધ થયેલો રાજા કહેવા લાગ્યો, આ અપરાધમાં કુમાર મારે વધ્ય છે. જે મારા શાસનનો ભંગ કરે તેવા માણસોનું મારે કામ નથી (તાડના) મસ્તક ટોચ ઉપરની સૂચિ-શૂળનો નાશ થાય તો તાડનો પણ નાશ થાય છે.'

અમાત્યે વિનંતિ કરી કે, 'સ્વામી ! દેવી વિનંતી કરે છે કે—છેલ્લે પુત્રને હું અલંકાર પહેરાવું,' માટે તેમના ઉપર કૃપા કરો અને માતાની ઇચ્છા પૂરી કરવા દો. બાકી આપે આજ્ઞા કરી છે તે પ્રમાણે તો કુમારનું જીવન હવે રહ્યું નથી, માટે દેવીને વધ્ય સત્કાર કરવાની રજા આપો.

રાજાએ કહ્યું; 'ભલે એમ કરો પણ તેને જલદી પાછો લાવજો.'

કુશળ અને બુદ્ધિશાળી એવા તે મંત્રીએ રાજાની નજર ચુકાવીને કુમારને એકાન્ત કોઠામાં લઇ જઇને વૈરાગ્ય માર્ગને લગતી કથા સંભળાવવી શરૂ કરી. તેણે મૃગધ્વજ કુમારને કહ્યું.

"કુમાર ! હિંસાનું પ્રત્યક્ષ ફળ તમે જોયું ?"_ જે મનુષ્ય અનાચારમાં રક્ત છે, તે 'હું અહિંસક છું,' એમ કહે તે સત્યવાદી કેવી રીતે ગણાય ?

માટે જીવોનું સ્વરૂપ જાણનાર અને સંયમને હાનિ પહોંચે નહિં તેવી રીતે તપ કરતા સંત પુરુષો જ મહાનિર્જરાવાળા અને નિર્વાણને યોગ્ય થાય છે.

અથવા તો એ સાધુ પુરૂષોજ મહર્દ્ધિક દેવોમાં ઉપપાત પામે છે.

"કુમાર ! તમે રાજાને પ્રાણથી પણ પ્રિય હતા. એ પિતાએ વાત્સલ્યભાવે તમારૂં લાલન-પાલન કર-કરવામાં કશી પણ ખામી રાખી નથી. પણ એક ક્ષણમાં એ હિંસાના પાપના વિપાકને કારણે જ તમારો વધ કરવાની આજ્ઞા કરી છે."

મહાનુભાવ ! નિર્દય અને નૃશંસ એવા જે જીવો માંસ, રૂધિર, હૃદય, દાંત, પુચ્છ, પિત્ત વગેરે મેળવવા માટે ખેચર, જળચર અને સ્થળચર પ્રાણીઓ ઉપર પ્રહાર કરે છે, નિરપરાધીઓ ઉપર ક્રોધ કરે છે અને અન્યના દુઃખમાં આનંદ માને છે, અને જે નિર્દય કલુષિત ચિત્તવાળાઓ, બાળક, વૃદ્ધ અને શરણાગતોને દુઃખ દે છે તેઓ કાળ કરીને કર્મની ગુરુતાને કારણે નરકમાં જાય છે. એ નરકો કેવાં છે ? તે સાંભળો.

'શ્રવણ કરવામાં પ્રતિકૂળ, જળ ભર્યાં વાદળાંઓ વડે છવાએલી કૃષ્ણપક્ષની અમાવાસ્યા જેવાં અંધકાર-મય, ભયજનક, રૂદન અને પ્રલાપોથી ભરપુર, સડેલા માંસ જેવા દુર્ગંધમય, વીંછીના ડંખ સમાન દુઃસહ અને કર્કશ સ્પર્શવાળા તથા જેમાં બહુ મુશ્કેલીથી ગતિ કરી શકાય એવાં હોય છે.

નરકનામ-આયુ કર્મના ઉદયકાળે, તે સમયે અનિષ્ટતર, અવ્યક્ત મનુષ્ય દેહ જેવા કૂબડા, દુઃખ-

ભાજન અને ખરાબમાં ખરાબ એવા અશુભ દેહને તથા તે ભવને યોગ્ય પાંચ પર્યાપ્તિઓને પ્રાપ્ત કરીને પાપના લેપથી મલિન અને જેની ઉપમા આપી શકાય નહીં એવા ટાઢ, તાપ તથા ભૂખ-તરસની વેદનાથી કલેશ પામતા જીવો દીર્ઘકાળ સુધી ત્યાં દુઃખ પામે છે. એ ગહન અંધકારમાં એક નારકને બીજા ચાલતા નારકનો સ્પર્શ થાય તે વડે અથવા ભયંકર શબ્દ વડે તે જાણી શકે છે કે–

બીજાઓ પણ અહીં છે! માત્ર જિનેશ્વરદેવોના જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાનોત્પત્તિના સમયે જ્યારે શુભ પુદ્ગલના પરિણામ વડે જગત પ્રકાશિત થયું હોય ત્યારે તેઓ એક બીજાને જોઇ શકે એવો પ્રકાશ ત્યાં પડે છે. અવધિવિષયથી પરસ્પરનો પૂર્વજન્મનો વૈરાનુબંધ જોઇને શૂલ, દંડ, મુશળ, નારાચ વગેરે હથિયારો વિકુર્વીને તેઓ એક-બીજાને મારે છે.

પ્રહારથી ઘવાયેલાં શરીરવાળા તેઆ મૂર્ચ્છા પામીને ક્ષણવારમાં પાછા સ્વાભાવિક-સાજા થઈને નખ અને દાંત વડે એકબીજાને પીડા આપે છે. તથા ક્રોધે ભરાયેલા અને અમર્ષથી જેમના દેહ જળી રહેલા છે, એવા તથા પાપ કર્મી તેઓ પુરાણા વૈરની યાદ આપતા એકબીજાનો વધ કરે છે. વધ કરવા વડે હર્ષિત થયેલા પરમાધાર્મિક અસુરો નરકાવાસમાં પ્રવેશ કરીને ક્રીડાનિમિત્તે આ પ્રમાણે કરે છે.

માંસપ્રિય મનુષ્યોને કાતર વડે અનેક પ્રકારે કાપે છે, માંસમાં આસક્ત એવા તેઓને પોતાના જ માંસને તપાવેલ સીસા અને ચાંદીનાં રસાયણોના રસમાં તેને ભૂંજે છે, (પૂર્વજન્મના) દુષ્ટ વધ કરનારાઓ કર્કશ વચનો વડે પોતાનાં દુઃખ કહેતા કોહુત્તય, કૂટશાલ્મલી અને લોહ કંટક (એ નામના વૃક્ષ વિશેષો) વડે આકુળ-વ્યાકુળ થઇને કકળાટ કરતા કરૂણ વિલાપ કરે છે. ત્યારે એવા એ વિલાપ કરનારાઓને વાલકો (એ નામના નરકપાલો) તેને બહાર ખેંચી કાઢે છે, ચીસો પાડતા એવા તેઓને વૈતરણી નામની તીરે પ્રદેશવાળી નદી કે જે હરિયાળાં વૃક્ષો વડે રમ્ય લાગતી હોય છે તે બતાવે છે' અને કહે છે કે–

'આ શીતળ જળ પીઓ;' પછી પ્રસન્ન થતા તેઓ પૂર્વે જેણે દુષ્કૃત્ય કર્યાં છે એવા પણ ચાલવાને તદ્દન દુર્બલ એવા એ નારકોને અંદર ફેંકે છે; અસિ-પત્ર નામે અસુરે બનાવેલું નયન મનોહર અસિપત્ર વન તે નારકોને તેઓ બતાવે છે; પતંગિયાં જેમ દીપશિખામાં પ્રવેશ કરે તેમ તીક્ષ્ણ તલવારો અને શસ્ત્રોથી ભરેલા એ પત્રવનમાં તે "નારકો" ફરવા લાગે છે. પણ ત્યાં પ્રવેશ કર્યાં પછી ક્ષણવારમાં જ તે પણ તેમને દુઃખ કરનારૂં થાય છે.

જેઓ અહીં (મનુષ્યલોકમાં) જીવોને નિર્દયપણે મારતા હતા તેવાઓ તે પવનની ઝપટથી પડતાં પાંદડાં વડે ગાત્રો કપાઈ જતાં શરણ રહિત બનીને ફાટયા સ્વરે આક્રંદ કરે છે.

ત્યારે બીજા શ્યામ અને શબલ નામના પરમાધાર્મિકો ઘોર ભયંકર રૂપવાળાં ઢંક અને કંક પક્ષિઓ ઉત્પન્ન કરીને (તેમની પાસે) નારકોના શરીરની ખેંચાખેંચી કરાવે છે.

'હે સ્વામી બચાવો!' એમ બોલતાં એ નારકોને વાલુકામાં રગદોળે છે, આગના ભડકા વિકુર્વીને હસતા એવા તેઓ તેમાં તેને સળગાવે છે, પરદારામાં પ્રીતિ રાખનારા નારકોને નરકપાલો બુદ્ધિ વડે નિર્મિત થયેલી અગ્નિવર્ણ સ્ત્રીઓ સાથે આલિંગન કરાવે છે.

આ પ્રમાણે નરકનું સ્વરૂપ સાંભળતાં મૃગધ્વજ કુમારને 'મેં આ પ્રકારનું દુઃખ પૂર્વે ક્યાંક અનુભવ્યું છે?' એવો વિચાર આવતાં તેની આખી કાયા અને ગાત્રો કંપ્યાં' રોમાંચ ખડાં થયાં અને માર્ગણા-ગવેષણા કરતા તેને તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી જાતિસ્મરણ જ્ઞાન થતાં જાણે કે, એ દુઃખ તેની સમક્ષ વર્તમાન હોય એમ માનતો તે મૂર્ચ્છા પામ્યો.

થોડીવાર પછી સ્વસ્થ થતાં તે અમાત્યને કહેવા લાગ્યો.

"આર્ય! નરકનું આવું સ્વરૂપ છે એમ તમે શી રીતે જાણો છો?"

'મંત્રીએ કહ્યું;" કુમાર મેં એ શાસ્ત્રથી જાણ્યું છે. વીતરાગના એ ઉપદેશ ઉપર શ્રદ્ધા રાખવી જોઇએ.

જે મનુષ્ય રાગ-દ્વેષ યુક્ત દુષ્ટ કે મૂઢ હોય ને કાર્ય સાધન નિમિત્તે કે અજ્ઞાનથી સાચું-જુઠું બોલે, પણ જે રાગ-દ્વેષ અને મોહથી રહિત તથા વિમલ-વિપુલ જ્ઞાની હોય અને જે કૃતાર્થ થયા હોય તેઓ બીજાને રાગ-દ્વેષ રહિત ઉપદેશ કરતાં સર્વાંશે અનવદ્ય એવું સત્ય જ બોલે;'' પછી મંત્રી કહેવા લાગ્યા કે-

કુમાર શ્રી! ''વિનયપૂર્વક નમેલા સુર અને અસુર વડે જેમનાં ચરણ કમળ પૂજાયેલાં છે, એવા સર્વજ્ઞ અને સર્વદર્શી શ્રી નમિ નામે અરિહંત અહીં હતા. તે ભગવાને કેવલજ્ઞાન વડે સારી રીતે જોયેલો ચાર ગતિ-નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ-ગતિવાળો સંસાર કહ્યો હતો. જેણે આસ્રવનું દ્વાર રોકયું નથી એવો, કષાયને વશ પડેલો અને જિનેશ્વરનાં વચનરૂપ અમૃતપાનને નહીં પામતો જીવ આ જન્મ, મરણ, રોગ, શોક, વધ અને બંધ વડે બહુલ સંસારમાં ભમે છે.

જે હેતુઓથી તેવાઓ ભમે છે, અને જે એની સ્થિતિ છે, અને જે અનુભવે છે, નરક-તિર્યંચમાં જે પુષ્કળ દુઃખ છે, દેવ-મનુષ્યમાં જે કલ્પનામાત્ર સુખ છે, અને જે રિદ્ધિઓ છે તે બધું સર્વભાવદર્શી ભગવાને વિસ્તારથી વર્ણવ્યું હતું. સંસારમાં પણ મોક્ષ નિર્વાણના માર્ગને પ્રાપ્ત થયેલા જ્ઞાનીનું, અને સંયમમાં અને તપમાં ઉદ્યમ કરતા તથા જેણે કર્મ-મળ ખપાવ્યો છે એવા શુદ્ધ ભવ્ય જીવનું સિદ્ધિ વસતિમાં ગમન કેવી રીતે થાય છે, (તે પણ તેણે કહ્યું હતું) આ મારૂં ગુરૂપરંપરાગત જ્ઞાન છે, નરકગતિનું તેમાંથી કિંચિત્ માત્ર વર્ણન મેં તમારી આગળ કર્યું છે.''

આ બધીએ હકિકત સાંભળીને મૃગધ્વજ કુમાર અમાત્યને કહે છે; ''આર્ય! જે તમે નરકનું સ્વરૂપ કહ્યું તે સર્વ મેં અનુભવ્યું છે. જે તમે શાસ્ત્રાધારે કહો છો તે સાચે જ સર્વજ્ઞને અનુમત છે; એમાં સ્હેજ પણ શંકા નથી.

હવે હું ફરી નરકમાં કેવી રીતે ન પડું અને જન્મમરણની ઘટમાળમાંથી કેવી રીતે ઊગરી શકું તે મને કહો.'' એટલે સંતુષ્ટ થયેલો મંત્રી બોલ્યો;

અરિહંતનું વચન સત્ય જ હોય છે. એ પ્રમાણે ભાવથી રૂચિ રાખીને જે પહેલાં તો (મનસા, વાચા, કર્મણા) ત્રિવિધ યોગથી હિંસાથી વિરત થાય છે, પરિમિત, અનવદ્ય અને સત્ય બોલે છે, આપેલી અને કલ્પતી વસ્તુને શરીરને ટકાવવા નિમિત્તે જે ગ્રહણ કરે છે, પોતાના દેહમાં પણ મમત્વ રહિત બનીને જે બ્રહ્મચારી રહે છે. પોતાના વિષયોમાં આસક્ત એવી ઇન્દ્રિયોને રોકીને ક્રોધ, માન, માયા અને લોભનો ક્ષમા, માર્દવ, આર્જવ અને સંતોષ વડે પરાજય કરીને, તપને વિષે બળને ગોપવ્યા વગર ઉદ્યમ કરે છે. તેને આસ્રવનો રોધ થવાથી નવો કર્મસંગ્રહ થતો નથી. અને પુરાણા કર્મની તપવડે નિર્જરા થાય છે, તેથી કર્મરજ દૂર થઈ ગઈ છે એવો તે કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં પરમપદને પામીને સિદ્ધ અને અવિચ્છિન્ન સુખનો ભાગી થાય છે. મૃગધ્વજ કુમારે તે અવસરે કહ્યું:

''આર્ય! આવો સદુપદેશ આપવા વડે તમે મારા ઉપર અતિ ઉપકાર કર્યો છે. હવે જો પિતાશ્રી મારા અપરાધની ક્ષમા આપતા હોય તો (જેણે દુઃખ સમુદાયનો પ્રત્યક્ષ અનુભવ કર્યો એવા) મારે સંસારના કોઈપણ ભોગોનું કંઈ કામ નથી. હું જો મરણ પામીશ તો પણ સર્વોત્તમ ગતિને પામીશ. હવે હું પોતાની મેળે જ દીક્ષા અંગીકાર કરૂં છું. અને લોચનો આરંભ કરૂં છું.

'અમાત્યે કુમારનો દૃઢ નિશ્ચય જાણીને પોતાના સેવકને આજ્ઞા કરી.

'મારે ઘેર જા અને રજોહરણ, પાત્ર તથા ઉપકરણો જલદી લાવ.'' તે માણસ તાબડતોબ મંગાવેલી વસ્તુ લઈને આવ્યો પછી જેણે કેશ અને આભરણ દૂર કર્યાં છે એવા એ મૃગધ્વજ રાજકુમારને એ અમાત્યે રજોહરણ અને પાત્ર આપ્યાં, અને કહ્યું કે-

'કુમાર! તમે સીમંધર અણગારના શિષ્ય છો, હું વ્રતોચ્ચારણ કરૂં છું.' પછી જેણે સામાયિક કર્યું છે એવા તેને રાજાની પાસે લઈ જવામાં આવ્યો. માત્ર ઓઢવાનાં વસ્ત્ર અને શુદ્ધ ચીવરથી યુક્ત તથા જેણે પૂર્વ દેહાર્ધ ઢાંકેલો છે એવા પરિવર્તન પામેલા

પુત્રના શરીર સામે દૃષ્ટિ કરી અને રાજા વિચારવા લાગ્યો કે–

અહો ! આ તેજસ્વી શ્રમણ શા કારણથી મારી પાસે આવે છે ? વિચાર કરે છે ત્યાં તો અમાત્યે રાજાને પગે પડીને વિનંતિ કરી.

'સ્વામી ! શ્રમણ વધ્ય કે અવધ્ય ? એટલે પાસે ગયેલા અને શ્રમણ રૂપમાં રહેલા મૃગધ્વજને બાષ્પ પૂર્ણ લોચનો વડે પિતાએ જોયો અને હર્ષ પામ્યો તેથી જેના રોમાંચ થયાં છે એવા તેણે અમાત્યને આલિંગન આપ્યું કે–

'અહો ! તું મહામતિ છે. પ્રિય અમાત્ય ! તમે મારી આજ્ઞા લોપાય નહીં, એવી રીતે પુત્રવધમાંથી મને મુક્ત કર્યો છે. અને મને કૃતાર્થ બનાવ્યો છે. તમારી અકળ બુદ્ધિ માટે મને ઘણું જ માન ઉપજે છે અને સાથે સાથે હર્ષ પણ એટલો જ થાય છે કે મારા રાજશાસનને દીપાવનારા એવા તમે મંત્રિરત્ન મને પ્રાપ્ત થયા છો જે મારૂં અહો ભાગ્ય છે.

પછી પુત્ર મૃગધ્વજ કુમારને રાજાએ અર્ધાસન ઉપર બેસાડયો અને આંસુ સારતાં કહ્યું કે, સુપુત્ર ! તારી પ્રવજ્યા તો થઈજ, પણ હવે તું રાજ્યાભિષેકનો સ્વીકાર કર, તો હું પ્રધાન થાઉં." કુમારે કહ્યું:

"તાત ! રાજ્યમાં અથવા કોઇ પણ વિષયોમાં મને હવે લોભ કે મોહ નથી રહ્યો. નરકલોકની ભયજનક વેદનાઓથી હું ભયભિત બન્યો છું." માટે મને રજા આપો.

પછી રાજાએ કહ્યું; ભાઇ તું વૃદ્ધાવસ્થામાં તપશ્ચર્યા કરજે, પણ અત્યારે તો સર્વ ઉત્તમ ભોગ તું ભોગવ. તારા માટે ઋદ્ધિ સિદ્ધિ અખૂટ છે, એટલે કુમાર બોલ્યો.

પિતાજી ! જેમનો જીવનકાળ નક્કી ન હોય તેમને માટે જ એ ભોગવિલાસ યોગ્ય છે, પણ અનિત્યતા વડે ઘેરાએલાઓ માટે એ યોગ્ય નથી.

તાત ! બળતા ઘરમાંથી નીકળી જવા કોઈ સમયની રાહ જોતું નથી.

એ જ પ્રમાણે દુઃખાગ્નિ વડે બળતા લોકોમાં સર્વજ્ઞે ઉપદેશેલ સંયમરૂપ નિર્ગમ માર્ગ પ્રાપ્ત થયા પછી મારે પ્રમાદમાં કાળક્ષેપ કરવાનો ન જ હોય. માટે હવે મને વિના વિલંબે રજા આપો. એટલે મૃગધ્વજને અવિચળ એવો તપસ્વી જાણીને રાજા કહેવા લાગ્યો.

પુત્ર ! જો તારો એ જ નિશ્ચય હોય તો હું તારો નિષ્ક્રમણસત્કાર–દીક્ષામહોત્સવ કરૂં; એથી મને જરૂર શાંતિ થશે.

કુમાર કહે છે; "પિતાજી ! મને સત્કારથી હર્ષ નથી, મૃત્યુથી વિષાદ નથી, રાજાએ કહ્યું.

પુત્ર ! ધર્મના વિષયમાં ઇક્ષ્વાકુઓને માટે આ ઉચિત ચેષ્ટા છે, એવો મારા હૃદયમાં નિશ્ચય થયો છે.

પુત્ર ! તું વીતરાગના માર્ગ ઉપર રહેલો છે તેથી પૂજા અને નિંદામાં તું ભેદ જાણતો નથી, પણ હું તો તારો સત્કાર કરીશ જ." પછી રાજાએ કૌટુમ્બિક પુરૂષોને આજ્ઞા આપી "એક હજાર પુરૂષો વડે ઉપાડાતી શિબિકા અને કુમારના સ્નાન અને ભદ્રાસન–અલંકરણની સામગ્રી જલદી લાવો." તેઓએ આજ્ઞા પ્રમાણે હાજર કર્યું, પછી કનક, રત્ન અને માટીના ૧૦૮ કળશ વડે સ્નાન કરાવવામાં આવ્યું પણ મૃગધ્વજ કુમાર તો કાષ્ટના બનેલા પુરૂષને જેમ વસ્ત્ર અને આભરણથી અંગને આભૂષિત કરવામાં આવ્યું હોય તે પ્રમાણે એક ધ્યાનમાં જ રહ્યા હતા. દેવ વિમાન જેવી શિબિકામાં તેઓ બેઠા. જેના ઉપર કનકના દંડવાળું ધવલ છત્ર ધરવામાં આવ્યું છે તથા બન્ને બાજુએ ચામર ઢોળવામાં આવે છે એવા સિંહાસન ઉપર તેમને બેસાડવામાં આવ્યા છે. પરિવાર સહિત પિતા જેની પાછળ આવતા હતા એવો નગરજનોનાં નયનકમળની માળાઓ વડે અનુસરાતો, પ્રાસાદતલ ઉપર રહેલી અને 'સુપુરૂષ ! ધર્મમાં તને અવિઘ્ન થાઓ,' એમ બોલતી સુન્દર યુવતીઓની પુષ્પવૃષ્ટિ વડે ઢંકાતો, તૂર્ય–નિનાદથી દશે દિશાઓને પૂરતો તથા રાજાની આજ્ઞાથી થતી ભૂષણ અને વસ્ત્રની વૃષ્ટિને અવિસ્મિતપણે જોતો તે અનુક્રમે નગરની બહાર પ્રીતિકર ઉદ્યાનમાં આવી પહોંચ્યો. વસંતઋતુની જેમ તે (ઉદ્યાન) માં પ્રવેશ્યો. શ્રી સીમંધર અણગાર તેની નજરે પડયા એટલે શિબિકામાંથી તત્કાળ નીચે ઉતર્યો પછી જિતશત્રુ રાજાએ ત્રણ પ્રદક્ષિણા પૂર્વક વંદન કરીને, સીમંધર અણગારને શિષ્ય ભિક્ષા આપી એટલે સામાયિકવ્રતોચ્ચાર પૂર્વક તે મૃગધ્વજ કુમાર સાધુ થયા. (ક્રમશઃ)

# જયારે દરિદ્ર દુર્ગિલ કોટ્યાધિપતિ બને છે!

સં૦ પૂ૦ મુનિરાજ શ્રી જયપદ્મવિજયજી મહારાજ

**દાન ખરેખર જીવનનો મહાન સદાચાર છે. ભોગવનાર કે સાચવી રાખનાર કાંઇ લઇ જતો નથી પણ મળેલી સંપત્તિનો સદુપયોગ કરનાર ભવોભવનું ભાથું બાંધી, સ્વયં તરી જાય છે. દાનધર્મના આવા લોકોત્તર પ્રભાવને કહેતી આ પ્રાચીન કથા મનનીય છે.**

*

**જયારે** ભોગદેવને કેવળી ભગવંતે કહ્યું કે, 'દાનનું ફળ શું? તે જાણવા માટે વિશાલપુર નગરમાં સંચયશીલ શેઠના દુર્ગપતાકા નોકરને પૂછો'. એટલે ત્યાંથી ભોગદેવને ત્યાં જઇ તપાસ કરતા દુર્ગપતાકાને મરણ પામે નવ મહિના થયા હતા. જેથી ત્યાં તપાસ કરવા રહ્યો.

એક દિવસ સંચયશીલની પત્નીએ પુત્રને જન્મ આપ્યો. દાસી શેઠને પુત્રજન્મની વધાઇ આપવા ગઇ.

શેઠે સારૂં થયું. એમ કહીને દાસીને વિદાય કરી. બક્ષીસ આપી નહી. આજુબાજુના દુકાનદારોએ કીધું કે–તમારે પુત્ર આવ્યો ને કાંઇ બક્ષીસ કેમ ન આપી? શેઠ કહે કે સ્રી પુત્રનો જન્મ આપે એમાં શું નવાઇ છે? ઊલટો ખર્ચો વધશે! સંચયશીલ સાંજના ઘેર ગયો. ત્યારે સંબંધીઓએ તથા સ્ત્રીએ પુત્રજન્મ ઉત્સવ કરવા કીધું, પરંતુ ઉપરનો જવાબ આપી ચિંતામાં ને ચિંતામાં રાતે કાળ કરી ગયો.

પછી અવસરે સ્ત્રીએ રીવાજ પ્રમાણે કારજ કર્યું. તે સંચયશીલનો જીવ તેજ નગરમાં નાગીલ નામના જન્મદરિદ્રીને ઘેર તેની નાગિલા નામની ભાર્યાની કુક્ષિમાં ઉત્પન્ન થયો.

જન્મથી જ પિતા–માતાને અનિષ્ટ હોવાથી તે ખેદ ઉપજાવતો હતો, કદિ પણ હર્ષ ઉપજાવતો નહોતો, અને મોટા કલેશથી કાળ નિર્ગમન કરતો હતો.

આ બાજુ એક સારા દિવસે ધનસુંદરીએ બધા કુટુંબીઓને જમાડી પુત્રનું નામ ધનદત્ત પાડયું. કુમાર બહુ પ્રયત્ન વડે લાલન–પાલન કરાતો ૭–૮ વર્ષનો થયો, ત્યારે એક ઘેરથી બીજે જતાં પરિચિત વસ્તુઓ જોતાં તેને એમ થયું કે:–

આવું મેં કોઇ વખત જોયું છે અને અનુભવ્યું છે."

તે પ્રમાણે એક ધ્યાનથી વિચારતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી પૂર્વભવનાં અનુભવે તે સર્વ પ્રત્યક્ષપણે તે જાણવા લાગ્યો. પછી પોતે એક દુહો જ્યાં ત્યાં બોલતો. તેનો ભાવ એ હતો કે–જો મુનિવરને દાન આપે, તો રંકને પણ સહજ રીતે તેર કરોડ ધન મળે.

ફરતા ફરતા એક એક દિવસ ભોગદેવને ત્યાં દુહો બોલ્યો એટલે ભોગદેવે પૂછ્યું:

અરે ધનદત્ત! તું આ શું બોલે છે અને તેનો અર્થ શું?

ધનદત્ત:– "દુર્ગતપતાકા નામે મારા પિતાને ઘેર મારો જીવ નોકર હતો, હું અને મારી સ્ત્રી રાત્રી દિવસ ઘરકામ કરતા. કોઇ કામ પ્રસંગે બીજા શેઠના ઘેર જતો, ત્યાં ગોચરી માટે સાધુઓને આવતા તથા શેઠીયાને તેમને ભક્તિપૂર્વક આહાર પાણી વગેરે વોહરાવતા જોતો. સાધુઓ નિર્દોષ લાગે તો સ્વીકારતા. દોષિત લાગે તો લેતા નહીં. જેથી જે ઘેર સાધુઓ આહારગ્રહણ કરતા તેઓ મનમાં અતિશય આનંદ પામતા. તે સર્વ જોઇને હું વિચારતો કે:–

અહો! આ મહાપુરુષો પરમ નિઃસ્પૃહી છે, કારણ આવા મોટા શેઠીઆઓ બહુ માન વડે આપે છે, તો પણ મહાસ્વાદિષ્ટ એવા

મિષ્ટાન્ન પણ ગ્રહણ કરતા નથી, અને કોઇને ત્યાંથી લૂખો તથા નિરસ આહાર લે છે. તેમનો અવતાર ધન્ય છે, અને આ દાનપ્રિય ગૃહસ્થોને ધન્ય છે કે જેઓ પોતાને ખાવા યોગ્ય વસ્તુઓ વહોરાવીને આવા સત્પાત્ર મુનિઓને ધર્મ કરવામાં સહાયક થાય છે.

મેં તો પૂર્વ જન્મમાં કાંઇ આપ્યું નથી, તેથી મારે પેટ ભરવું પણ દુષ્કર છે. હું મહાપાપી છું, આવો અવસર મને ક્યારે મળશે કે જે વખતે હું દાન આપી શકીશ ? સાધુઓને દેવા યોગ્ય આહાર મારી પાસે ક્યાંથી હોય ? મારા ઘેર સાધુ મુનિરાજ ક્યાંથી પધારે !

જો દાન આપવાનો મારો મનોરથ ફળે તો રાજ્યપ્રાપ્તિ જેટલો જ હું આનંદ માનું; પણ એવું મારૂં ભાગ્ય ક્યાંથી ?'

આવી રીતે ભાવના ભાવતા કેટલોક સમય ચાલ્યો ગયો.

એક વખત લગ્નગાળામાં હું એક પરિચિત ગૃહસ્થના ઘર પાસેથી નીકળ્યો, ત્યારે શેઠે મને બોલાવ્યો ને કહ્યું; "અરે દુર્ગપતાકા હું તને જમવા નોતરૂં આપું છું, પણ તારો શેઠ માનશે નહિ, કારણ અવસરે મારા નોકરને જમવા બોલાવવા પડે માટે; પરંતુ તારી સાથે મારે ઘણી પ્રીતિ છે તેથી આ ઉત્તમ સુખડી લે, અને ચિત્તની પ્રસન્નતાથી તે ઘેર જઇને ખાજે."

આમ કહીને સ્નેહ વડે તેણે તેને સારી રીતે તૃપ્તિ થાય તેટલી ઉત્તમ સુખડી આપી. તે લઇને માર્ગમાં આવી અદ્‌ભુત સુખડી જોઈને હું વિચારવા લાગ્યો.

"મારો મનોરથ પુરો થાય તેવો યોગ છે. આ સુખડી નિર્દોષ છે, પ્રશસ્ત અને શુધ્ધ છે, જો સાધુ મુનિરાજનો સંયોગ મળે, તો ભક્તિ કરૂં."

આ ભાવનાથી રસ્તામાં જોતા જોતા મારા પ્રબળ પુણ્યના યોગથી એક મહાતપસ્વી મુનિને તપશ્ચર્યાના પારણે ગોચરી માટે જતા મેં જોયા. મને અતિશય હર્ષ થયો અને ઉલ્લાસથી સાધુ પાસે જઇ બે હાથ જોડી વિનંતિ કરીઃ

'સ્વામિન્ ! કૃપાનિધાન આ ગરીબ સેવક ઉપર કૃપા કરો અને આ શુદ્ધ આહાર ગ્રહણ કરી, મારો નિસ્તાર કરો.' સાધુએ નિર્દોષ આહાર અને ખૂબ જ ભાવ જોઇ પાત્ર ધર્યું.

મારી ઘણા દિવસની ભાવના સફળ થવાથી ભક્તિથી બધી સુખડી મેં વોહરાવી. પછી મેં તે મહર્ષિની સ્તુતિ કરતાં કહ્યું; કૃપાનિધાન ! તમે ધન્ય છો, તમારો અવતાર ધન્ય છે, મને ખરેખર તમે સંસારકૂપમાંથી તાર્યો છે, કારણ કે મુનિના દર્શનથી જ કરોડો ભવના પાપ નાશ પામે છે. ફરી કૃપા કરશોજી.' એ દાનની ખુબ ખુબ અનુમોદનાં કરી હું ઘેર ગયો.

તે વખતે મારા શેઠાણી ધનસુંદરી પીયરમાં જમણવારમાં જતી હતી, હું પણ તેની સાથે ગયો. ત્યાં મને ધનસુંદરીએ ખૂબ જમાડયો. જેથી રાત્રે અજીર્ણ થયું. તે વખતે મેં મારા જીવનમાં એક જ વખત કરેલ મુનિદાનની ખુબ અનુમોદના કરી કાળ કરી આજ મારા શેઠાણી ધનસુંદરીનો ધનદત્ત પુત્ર થયો. અને એ દાનના પ્રભાવે જન્મતાં જ ૧૩ કરોડનો સ્વામી થયો છું. મુનિદાનનો કેટલો પ્રભાવ છે. !

એક દિવસે ગણધર નામે અતિશય જ્ઞાનવંત સાધુએ જ્ઞાનથી જોઇને તે ધનદત્તને કહ્યું. કે:– તારા પિતા સંચયશીલ કાંઇ પણ દાન આપ્યા વગર અને ભોગવ્યા વગર અનેક પાપો કરી નાગિલ દરિદ્રીનાં ઘેર પુત્રપણે જન્મ લઇને દુઃખ ભોગવે છે. પછી ધનસુંદરીએ નાગિલને નોકરી રાખીને સુખી કર્યો.

# ...રે ! કેવો સ્વાર્થી સંસાર....

—પૂ૦ મુનિરાજ શ્રી ગુણાકરવિજયજી મહારાજ

✶

સંસારમાં રોજ બનતા કિસ્સાઓમાંથી સમજી શકાય છે કે, પોતાનાં જ સંતાનો પોતાના પિતાનું ખૂન કરે છે. પોતાની કુક્ષીથી જ ઉત્પન્ન થયેલી છોકરી જ પોતાની માતાનું ખૂન કરે છે. સ્ત્રી પતિનું ખૂન કરે છે. પતિ સ્ત્રીનું ખૂન કરે છે. ભાઇ બહેનનું ખૂન કરે છે. બહેન ભાઇનું ખૂન કરે છે. આ કોનું પરિણામ છે ? વાચકો ! વિચારી શકશો કે, દુનિયા સ્વાર્થમાં લિપ્ત છે. સ્વાર્થ સધાતો હોય ત્યાં સુધી સંબંધ રાખવા સ્નેહી લોકો તૈયાર છે. પણ સ્વાર્થને જરામાત્ર ધક્કો લાગે ત્યારે ભયંકર અને અમીત દુશ્મનાવટ કરવા તૈયાર થઇ જાય છે. આ બધું સ્વાર્થ કરાવે છે, સગી મા પોતાના છોકરાનું બુરૂં ન ચાહે પણ મૃત્યુ સમયે એ જ જનની યમરાજને પોતાનો છોકરો દર્શાવે છે.

એક વખત ૮૦ વર્ષની વૃદ્ધ ડોશીનો ૩૦ વર્ષનો ભરયુવાન લાડકવાયો પુત્ર માંદો પડયો. તેને સન્નીપાત થયો હતો. દવાદારૂ કરવા છતાં, અસંખ્ય પૈસાનું પાણી કરવા છતાં તેને આરામ થતો ન હતો. માતા રોવે.... કલ્પાંત કરે કે, મારી આંધળીની લાકડી ચાલી જશે, મારી સંભાળ કોણ લેશે ?

સમય વહેતા પુત્રને આરામ થવા લાગ્યો. નિત્યક્રમે એ પોતાના ઓરડામાં અને માતા બીજા ઓરડામાં સુતા હતાં. બારણા બારી દ્વારા ઠંડી મધુર હવા આવી રહી હતી. ઘરમાં દીવો ઝાંખો પ્રકાશ પાથરતો હતો. આંગણાંમાં એક ભેંસ બાંધી હતી. તે છૂટીને અંદર આવી ગઇ. ડોશીમા બેબાકળા બની ગયા. તેઓ વિચારવા લાગ્યા કે, 'અસલના બૈરાં વાત કરતાં હતાં કે, માણસ મૃત્યુના સમયની નજીક હોય ત્યારે પ્રાણ લેવા યમરાજ આવે છે.' તો મારે ઘેર પણ યમરાજ જ ન આવ્યા હોય ? તેને ખાત્રી થઇ કે જરૂર યમરાજ આવ્યા છે ! ભેંસ અંદર પેઠી, અને ડોશીમાના ખાટલા પાસે ઉભી રહી. ડોશીમાને ખાતરી થઇ કે યમરાજ મારા પુત્રને બદલે મને જ લઈ જવાના. તે મારા જ ખાટલા આગળ કેમ ઉભા રહ્યા ?

જે ડોશી એક સમય પુષ્કળ રોતી, કલ્પાંત કરતી, છોકરા વિના કેમ જીવાશે એવો પ્રશ્ન વિચારતી તે જ ડોશી યમરાજ કદાચ મને જ લઇ જશે તો એમ વિચારી હાયપીટ કરવા લાગી. ડોશીના સાલ્લાનો છેડો નીચે લટકતો હતો. ભેંસ તે છેડો મોંમાં પકડી ખેંચવા લાગી. ડોશીને મનમાં થયું કે, 'યમરાજ મારો જીવ લઈ જશે' આવો નિર્દય અને નિષ્ઠુર વિચાર કરી સુતી સુતી યમરાજને વિનવવા લાગી. યમરાજ મારો માંદો પુત્ર અંદર છે. અને આ સાજી તંદુરસ્ત ડોશીને ક્યાં લઇ જાઓ છો ? 'પોતાના પુત્ર તરફ ઘાતકીપણું બતાવનાર સ્વાર્થી નિષ્ઠુર ડોશીને પોતાનો આત્મા કેવો વહાલો છે ? તે હાથે કરીને યમરાજને પોતાનો પુત્ર બતાવી પોતે બચવા પ્રયત્ન કરે છે. આ પરથી સંસાર કેટલો સ્વાર્થી છે. તે તમે સમજી શકશો.

✶

એક વખતની વાત છે. બે મિત્રો ફરવા નીકળ્યા છે. તેઓ તળાવને કિનારે ગયા. ત્યાં ઢોરો પાણી પીતાં હતાં. પુરુષો સ્નાન કરતા હતા. સ્ત્રીઓ કપડાં ધોતી હતી. નવિન પ્રવીણને કહે છે, 'મનુષ્ય તથા પ્રાણીઓને તળાવ પ્રત્યે કેટલો અનહદ પ્રેમ છે.' પ્રવીણે કહ્યું, 'આ

બધાને તળાવ પ્રત્યે પ્રેમ નથી પણ એમાંના નીર પ્રત્યે પ્રેમ છે.' નીર છે ત્યાં સુધી તળાવને ચાહે છે પછી નહીં.' તેઓ આગળ ચાલ્યા. એક ઝાડ નીચે પથિકો અને પ્રાણીઓ બેઠા છે. નવિને પૂછયું, 'આ લોકો કોની સગાઈથી અહીં બેઠા છે?' પ્રવીણે કહ્યું; ઝાડની સગાઈથી નહીં પણ એની છાયાની શીતળતાની સગાઈથી બેઠા છે. એ જો ન હોય તો એ પણ ન હોય.

વિચારો! તળાવમાં પાણી નથી તો મનુષ્ય કે પ્રાણી શું? ચકલી સરખી પણ ન હોય! ઝાડની છાયા ન હોય તો પથિક કે પ્રાણી શું? કોઇ નાનકડું પંખી પણ ન હોય. (ઝાડની નીચે) કયાં ગઇ તેમની સગાઇ? કયાં ગયો તેમનો પ્રેમ? કંઇ નહીં જ્યાં સ્વાર્થ સધાતો હોય ત્યાં બધું છે. નહિતર કંઇ નહીં, મતલબ દુનિયા જ સ્વાર્થી છે.

*

બે સગા મિત્રો છતાં એક બીજાની વાત માને નહીં. નવિન કહે; ખોટી વાત છે, મારા માતા-પિતાનો સ્વભાવ એવો છે કે તેઓ મારા માટે ઘણી જ મમતા ધરાવે, મારા વિના પ્રાણ જાણે ન જતો હોય!' પ્રવીણે કહ્યું, 'એમ માનતો હોય તો તું ખોટી ભ્રાંતિમાં ન રહેતો. તું ઘેર જઇ એકદમ બેહોશ થઈ જજે. પછી હું કહું તેમ કરજે!' નવિને તેમ કબુલી ઘેર જઈ બેહોશ થઇ પડી ગયો. માતા, પિતા, ભાઇ, ભગિની પ્રાણપ્રિય પત્ની સહુ દોડી આવ્યા. ને ગભરાઇ ગયાં ને બોલવા લાગ્યાં કે, 'નવીનને શું થયું છે? કોઈ કહે, ભૂત વળગ્યું છે. કોઇ કહે છે કે ચોટ લાગી છે. જેટલા માણસ તેટલી વાતો થવા લાગી. અને એ તો આપણે સર્વત્ર જોઇએ જ છીએ કે બીમાર માણસની ચિંતા, મદદ, સલાહ અને આશ્વાસન બદલે ઠેકડી ઉડાવે છે.

વૈદ્યોને જો માણસ બતાવવામાં આવે તો પિત્ત, વાત, કફ કહે, જોશીને બતાવે તો તે શની, મંગળ ને રાહુની દશા બેઠી છે એમ કહે, વૃધ્ધ ડોશીને બતાવવામાં આવે તો કહે કે ભૂત વળગ્યું છે, વળગાડ વળગ્યો છે. ભૂવાને બતાવે તો કહે કે કોઇએ એના પર કામણ કર્યું છે, મુનિવરોને બતાવે તો કહે કે પૂર્વ કર્મનો ઉદય છે.

માતા-પિતાએ પુત્ર માટે ઘણાં ઉપચાર કર્યાં. પણ કશો ફેર ન પડયો. માંદો સાજો થાય પણ સાજો સાજો ન થાય. એટલામાં એક સાધુ જતા નજરે પડયા, એમને પણ નવીન પાસે લઈ ગયા. (સાજો કરવા) સાધુને કહ્યું: અમારો નવીન માંદો પડયો છે. બીના સાંભળ્યા બાદ સાધુએ એક કટોરામાં દૂધ મંગાવ્યું. દૂધમાં એલચી, બદામ, પીસ્તા, કેશર નંખાવ્યું અને તેના શરીર ઉપર કટોરો ઉતાર્યો. બાદ તેને પકડી સાધુએ કહ્યું; જો નવીનને બચાવવો હોય તો તેના શરીર પરથી ઉતારેલો દૂધનો કટોરો પીવો પડશે, પીવાથી નવીન સાજો થશે. અને પીનાર મરી જશે.' આ શબ્દો એઓના કર્ણ પર અથડાતાં સ્થિર થઇ ગયા. વાહલામાં વાહલી પ્રેમદા (નવીનની સ્ત્રી) કહે, મારી વય ન્હાની છે, મારા મા-બાપને કોઇ નથી. તેમનું કોણ કરે?'

બાપ કહે, 'હું મરી જાઉં તો દુકાનનો વેપાર કોણ કરે?' મા કહે, 'મારે છોકરા-છોકરી પરણાવવાનો લહાવો લેવાનો છે. (૬૦-૭૦ વર્ષની ઉંમરે પણ ડોશીમાને પરણાવવાનો લહાવો લેવાની હોંશ છે!) પેલા સાધુએ કહ્યું,

(છોકરાની માને) 'તમે તો હવે મૃત્યુ કિનારે છો. જીવી જીવીને કેટલું જીવવાના ? છ થી બાર માસ માટે. તમે પી જાવ. તમારો ભર-યુવાન પુત્ર બચી જશે. છોકરો પથારીમાં સૂતો સૂતો સાંભળ્યા કરે છે. કોઇ જ્યારે દૂધ પીવા તૈયાર ન થયું ત્યારે સાધુએ કહ્યું, 'હું જ પીઉં.' આ સાંભળી બધા ખુશ થયાં. કારણ કે સાધુ જોડે એઓનો કંઈ સંબંધ ન હતો, ને જોત-જોતામાં સાધુ દૂધ પીતાંની સાથે નવીન બેઠો થઇ ગયો. તે જોઇને માતા, પિતા, સ્ત્રી વગેરે સ્નેહીઓ તેની પાસે ગયાં. પણ નવીને તરત સંભળાવ્યું કે, તમે લોકો સ્વાર્થના સગા છો. સ્વાર્થી છો ! દૂર જાઓ ! અને નવીને આ અનહદ માયાનગરી સંસારને છોડી શાશ્વત પરમ સ્થાન મોક્ષ પ્રાપ્ત કરવાનો (દીક્ષા) માર્ગ લેવા નક્કી કર્યું. પેલા સાધુ તે તેનો મિત્ર પ્રવીણ જ હતો. બીજો કોઇ નહીં. અંતે બન્ને જણે વૈરાગ્ય પામી અસાર અને સ્વાર્થી સંસારનો ત્યાગ કરી દીક્ષા લઈ, આત્મકલ્યાણ સાધ્યું.

આ પરથી દરેક આત્માએ વિચાર કરવો જોઇએ કે, સહુ સ્વાર્થના સગા છે. જ્યાં સ્વાર્થ સધાતો હોય ત્યાં બધા ખડે પગે હાજર હોય પણ જ્યાં સ્વાર્થ ન સધાતો હોય ત્યાં એક ચકલું સરખું ય ફરકતું નથી. સગા માત-પિતા પણ સ્વાર્થમાં લિપ્ત છે, તો આપણે પણ સ્વાર્થીપણું છોડી નિઃસ્વાર્થીપણું કેળવી આપણી જીવનરૂપી નાવને ભવસમુદ્રમાંથી પાર કરી શાશ્વત મોક્ષપદને મેળવવા સફળ પ્રયત્ન કરવો જોઇએ.


## पवित्र सुगंधी अगरबत्ती, जैन बाइओना हाथे वणेली.

मंदिरमां ने घेर वापरवा लायक तेमज घणा वरसोथी जाती देखरेख नीचे ऊत्तम चीजोथी बनावेली ज अगरबत्ती दक्षिण, महाराष्ट्र, सौराष्ट्र, गुजरात, मारवाड, मुंबई, कच्छ, खानदेश, कलकत्ता, मद्रास, मध्यप्रदेश, मध्यभारत वगेरेना मोटा शहेरोमां कायम अमारी अगरबत्ती, वासक्षेप अने धुप वपराय छे.

अढार अभिषेकनी पुडीओ, गंगाजळ, शत्रुंजयनदीनुं, सुरजकुंडनुं जल तथा भगवान प्रवेशनो तथा शान्तिस्नात्रने लगतो सामान, केसर-सुखड-बरास-वाळाकुंची-वरख-बादला (सोनेरी-रूपेरी) वगेरे मले छेः

महेन्द्र ब्रधर्स जैन सुगंधी भंडार ८३९ शुक्रवार पेठ, आदिनाथ चोक पुना. २

## जैन भाइओने खुश-खबर

केशर, कस्तुरी, अंबर, बरास, कपुर, दशांगधुप, सोना-चांदीना वरख, बादलुं, कटोरी, अगरबत्ती सुखड तथा दरेक जातना उंचा पीपरामूळ, अेलची, अने माळ-प्रतिष्ठा वगेरे पवित्र अनुष्ठानोमां वपराती वस्तुओ अमारे त्यांथी खात्रीपूर्वक अने न्याजबी भावे मळशे. अेक वखत अमारी दुकाने पधारी खात्री करवा विनंती छे.

टेलीफोन नं. २७५२

शाह शांतिलाल ओधवजीनी कुं०

२१७, जुमामस्जीद, मुंबइ-२

# ० फूल अने फोरम ०

**पू० पंन्यासजी प्रवीणविजयजी गणिवर***

## कोनी आज्ञा वधु लाभदायी ?

पांच पच्चीशनो पगार आपनार शेठनी नोकरीमां नियमित जाओ छो. नियमित आवो छो. तेमनी दरेक आज्ञाओ खुशीथी उठावो छो. ज्यारे देव अने गुरुनी आज्ञा माटे मोटे भागे बेदरकार रहो छो, पण विचार करो के कोनी आज्ञानो अमल वधु लाभदायी छे ?– दीर्घ दृष्टिथी विचार करशो तो सत्य वस्तु हाथ लाग्या विना नहि रहे.

## विना मुडीनो धंधो.

दुनियामां कोइ पण धंधो करवो हशे तो मुडी (पैसा) विना नहि चाले. नोकरी करवी होय तो कोईनी भलामणनी पण जरूर रहे छे. ज्यारे धर्मनी कोइ पण क्रियामां पैसानी जरूर पडती नथी माटे वगर मुडीनो कोइ धंधो होय तो ते धर्मनो धंधो छे.

## धर्मक्रियाओए तमारुं शुं बगाडयुं छे ?

सुवानी, बेसवानी, खावानी, पीवानी, ओढवानी, पहेरवानी, हरवानी, फरवानी, रसोइ करवानी, टट्टी जवानी, न्हावानी, धोवानी, गप्पा मारवानी आदि अनेकविध व्यावहारिक क्रियाओने करनाराओनुं धर्मक्रियाए शुं बगाडयुं हशे, के जेथी तेओ धर्म क्रियाओनो निषेध करे छे. अने मात्र ज्ञाननी ज पुष्टि करे छे.

"ज्ञान–क्रियाभ्यां मोक्षः" आ सूत्रने हृदय-पट उपर लखी राखो, तो बन्नेनी पोतपोताना स्थाने आवश्यकता जणाशे.

## प्रगति के पीछेहठ ?

सोजाथी जाडुं बनेलुं शरीर जेम मजबुत कही शकातुं नथी, सन्निपातना रोगीनी शांति ए जेम साची शांति कहेवाती नथी.

तेम—

वैभव–विलासमां, हुन्नर–उद्योगमां के धन-धान्यमां आगळ वधवुं ए कांइ साची प्रगति कही शकाती नथी. परंतु पीछेहठ कही शकाय छे.

ज्यारे—

सुदेव, सुगुरु अने सुधर्मनी सेवा साथे तेमनी आज्ञानो शकय अमल करी आत्माने जन्म, जरा अने मरणना बंधनमांथी मुक्त करवा माटे करातो प्रयत्न ए ज साची प्रगति कही शकाय छे.

## अहिंसानुं पालन कयारे ?

अहिंसाना पालन माटे जीवोनी जातिनुं ज्ञान प्राप्त करो. द्रव्य हिंसा अने भाव हिंसाना स्वरूपने समजो. चैतन्य दृष्टिए बधा ज आत्माओ एक सरखा छे एम श्रद्धा पूर्वक मानो, अन्य आत्माओने आपणी अनुचित कार्यवाहीथी उत्पन्न थता दुःखना अनुभवनो चितार तमारा हृदयमां खडो करो. अन्यने मारीने जीववुं ए पण मरवा बरोबर छे एम समजो दयाना झराने तमारा हृदयमां वहेतो राखो त्यारे ज अहिंसानुं पालन सुलभ बनशे. मात्र अहिंसा परमो धर्मः ए वाकयवाळा लाकडाना लटकता बोर्डथी अगर खादीना कपडा उपर बोल्ड टाइपथी लखायेल धजा फरकाववाथी कदी अहिंसानुं पालन थवानुं नथी.

## तमो ज गुमावी रह्या छो.

आधुनिक शिक्षणमां खुब आगळ वधेला केटलाक घमंडी आत्माओ बोली रह्या छे के हमो देव, गुरु अने धर्मने मानता नथी....

આવું અણવિચાર્યું બોલનારાએ સમજવું જોઇએ કે તમો તેમને નહિ માનો તેથી તેઓને કાંઇ જ ગુમાવવું પડતું નથી, પરંતુ અનંત કાળના પરિભ્રમણ પછી સુદેવ, સુગુરુ અને સુધર્મની સેવા કરવાની મળેલી સોનેરી તકને તમારા મિથ્યાભિમાનના કારણે તમો જ પોતે ગુમાવી રહ્યા છો. આ નક્કર સત્ય કોઈએ ભૂલવા જેવું નથી.

## પરલોક નિકળ્યો તો પછી શું ?

પરલોક છે કે નહિ ? એવી શંકાને ધારણ કરનારાએ પણ દુરાચાર આદિ પાપોનો ત્યાગ કરવો જરૂરી છે. કદાચ પરલોક ન નીકળ્યો તો દુરાચારના ત્યાગીને અને સદાચારનું પાલન કરનારને કશું જ નુકશાન નથી. પરંતુ જો પરલોક નીકળ્યો તો નાસ્તિકના જ બાર વાગવાના છે. આ વાત નાસ્તિકે ભૂલવા જેવી નથી. મોરારજી મીલની ચાદર ઓઢીને પોક ન મૂકવી પડે એ હેતુથી પરલોક છે, એમ શ્રધ્ધા રાખી શકય ધર્મ–કર્મમાં તત્પર રહેવાની જરૂર છે.

## નુકશાન કોને ?

હંસ જ્યાં જ્યાં જાય, ત્યાં ત્યાં તે સ્થાનને શોભાવે છે. તે સ્થાન છોડવાથી હંસને કશું જ નુકશાન નથી. પરંતુ જે સરોવર સાથે તેમનો વિયોગ થાય છે, તે સરોવરને નુકશાન જરૂર છે. તે જ મુજબ સાધુ પુરુષો જ્યાં જાય ત્યાં તે સ્થાનને શોભાવે છે. પરંતુ તેમનો સમાગમ છોડી તેમની સેવાનો અને વાણીશ્રવણનો લાભ જેઓ લેતા નથી, તેમને મોટું નુકશાન છે. વ્યાપારમાં આવતી નુકશાની કરતા આ નુકશાની ઘણી મોટી છે. એ ભૂલવા જેવું નથી.

## રોતીથી અને પીઅરીયા મલ્યા

આજ કાલ ધર્મમાં ઘણા ઝગડારગડા ચાલે છે એટલે હમોં દહેરાસરે કે ઉપાશ્રયે જતા જ નથી. આવું બોલનારાઓ સંસારમાં અનેકવિધ ઝઘડાઓ ચાલી રહ્યા છે, છતાં સંસારને છોડતા નથી. એટલે વાસ્તવિક પૂછીએ તો જેમને ધર્મક્રિયાઓ ગમતી નથી તેમને એક જાતનું આ બ્હાનું (નિમિત્ત) મલ્યું છે. બાકી ધર્મક્રિયા કરવી હોય તો સર્વસમ્મત મતભેદ વિનાની અનેક ક્રિયાઓ જૈનશાસનમાં છે. પણ જેમને કાંઇ કરવું જ નથી તેઓ ઉપરની કહેવતને ચરિતાર્થ કરી રહ્યા છે.

## બધા રોગોમાં એક દવા નહિ ચાલે

દરેક રોગની દવા જેમ જુદી જુદી હોય છે, તેમ જુદા જુદા મતભેદોનો નિર્ણય કરવા માટે ઈલાજો પણ જુદા જુદા હોય છે. દરેક બાબતમાં ઉપવાસ ઉપર ઉતરવું એ કારગત નીવડતું નથી. એ સત્યાગ્રહ નહિ પરંતુ હઠાગ્રહ કહેવાય છે. સિદ્ધાન્તવિષયક મતભેદનો નીકાલ શાસ્ત્રદ્વારા થવો જોઇએ. રોગ પ્રમાણે જો દવા નહિ હોય તો રોગનો વધારો થાય છે, તેમ શાસ્ત્રના મતભેદ દૂર કરવા માટે કરવામાં આવતા ઉપવાસ કોઈ વખત ગંભીર પરિસ્થિતિ પણ પણ ઉત્પન્ન કરે છે.

---

પાષાણ પાસે પણ પ્રવચનો છે, ઝરણાંઓ પાસે સંગીત છે, પણ તે જોવા માટે તમારી પાસે દૃષ્ટિ અને સાંભળવા માટે કાન પણ જોઇએ !

જ્યારે તમે 'આધાર'ની કલ્પના કરો છો, ત્યારે 'વાડ વગર વેલ ચઢે નહિ' એમ વિચારો છો. પણ આવડું મોટું આકાશ વગર ટેકે ઉભું છે એમ કદિ વિચારો છો ? અને આ પૃથ્વી પણ નિરાધાર ઉભી છે ને ?

# આયંબિલની તપસ્યાનું રહસ્ય

શ્રી અમૃતલાલ મોદી M. A. B. D. સિરોહી.

જૈનધર્મમાં આયંબિલનો તપ એક વિશેષ તપ છે. તેની ખૂબીઓ સમજાવવા માટે આ લેખમાં પ્રયાસ કરવામાં આવશે.

આયંબિલનો અર્થ છે ફક્ત અનાજ વાપરવું, તે પણ દિવસમાં એક વખત. તેમાં ઘી, દૂધ, ખાંડ, તળેલી વસ્તુઓ વિગેરે વિગઇયોનો ત્યાગ કરવાનો હોય છે. મરચાં, હળદર વિગેરે પણ નથી વપરાતા અને કંઇપણ ફળને કે શાક વાપરી શકાતા નથી. તેમાં ફક્ત અન્ન રાંધીને કોરૂં લુખૂં ખાવાનું હોય છે. તેમાંય એકજ ધાન્ય એક દિવસે ખાવું અને લૂણ અગર મીઠું પણ ન વાપરવું તે તેમાં વિશિષ્ટ પ્રકારો છે.

આયંબિલના તપનો જૈન શાસ્ત્રમાં ખૂબ મહિમા વર્ણવ્યો છે. દરેક માંગલિક પ્રસંગે કરવા માટે આ જ મોટામાં મોટો તપ છે, ઉપવાસ તપ છે ખરો, અને તે (પૂર્ણ નિરાહાર–ફક્ત પાણીજ વાપરવાનું) મોટો તપ છે, પણ તે પછી આયંબિલને તપમાં ગણાવ્યું છે. તે પછી એકાશન વિગેરે તે સાધારણ પચ્ચકખાણ ગણાય છે.

બ્રહ્મચર્ય અને મનની વિકૃતાવસ્થાને રોકવા માટે પણ આયંબિલ વિશેષ મહત્ત્વ ધરાવે છે. તે લાંબાકાળ માટે આદરી શકાય છે અને અને તેથી શરીર સારી રીતે ટકી પણ રહે છે (ઉપવાસ જેટલી અશક્તિ વિગેરે આવતી નથી)

તે શિવાય પણ આયંબિલ તપથી થતા પુન્યનું વર્ણન શાસ્ત્રોમાં આવે છે અને તેથી ખૂબ આધ્યાત્મિક લાભ થાય છે, પણ અહીં હું એ બતાવીશ કે તે શરીર માટે પણ કેવી રીતે લાભકારક છે.

ચૈત્ર સુદ અને આસો સુદમાં છેલ્લા નવ દહાડા આયંબિલની ઓળી કરવાનું વિધાન છે. તેથી સિદ્ધચક્રની આરાધના કરી ભવ્યાત્માઓ પુણ્યનું ભાથું બાંધે છે. પણ તેમાંય કેટલી વૈજ્ઞાનિકતા છે તે હું અહીં બતાવવા માગું છું.

દરેક વખતે જ્યારે મોસમ બદલાય ત્યારે શરીરમાં પરિવર્તનો થાય છે, તે પરિવર્તનોથી શરીરને લાભ મળે તે માટે પ્રાકૃતિક ચિકિત્સકો બતાવે છે કે જો તે વખતે લગભગ એક બે અઠવાડિયાનો શરીરશુદ્ધિનો કાર્યક્રમ બનાવ્યો હોય તો શરીર નવું બનીને તેમાં સ્પુર્તિ વિગેરે આવે છે. આ બન્ને ઓળીનો સમય શિયાળો અને ઉનાળાના સંગમ વખતે જ જ્યારે મોસમો બદલાય છે ત્યારે જ રાખવામાં આવે છે, વળી આયંબિલનાં પ્રયોગથી શરીરની સફાઈનો કાર્યક્રમ સારી રીતે અપનાવાઈ જાય છે. તે વખતે કેવલ અન્ન ખાવાથી અને તે પણ દરરોજ એક જ અન્ન ખાવાની વિશિષ્ટતાથી શરીરની શક્તિ પચાવવામાં ઓછી વાપરવી પડે છે અને તે સફાઇમાં લાગે છે. તે સિવાય ચિકનાઈ વિગેરે કંઇ ન હોવાથી શરીરશુદ્ધિ પૂરા વેગથી ઝડપથી થાય છે. શ્રી શ્રીપાલ મહારાજાએ કુષ્ટરોગમાં આ તપ કરીને શરીરને શુધ્ધ બનાવ્યું તેમાં તપના પ્રભાવ સાથે આ વૈજ્ઞાનિક કારણ પણ રહેલું છે.

કોઇપણ રોગમાં આયંબિલની તપસ્યા કરીને જોઇ જુઓ. દરેક સાધારણ રોગો–જે નાનો અગર તીવ્ર રોગ હોય–તે આયંબિલથી સરદી તાવ વિગેરેમાં બહુજ મદદ મળશે. સાધારણ રીતે એકાદ દિવસના ઉપવાસથી જ એ રોગો મટી જાય છે. પણ ઉપવાસને બદલે

# "પરિશીલનનું પીયૂષ"

## મુનિરાજશ્રી મૃગેન્દ્ર મુનિ મહારાજ—ભોપાલ

★

### (૧) સમન્વયનો રાજમાર્ગ :

જગતમાં આજે જે કાંઇ પક્ષપાત નજરે પડે છે તેનું મૂળ–કારણ એક જ વાતને વધુ મહત્ત્વ આપી તેની બીજી બાજુ જોવાની ઉપેક્ષા–વૃત્તિ છે. આ કારણે ભેદ–પ્રભેદો વધતાં જ જાય છે. આજના સંપ્રદાય કે ગચ્છો એ પહેલાંના વિચાર–મતભેદોનું પરિણામ છે. અને આજનો મતભેદ આગળ જતાં કોઇ એક સંપ્રદાયનું રૂપ પકડે છે. આવી વિભિન્ન વિચાર–સરણીઓને અટકાવવા સમન્વયનો માર્ગ તો એ છે કે–જેની જ્યાં જેટલી ઉણપ દેખાતી હોય તેને માત્ર આત્મશુધ્ધિના લક્ષ્યે પૂરી દેવી જોઇએ. ઘણીવાર તો બીજાના વિચારો આપણને સહાયક પણ બની જાય છે.

દા. ત. જેઓને નિશ્ચયનો અતિરેક થયો હોય તેઓએ વ્યવહારને અપનાવી સમન્વય સાધવો જોઇએ. તેવી રીતે જેઓની વ્યવહારની માત્રા વધી ગઈ છે તેઓએ નિશ્ચયને લક્ષ્ય–બિંદુ બનાવી અનુષ્ઠાનો કરવા જોઇએ. અગ્નિ અને પાણી જેવા વિરોધી (તત્ત્વ) વસ્તુના યોગ્ય સમન્વયથી એંજીનમાં કેવી શક્તિ પ્રકટે છે એ આપણે નથી જાણતા ? સીધી અને સાદી ભાષામાં સહુ કોઈ આ વાત સમજી શકે છે.

### (૨) દિવ્ય સહાય :

હા. તમારે સહાયની જરૂર છે. કારણ આગળ ધપવાની તમારી ખેવના હજી એટલીજ અદમ્ય છે.

પણ બીજાઓ તમને 'દિશા–સૂચન' થી અધિક બીજું કશું નહિ આપી શકે. જે તમારે મેળવવું છે તે માટે મહેનત તો તમારે જ કરવાની રહેશે. હલ્લેસાં તો નાવિકોએ પોતાને જ મારવા રહ્યા. દીવાદાંડી કે ધ્રુવનો તારો માર્ગ ચીંધે એટલુંજ.

શિક્ષક તમારી સુષુપ્ત જ્ઞાન–શક્તિને કેવલજ ઢંઢોળી આપશે. પણ તેને વિકસિત કરવી એ તમારા હાથમાં છે. વીતરાગ પ્રભુની પ્રતિમા પણ તમોને હાથોહાથ કશું નહિ આપે. હાલ તમારા જે આત્મિક ગુણો અવિકસિત અવસ્થામાં છે, તેને પ્રકટાવવામાં એ પરમ આલંબનભૂત બને એટલુંજ. બાકી સારો યે પુરૂષાર્થ તમારે જ કરવો રહ્યો....

### (૩) ઋણ–મુક્તિ :

માનવી જગતમાંથી જે કાંઈ લે છે તેના બદલામાં તેણે કંઈ ગણુ પાછું આપવું જોઇએ.

---

આયંબિલ કરવાથી કામ કરવાની શક્તિ રહેવા છતાં તેનાથી પણ રોગો મટવાનો પ્રયોગ કરી જોવા જેવો છે.

આયંબિલથી શરીરશુદ્ધિ થાય છે એ ચોક્કસ બીના છે અને દરેક રોગમાં શરીરશુદ્ધિથી જ રોગ મટી શકે છે. દવાથી રોગોમાં કેવી રીતે નુકશાન થાય છે અને તે ન લેવાથી કેવી રીતે અહિંસક રીતે રોગ નાશ કરી શકાય તે અન્યત્ર બતાવવામાં આવશે.

આયંબિલમાં કોઈ કોઇ વખતે મળશુધ્ધિ થતી નથી. એક આયંબિલમાં તો બીજા દિવસે ભોજન પછી મળશુધ્ધિ થઈ જાય છે, પણ ઓળી વગેરેમાં ધ્યાન ન અપાય તો મુશ્કેલી ઉભી થાય છે. તેથી એનીમા વગેરેનો ઉપયોગ ન કરવો હોય તો ખોરાકમાં પ્રવાહી સારી રીતે વાપરવું અને તેમાં કરીયાતું અને ઉકાળો સિવાય મગનું પાણી ખૂબ મદદ કરે છે.

વ્યક્તિ એ સમષ્ટિનું અનિવાર્ય અંગ હોઈ પરસ્પરના સાંનિધ્યમાં સૌને આવવું પડે છે. સૌને એક-બીજાની જરૂરિયાત પડે છે. મદદ સુધ્ધાં લેવી પડે છે. આમ આપણી આખરી જીંદગી સુધી આપણે જગતમાંથી સમાજ પાસેથી ઘણું ઘણું લઈએ છીએ. એને આપણે ઘણી વખત ભૂલી જઈએ છીએ. જાણતાં હોઈએ તો કેટલીકવાર ઉપેક્ષા કરીએ છીએ. આથી વૈમનસ્યની વૃત્તિ પેદા થાય છે. છેવટે આપણે સમાજના દેવાદાર બની બેસીએ છીએ. જે ઉપકાર કરી શકતો નથી તેને બીજાનો ઉપકાર લેવાનો પણ અધિકાર ન હોઈ શકે.

પરસ્પરના સહકાર અને સંહયોગની ભાવનાથી ઋણ ચૂકવાય છે.

(૧) કોઈનું લીધેલું જે પાછું ન આપી શકે તે વ્યવહારમાં પણ બંડખોરની ગણતરીમાં ગણાય છે.

(૨) લીધા મુજબ તેટલું પાછું આપી દેનાર શાહુકાર મનાય છે.

(૩) અને લીધાં કરતાં કાંઈગણું પાછું દેનાર જગતની એક શ્રેષ્ઠ વિભૂતિ તરીકે પંકાય છે.

આપણે કેવાં બનવું એ આજ તબકકે નક્કી કરી લઈએ.

## (૪) મનનું અદ્‌ભુત શિલ્પ :

શિલ્પી કે કલાકાર પાષાણને જેવું રૂપ આપવા ધારે તેવું આપી શકે છે, તેમાં ચૈતન્ય પણ પ્રકટાવી શકે છે, તેમ મનનું પણ એવું જ છે. શિલ્પી તે આપણે જ. એટલું જ કે મનનું સુચારૂ ઘડતર થવું જોઈએ.

આ દૃશ્ય જગતમાં અનેક વસ્તુઓ છે. વાસનાલોલુપી આત્માઓ માટે તે બધી કામ-વાસના પ્રેરક બનશે.

જ્યારે વિજ્ઞાન વેત્તાઓ માટે જગત એક વિશ્લેષણ પ્રધાન બનશે. આત્મવિદો માટે જગતની પ્રત્યેક ચીજો વૈરાગ્ય-પ્રેરક બનશે, માત્ર ભેદ છે એક દૃષ્ટિમાં. બ્રહ્મચર્યની સાધનામાં આ વિચાર એક સહજ રીતે સફળ નીવડશે. કહેવાય છે કે શુકદેવજીની દૃષ્ટિમાં સ્ત્રી માત્ર ચામડી વગરની દેખાતી હતી. તેમની દૃષ્ટિમાં કોઈ પણ ચીજનું પ્રતિબિંબ સ્વાભાવિક રીતે પડતું. આપણે ત્યાં આર્ય સ્થૂલભદ્રનું નામ પ્રસિધ્ધ છે. કોઈ નિર્જન સ્થાને ન રહેતાં કોશાની ચિત્ર-શાળામાં ચોમાસું રહ્યા. તપને સ્થાને ષડ્રસ ભોજન હતું. ધ્યાનને બદલે કોશાનું નૃત્ય નિહાળતાં. આ હતી એમની બ્રહ્મચર્યની આકરી સાધના! શી હતી એ મહાપુરૂષ પાસે અજબ શક્તિ? કયો હતો એ કિમિયો! એ છે એક એમની ઘડાયેલી સુંદર-અતિ સુંદર માનસિક અવસ્થા!

કોશા એમને એક પુતળી જેવી ભાસતી, શૃંગારિક ચિત્રો એમને જુદી જ અસર કરતાં. બાળકની આગળ ગમે તેવાં વાસના-પ્રેરક ચિત્રો રાખીએ છતાં એનું બાલ-માનસ જરા પણ ઉત્તેજિત નહિં બને. એને માટે એ ચિત્રો કુતૂહલ-મૂલક બનશે. બ્રહ્મચર્યને સહજ બનાવવામાં આ કિમિયો દરેકને માટે કામયાબ નીવડશે. આર્ય સ્થૂલભદ્રનું દૃષ્ટાંત આ માટે પૂરતું છે.

## (૫) ચિત્ત પ્રસન્નતા :

ચિત્તપ્રસન્નતા એ જ સઘળી આરાધનાનું રહસ્ય છે. જીવનની પ્રત્યેક પ્રવૃત્તિઓ દ્વારા પણ છેવટે ચિત્તપ્રસન્નતા જ કેળવવાની છે. બાહ્ય અનુકૂળ સંયોગો ઉપર જ એ પ્રસન્નતા ટકી શકે, અન્યથા નહિં, એવી માન્યતા ભૂલભરેલી છે. આનંદ-પ્રસન્નતા એ બહારનો વિષય છે જ

નહિં. આપણે ઘણીવાર બહારની સ્થિતિને નકામું મહત્વ આપી દઇએ છીએ અને સ્વાધીન ચીજને ઓળખવાની ઉપેક્ષા કરી બેસીએ છીએ. પરિણામે આપણે પરાધીન જ છીએ–જાણે આપણી પાસે કશી જ શક્તિ નથી એવો ભ્રમ આપણામાં ઘર કરી જાય છે. જીવનની હરેક પળે ચિત્તની પ્રસન્નતાનું સંવેદન થતું રહેવું જોઇએ. એનાથી સહનશીલતા–તિતિક્ષાનો દૈવી ગુણ કુદરતી રીતે આપણામાં ઉગી નીકળશે. હંમેશ માટે આપણે પ્રસન્ન મુખ–મુદ્રા જાળવી શકીશું. માનસ–શાસ્ત્રની દૃષ્ટિએ પણ આરોગ્યનું પગરણ પ્રસન્ન અને નિર્વ્યાજ મુખાકૃતિથી મંડાય છે. વિચારો કદી પણ ગુપ્ત રહી શકતાં નથી. માણસની મુખાકૃતિ એ એના હૃદયનું ટેલિવીઝન છે.

ભલે આજે સામાના ગુપ્ત વિચારોને જાણવાનું યંત્ર વિજ્ઞાન શોધી નથી શકયું, છતાં પણ માનવની મુખાકૃતિ એના વિચારોની ઝાંખી તો અવશ્ય કરાવી દે છે.

## (૬) જીવનની પરિક્રમ્મા :

જન્મ અને મૃત્યુ, રાત્રિ અને દિવસ, ગ્રીષ્મ–શિયાળો અને વર્ષા, એ જીવન–રથના ગતિમાન ચક્રો છે. અવિરત ચાલ્યા જ કરે છે. ભર્તૃહરીએ કહ્યું છે તેમ "कालो न यातो वयमेव याताः" એવું આપણે ઘણીવાર નથી અનુભવતાં ?

આહાર–નિહાર, નિદ્રા (સુષુપ્તિ) જાગૃતિ, માંદગી–તંદુરસ્તી વગેરે જીવનની અનિવાર્ય ગણાતી ખાસિયતોથી આપણે સુપરિચિત નથી ? આવી જ બીજી પણ રાગ–દ્વેષ, ઈર્ષ્યા–લોભ વગેરે ટેવો આપણા જીવનની સાથે એવી તો એકમેક બની ગઈ છે કે જેનો કોઈ હિસાબ નહિં.

દૂધ અને પાણીને અલગ કરનાર રાજહંસો દુનિયામાં શોધતાં મળી આવશે. પણ અનાદિની આ ટેવોથી જીવનનું અલગ–સ્વતંત્ર વ્યક્તિત્વ બતાવનાર તેને સમજાવી આત્મ–દ્રવ્યની અનોખી પીછાણ કરાવનાર નિર્ગ્રન્થ ગુરુઓ સિવાય બીજું કોણ હોઇ શકે ભલા ? આ ધરતી ઉપર જો આવાં જાદુગરો ન હોત તો ભેદ–જ્ઞાનની સાચી સંજીવની બક્ષનાર બીજું કોણ ?

જગત આજે આવી અનેક ટેવોથી ટેવાયેલું છે. રંચમાત્ર પણ કંટાળો નથી ઉપજતો એનાથી તેઓને ? અવિરતપણે ગતિ કરી રહેલાં એવા ચક્રોથી ચાલતી આ જીવનની પરિક્રમ્મા–પ્રદક્ષિણાને થોભાવવા જ્ઞાની મહર્ષિઓએ ભેદ–જ્ઞાનનો જાદુ શોધી કાઢયો. અને થોડા જ દિવસોમાં એનો ચમત્કાર દેખાયો. એ ચક્રોની ગતિ મંદ પડવા લાગી. હવે એની ગતિ પહેલાં જેટલી તીવ્ર ન્હોતી. અને ધીમે ધીમે એ ચક્રો તદ્દન જ બંધ પડી ગયા. પરિણામે જીવનની પરિક્રમ્મા પૂરી થઇ.

ખરેખર જ તેઓ સંસારના આવર્તમાંથી હંમેશ માટે ઉગરી ગયા....!

સાચે જ કહ્યું છે કે :—

"पुनः प्रभातं पुनरेव शर्वरी।"
"पुनरपि जननं पुनरपि मरणं—
पुनरपि जननी जठरे शयनम्।"

## (૭) "દૃષ્ટિ–વિપર્યાસનું કારણ ?"

એક વખત સરિતા કિનારે બે પરીઓનો ભેટો થઈ ગયો. એકનું નામ હતું સુંદરતા. અને બીજીનું નામ કુરૂપતા. બંનેએ એક એકબીજાને કહ્યું 'ચાલો આપણે સરિતા–સ્નાન કરીએ.' અને બંને પોતપોતાના વસ્ત્રો કિનારે મૂકી જળતરંગમાં પડયા.

થોડી વાર થઇ હશે ને ત્યાં કુરૂપતા જલ્દી જલ્દી સ્નાન કરી બહાર આવી. અને સુંદરતાના વસ્ત્રો પહેરી પોતાને રસ્તે પડી. સુંદર-

# ० સર્વજ્ઞની ઓળખ ०

પં૦ શ્રી પ્રભુદાસ બહેચરદાસ પારેખ

### ૧ સર્વ શબ્દના અર્થ

૧ શબ્દથી અર્થ જ્ઞાન થાય છે. કેટલાક શબ્દો એવા હોય છે, કે જો અર્થજ્ઞાન કરતાં ન આવડે, તો અર્થને બદલે અનર્થ થઈ જાય છે, ને તેમાંથી બીજા ઘણા અનર્થો જન્મે છે.

૨ એવા અનેક શબ્દોમાંનો એક-સર્વ-શબ્દ પણ છે.

**સર્વ**-શબ્દ દેશ-સર્વ અર્થમાં, સર્વ-સર્વ અર્થમાં પણ વપરાય છે.

૪ જ્યાં-દેશ-સર્વ અર્થોમાં એવપરાતો હોય, ત્યાં તેનો **સર્વ-અર્થ** કરવામાં આવે તો સંગત ન થાય, અને જ્યાં સર્વ-સર્વ અર્થમાં વપરાયો હોય, ત્યાં જો દેશ-સર્વ અર્થ કરવામાં આવે તો પણ એ સંગત ન થાય.

૫ દા૦ ત૦ "સર્વ પદાર્થ સત્ છે" "સર્વ આત્માઓમાં જ્ઞાન છે" "સર્વ પુદ્ગલો રૂપી છે." વગેરેમાં વપરાયલો **સર્વ** શબ્દનો અર્થ સર્વ-સર્વ કરવાનો છે, જો એ સ્થળોમાં દેશ-અર્થ કરવામાં આવે, તો "અમુક પદાર્થો સત્ છે, અને અમુક સત્ નથી." "અમુક આત્માઓમાં જ્ઞાન છે, અને અમુક જ્ઞાન રહિત છે," "અમુક પુદ્ગલો રૂપી છે, અને અમુક રૂપી નથી" એવાજ અર્થો સમજાય. પરંતુ એ સ્પષ્ટ છે, કે એ અર્થ ખોટા છે

૬ એજ પ્રમાણે "આજે સારો પ્રસંગ છે માટે સર્વને બોલાવજો" ઇત્યાદિ સ્થળે સર્વ શબ્દનો અર્થ "મર્યાદામાં આવતા હોય તે સર્વ, પરંતુ સર્વ-સર્વ નહિ" "એમ **દેશ-સર્વ** અર્થમાં વપરાય છે, આવા વ્યવહારમાં ઘણા દાખલા મળી શકે છે, તેવે સ્થળે-સર્વ-સર્વ અર્થમાં સર્વ શબ્દની વપરાશની શકયતા જ નથી.

૭ આમ-સર્વ શબ્દનો અર્થ દ્વિધા હોવાથી કેટલાક વિદ્વાનો તે તે સ્થળે અર્થ કરવામાં દ્વિધામાં પડી ગોથું ખાઇ જાય છે ને વિનાયકની રચના કરવામાં વાનરની રચના કરી બેસતા હોય છે ને વિદ્વાનોમાં ઉપહાસપાત્ર બને છે.

### સર્વજ્ઞ શબ્દમાં સર્વ શબ્દ.

૧ **સર્વજ્ઞ** શબ્દ પ્રસિદ્ધ છે, સર્વજ્ઞ એટલે સર્વનો જાણનાર.

૨ સર્વજ્ઞ શબ્દમાં વપરાયેલ **સર્વ** શબ્દનો **દેશ-સર્વ**-અર્થ કરવો? કે **સર્વ-સર્વ** અર્થ કરવો? એ વિષયમાં કેટલાક અલ્પજ્ઞો ગુંચવાય એ સ્વાભાવિક છે અને પછી બીજાઓને ગુંચવવાનો પ્રયત્નો તેઓ કરે, એ પણ સ્વાભાવિક છે.

૩ **સર્વજ્ઞ** શબ્દમાં રહેલા સર્વ-શબ્દનો અર્થ-સર્વ-સર્વ થાય છે. અર્થાત્" એવું કાંઈ પણ નથી કે જેનું જ્ઞાન સર્વજ્ઞને ન હોય. ત્રણેય કાળના લોકાલોકના સર્વ દ્રવ્યો અને સર્વ પર્યાયોને જાણનાર તે સર્વજ્ઞ [જોકે-ત્રણેય-કાળ અને લોકાલોક સર્વ દ્રવ્ય પર્યાયોમાં તાત્વિક દષ્ટિથી સમાવેશ પામે છે. તો પણ સામાન્ય સમજના અભ્યાસીની સ્પષ્ટ સમજ

---

તાએ આવીને જોયું તો પોતાના વસ્ત્રો ન મળે! પણ લજ્જા ઢાંકવા હવે બીજો કાંઈ રસ્તો ન્હોતો. તેણે કુરૂપતાના વસ્ત્રો પહેરી લીધાં....

બસ, ત્યારથી જ માણુસની દષ્ટિમાં એક મોટો ભ્રમ પેદા થયો. અને તે એ કે-જે સાચી સુંદરતા છે. તેને કુરૂપતા સમજવા લાગ્યા. અને કુરૂપતાને સુંદરતા માનવા લાગ્યા.

આ અજબ પરિવર્તનનું પરિણામ એ આવ્યું કે લોકો સાચા સૌન્દર્યથી અણુપિછાણુ જ રહ્યા. અને કલ્ચર-સૌંદર્યની પાછળ જીવનને વેડફી રહ્યા.

ભેદ-પારખુઓ તો આ ભેદ પારખી ગયા. અને જગત સમક્ષ રાખી પણ ગયાં. છતાં આપણાં એ દષ્ટિ-વિપર્યાસમાં હજી જોઇએ તેવો ફેર ન પડયો....

માટે એ શબ્દનો ઉપયોગ કરવો જરૂરી હોવાથી ઉપયોગ કરવામાં આવ્યો છે ]

૪ " કોઈ પણ વીતરાગ – અર્હન્–કેવળજ્ઞાની ઉપર જણાવ્યા પ્રમાણે સર્વજ્ઞ હોય છે પછી તે પ્રથમ ગમે તે સ્ત્રી–પુરૂષ–નપુસંક, ગૃહસ્થ–મુનિ, જૈન–જૈનેતર ધર્મ માનનાર કેમ ન હોય, સર્વથા રાગદ્વેષનો અભાવ થવાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયેલું હોવું જોઇએ, તેવી કોઇ પણ વ્યકતિ ઉપર પ્રમાણે સર્વ દ્રવ્ય સર્વ પર્યાયોને જાણનાર **સર્વજ્ઞ** હોય જ " આ જૈન-દર્શનની સર્વજ્ઞ વિષેની વ્યાખ્યા છે. તેમાં–" જૈન ધર્મ પાળનાર હોય તે જ સર્વજ્ઞ થઇ શકે " એવો આગ્રહ રાખવામાં આવ્યો જ નથી.

૫ તેમ છતાં–સંપૂર્ણ રાગ–દ્વેષનો અભાવ થયા-વિના કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય અને એ રીતે કેવળ-જ્ઞાન પ્રાપ્ત કર્યા વગરની કોઈ પણ વ્યકિતને–પછી ગમે તેવી મોટી ગણાતી–જૈન જૈનેતર વ્યકિતને જૈન-દર્શન સર્વજ્ઞ માનવા તૈયાર નથી. આ પણ સાથે જ નિશ્ચિત વાત છે.

વલ્કલચીરી નામના જૈનેતર તાપસ અવસ્થામાં કેવળજ્ઞાન પ્રાપ્ત થવાથી તેમને સર્વજ્ઞ–માનવા સામે-જૈનદર્શને વાંધો લીધો નથી. એટલું જ નહિં, પરતુ તેમને સર્વજ્ઞ તરીકે સ્વીકારેલ છે. એવા બીજા ઘણા દાખલા જૈન શાસ્ત્રોમાં છે, દૃઢપ્રહારી જેવ ભયં-કર ચોર અને ખુની માણુસમાં પણ પલટો થવાથી વીતરાગ થઇ કેવળજ્ઞાની થઇ સર્વજ્ઞ બનવાનો દાખલો છે.

૬ આથી જૈનદર્શને કોઇ ઈતર દર્શનમાં સર્વજ્ઞ થાય તેની સામે વાંધો લીધો નથી, પરંતુ. જેઓ માત્ર પૂરતી સમજ વિના પોત–પોતાને માન્ય મહા-પુરુષોને–પૂરા વીતરાગ થયા વિના અને કેવળજ્ઞાન થયા વિના સર્વજ્ઞ માનતા હોય છે, તેની સામે જૈન-દર્શન વાંધો ઉઠાવે છે અને એ સર્વજ્ઞને સર્વજ્ઞ કહેવામાં અનુચિતતા બતાવે છે. આ જૈનદર્શનની માન્યતાનું સાચું રહસ્ય છે. " બીજા દર્શનને માન્ય પુરૂષો છે, માટે તેઓને અસર્વજ્ઞ ઠરાવવા" એવા આગ્રહ ઉપરથી જૈનદર્શનના આચાર્યો અન્ય દર્શનને માન્ય પુરૂષોના સર્વજ્ઞપણાનું ખંડન કરે છે, એમ માનવાને જરાપણુ કારણુ નથી. સાથે જ જૈનદર્શન એવું પણ સ્વીકારે છે, કે–"ઇતર દર્શનમાંના માન્ય પુરુષો કે જેઓમાંના કેટલાક એવા હોય છે, કે–તેઓના આ જ ધર્મપ્રચારના પુરુષાર્થનો વિકાસ થતા થતા– ભવિષ્યમાં લાંબેકાળે–કે થોડેકાળે–સંપૂર્ણ વીતરાગપણું પ્રાપ્ત કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સંપૂર્ણ સર્વજ્ઞ થઇ શકશે," એમ પણ ઘણે સ્થળે બતાવેલ છે માટે–"જૈનો પોતાના દેવોને જ સર્વજ્ઞ માને છે કે જૈનધર્મ પામનારા જ સર્વજ્ઞ થઇ શકે એમ માને છે," એ ગંભીર ગેરસમજો છે અને તે વાચકોએ પ્રથમથી જ પોતાના મનમાંથી કાઢી નાખવી જોઇએ.

"કોઇ પણુ, કોઇ પણ ઠેકાણે, કોઈ પણ રીતે, કોઇ પણ કાળે વીતરાગ થઈ કેવળજ્ઞાની થાય, તે સર્વ "સર્વજ્ઞ', આ જાતની જૈનધર્મની માન્યતા છે, અને એ આધારે જૈન તીર્થંકરો અને બીજા કેવળ-જ્ઞાની જૈન મુનિઓ અવશ્ય સર્વજ્ઞ હોય છે.–ગૌતમ-સ્વામીએ પ્રતિબોધેલા ૧૫૦૦ તાપસો કેવળજ્ઞાન પામી સર્વજ્ઞ બનવાની વાત, શ્રી ભગવતી સૂત્ર આદિમાં સ્પષ્ટ શબ્દમાં છે. કેવળજ્ઞાન પામ્યા પછી, શક્ય હોય, તેઓ જૈન મુનિવેશ ધારણુ કરે છે પરંતુ કેવળજ્ઞાન પામતાની સાથે જ આયુષ્ય ઓછું હોય તો, જૈન વેષ લીધા વિના પણ મોક્ષમાં જવાની વાત જૈનદર્શન કબુલ કરે છે, આથી કરીને જૈન-ધર્મની સર્વજ્ઞની માન્યતા વિષે ઈતર ધર્મના વિદ્વાનોમાં ગેરસમજ ન થાય અને તેથી ઉલટી વાતો ન સમ-જાય માટે આ પ્રમાણે ખુલાસો કરવો જરૂરી હોવાથી કરવામાં આવ્યો છે. જૈનો માત્ર પોતાના જૈન-ધર્મીઓ જ સર્વજ્ઞ થઇ શકે છે અને બીજા ન થઇ શકે એવી માન્યતા ધરાવે છે આવી કોઇએ ગેર-સમજ ફેલાવી હોય તો તે આથી દૂર કરવી ઘટે.

૮ આથી–ઇતરમાં ગણાતા મહાપુરુષો વીતરાગ થઈ કેવળજ્ઞાની સર્વજ્ઞ ન થયા હોય છતાં, જેઓ પોતે માનેલા મહાપુરુષો હોવાથી તેઓને **સર્વજ્ઞ** કહે છે તે સામે જૈનો જરૂર વાંધો ઉઠાવે છે. અને એ રીતે સર્વજ્ઞ શબ્દનો દુરુપયોગ થતો રોકવા સમજાવે છે. બનાવટી સુવર્ણને કોઇ સુવર્ણ કહે, તો કોઈ પણ ડાહ્યો માણુસ તેમ ન કરવા સમજાવે, તેમાં કશું

અનુચિત નથી હોતું. કારણ કે જ્યારે બનાવટી સોનાને સાચું સોનું માનવાનું થાય, તો સાચા સોનાને બનાવટી સોનું માનવાનો પ્રસંગ આવી જાય અને અનર્થ પ્રાપ્ત થાય માટે એવી ગેરસમજ મુગ્ધતા છે. ]

૯ જો "સાચું સુવર્ણ ન હોઇ શકે" એ સત્ય હોય તો "સાચા સર્વજ્ઞ ન હોઈ શકે" એ સત્ય બને.

કોઈ એમ કહેશે કે–"સાચું સુવર્ણ તેના સર્વ પરીક્ષકોને પ્રત્યક્ષ હોય છે તે પ્રમાણે સર્વજ્ઞ સર્વને કયાં પ્રત્યક્ષ હોય છે ?

એ પ્રમાણે–"સાચા સર્વજ્ઞ તેના સર્વ પરીક્ષકોને પ્રત્યક્ષાદિ ગમ્ય હોય છે જ."

"જેમ સાચા સુવર્ણને ન ઓળખનાર હોય છે, તેમ સાચા સર્વજ્ઞને ન સમજનારા ન ઓળખનારા હોય છે, એટલા ઉપરથી સાચું સુવર્ણ કે સાચા સર્વજ્ઞ ન હોય એમ કહી શકાય નહીં."

"સાચા સર્વજ્ઞને માનનારાઓની માન્યતા કેવળ શ્રદ્ધાપ્રધાન જ છે." એમ કહેવું એ પોતે જે ગેર-સમજમાં શ્રદ્ધાપ્રધાન બની ગયા છે, તેનું પ્રતિબિંબ માત્ર જ છે.

"સર્વ ભાવો જાણે તે સર્વજ્ઞ" એ વ્યાખ્યામાં ઘણી અસંગતિઓ છે" એ પૂરી સમજને અભાવે અજ્ઞાનમાંથી જન્મેલી માન્યતા સિવાય બીજુ કાંઇ નથી.

પરંતુ એવી ઘણી ચર્ચાઓ આ સ્થળે લંબાવ-વાની જરૂર નથી.

## ૩ સર્વજ્ઞવાદીઃ અસર્વજ્ઞવાદી પક્ષો

૧ "સર્વ ભાવો જાણી શકાતા નથી." એમ માન્યતા ધરાવતો એક વર્ગ પણ સનાતન છે. આ વાત પણ જૈનદર્શન સ્વીકારે છે.

તે વર્ગ હંમેશાં સર્વજ્ઞ–શબ્દથી ભડકતો હોય છે અને પોતાને ખરેખરી રીતે સર્વજ્ઞ વિષે સમજણ પડી જ નથી હોતી તેથી પોતાની માન્યતા પ્રમાણેના "સર્વજ્ઞ ન જ હોય શકે" એવી માન્યતાને સ્થિર કરવા માટે તેના વિચિત્ર પ્રયત્નો ચાલુ હોય છે. અને તેના પ્રાચીન–અર્વાચીન સાહિત્યમાં ઘણા પ્રમાણો છે.

૨ સામેજ–"સર્વ ભાવો જાણી શકાય છે, અને તે જાણનારા સર્વજ્ઞોયે હોય છે," એવું માનનારો વર્ગ પણ સનાતન છે. તે પણ પોતાની વિચારણા સ્થિરપણે સમજાવવા પ્રયત્નો કરે છે. પરંતુ તે સર્વને સમજાવવા જ એવો નિયમ નથી. સમજાય તો તે સર્વજ્ઞ માનવાના પક્ષમાં આવી જાય, ન સમજાય તે ન માનવાના પક્ષમાં રહી જાય. બંને પક્ષો કદી એક થવાના જ નહીં. માટે તે બન્નેય સનાતન છે. તેમાં બીજા કોઈ ઐતિહાસિક પ્રમાણોની આવશ્યકતા જ નથી.

## ૪ મુખ્ય સર્વજ્ઞવાદી.

૧ સ્યાદ્-વાદ દર્શન જૈનદર્શન સર્વજ્ઞને ખાસ માને છે "સર્વજ્ઞ શું ? એ હકીકતને વ્યવસ્થિત રીતે તર્ક યુક્તિથી ખૂબ સુંદર રીતે સમજાવે છે. અને સ્યાદ્-વાદનું અસ્તિત્વ અસંભવિત બને છે. અને સ્યાદ્વાદનું અસ્તિત્વ સર્વજ્ઞને સ્થિર કર્યા વિના રહેતું જ નથી.

ઉપરાંત, અનેક શાસ્ત્રગ્રંથોમાં સ્પષ્ટ હકીકત રૂપે બતાવી છે. આગમોમાં પણ ઠામ ઠામ સાક્ષાત્ શબ્દોથી કેવળજ્ઞાન અને તેની અને સર્વ જાણપણાની સર્વજ્ઞતા ઠામ ઠામ બનેલ છે, તેથી શ્રદ્ધાળુઓને માટે તે શ્રદ્ધાગમ્ય પણ છે અને તર્કશીલો માટે હેતુ–વાદનો પણ એ વિષય છે. તેથી ઘણા જૈન તર્ક ગ્રંથમાં હેતુવાદથી પણ તે સમજાવેલ છે.

કારણકે–ધર્મનું આચરણ મોક્ષ માટે છે અને મોક્ષ આત્માના સર્વ ગુણોના સંપૂર્ણ વિકાસ વિના શક્ય નથી. અને આત્માના સર્વ ગુણોનો સંપૂર્ણ વિકાસ મોક્ષ માટે જ્યારે અનિવાર્ય છે એટલે પછી આત્માના જ્ઞાન ગુણના સંપૂર્ણ વિકાસનું સ્વરૂપ. એજ સર્વજ્ઞનું સ્વરૂપ બની જાય છે. આ તત્ત્વજ્ઞાનને આધારે જૈનદર્શનને સર્વજ્ઞની વિચારણા કરવી પડે છે. અને તેને સર્વ પ્રમાણોથી સ્થિર કરવી પડે છે.

કોઇ એમ કહેતા હોય કે પોતાના માન્ય હોવાને સર્વજ્ઞ માનવા માટે જૈન દર્શનકારો સર્વજ્ઞની માન્યતા ધરાવે છે. અને તર્ક યુક્તિઓથી તેને સાબીત કરવા પ્રયાસ કરે છે, તો તે જુઠો પ્રચાર કરે છે. કાંતો તેઓની બદદાનત છે અથવા તેઓનું જૈનદર્શન વિષેનું ગાઢ અજ્ઞાન છે.

૨ "સર્વ ભાવો જાણનાર કોઇ ન હોય શકે" એવું માનનાર **અસર્વજ્ઞવાદી** શબ્દથી ઓળખાય છે. અને તેઓ પોતાની માન્યતા સમજાવવા તર્ક યુકિતઓ આપે છે. પોતાની વાત સમજાવવા તેઓને પણ તર્ક આપવામાં આવે છે.

પરંતુ જ્યારે કેટલાક **અસર્વજ્ઞવાદીઓ** માત્ર પોતાની અમુક જુદી માન્યતાને વજનદાર બનાવવા ઇચ્છાપૂર્વક યુકિતઓ કરી **મિથ્યાભિયોગ** ચલાવે છે ત્યારે તેને સમજાવવા કે અટકાવવા અનિવાર્ય બની જાય છે.

૩ જેઓ આત્મા, પુનર્જન્મ, મોક્ષ વગેરે માનતા નથી તેવા અસર્વજ્ઞવાદીઓની વાત જવા દઈએ, પરંતુ મોક્ષ વગેરે માનનારામાં તો કોઇ જ નથી. અસર્વજ્ઞ વાદી દર્શન જાણતું નથી. મીમાંસકો પણ-વેદોને સર્વસ્વ મનાવવા અસર્વજ્ઞવાદનો આગ્રહ રાખે છે પરંતુ સર્વજ્ઞસાધ્ય કર્તવ્યોના ઉપદેશનો આધાર વેદો ઉપર રાખીને આડકતરી રીતે સર્વજ્ઞના અસ્તિત્વનો સ્વીકાર કર્યા વિના તેનાથી ચાલતું નથી એટલે એ દાર્શનિક ચર્ચાઓમાં ઉતરવાનું આવશ્યક નથી.

૪ આમ છતાં એ તો હવે સર્વ વિદ્વાનોને વિદિત થઇ ચુકયું છે, કે સર્વજ્ઞવાદીઓમાં જૈનદર્શન વધારે આગળ પડતું છે.

**"सर्वज्ञवाद की परंपराका अवलंबी मुख्यतया जैन संप्रदाय ही जान पडता है, क्यों की जैन आचार्योंने प्रथमसे ही अपने तीर्थंकरोमें सर्वज्ञत्वको माना और स्थापित किया है।"**

("દર્શન અને ચિંતન" હિંદી પૃ. ૧૨૯)

**"सर्वज्ञत्व जैन परंपराका चिरश्रद्धेय और उपास्य वस्तु है"**

(दर्शन और चिंतन-पृ. ५५१)

તેનાં માન્ય ગણાતા અનેક શાસ્ત્રોમાં એ માન્યતા ઘણી જ સ્પષ્ટ છે, તથા માન્ય શાસ્ત્રકારો અને ગ્રંથકારોમાં એવી કોઈ પણ વ્યક્તિ નથી કે જેના મતમાં સર્વજ્ઞ હોવા વિષે લેશમાત્ર શંકા હોય છતાં તેને માન્ય આચાર્ય તરીકે માનવામાં આવેલા હોય, એવો એક પણ પૂરાવો નથી એ પણ એટલું જ નક્કી છે.

૫ પરંતુ જ્યારે અસર્વજ્ઞવાદીઓ જૈનદર્શનના શાસ્ત્રોને 'સર્વ-સર્વ અર્થમાં સર્વ શબ્દનો ઉપયોગ કરીને 'સર્વને જાણનાર તે સર્વજ્ઞ' એ અર્થ મૂળમાં માન્ય નથી, તથા જૈન શાસ્ત્રકારો પણ એ જાતના સર્વજ્ઞવાદને માનતા નથી.' એ પ્રમાણે જ્યારે કહેવાની હિંમત કરે છે. અને જ્યારે ડિમડિમ વગાડીને જાહેર કરવા બહાર પડે છે, તેને અમે **મિથ્યા અભિયોગ** કહીએ છીએ.

૬ અને કેટલાક ભદ્ર જીવોના હિત માટે આવા મિથ્યાભિનિવેશનું પરિમાર્જન કરવું એ ખાસ કર્તવ્ય થઇ પડે છે, સૂર્યને જ અંધકારનો પૂંજ કહેવા નીકળવા જેવી, અગ્નિને બરફનો ટુકડો કહેવા જેવી મિથ્યા આરોપમય વાતોનું પરિમાર્જન કર્તવ્ય થઇ પડે છે. અભિનિવેશથી તે પ્રકારના મિથ્યા આરોપ કરનારા માટે દબાવવા શીવાય બીજો ઉપાય નથી. કેમકે તેમને સમજાવવાની શકયતા જ નથી, કેમકે કર્મની અતિ વિચિત્ર હોય છે, પરંતુ ભદ્રપરિણામી જીજ્ઞાસુ સર્વ એવા નથી હોતા તેથી તેઓની સમજ માટે કોઈ પણ પ્રયાસ કરવો અસ્થાને નથી.

## ૫. અસર્વજ્ઞવાદી સુખલાલજી પંડિત

સુખલાલજી પંડિત અસર્વજ્ઞવાદીઓમાંના એક છે. તેમણે **દર્શન અને ચિંતન** પુસ્તકના ત્રણ ભાગમાંના છેલ્લા હિંદી વિભાગમાં **"सर्वज्ञ और उसके अर्थ** એ લેખમાં પૃ. ૫૫૦ થી ૫૬૧ સુધીમાં અનેક વિચિત્ર વિચારણાઓ કરી છે. સન ૧૯૪૬ માં લખેલા પરંતુ કોઇપણ સ્થળે અપ્રસિદ્ધ એ લેખ પ્રસ્તુત પુસ્તકમાં પહેલો વહેલો પ્રસિદ્ધ થયો છે. (૧૯૫૭) એ બરાબર છે, કે સુખલાલજી પંડિત અસર્વજ્ઞવાદી હોવાથી જગતમાં અઠંગ અને પ્રબલ સર્વજ્ઞવાદી જૈન દર્શનને જ અસર્વજ્ઞવાદી હોવાનું ઠરાવે, તોજ અસર્વજ્ઞવાદનો સર્વદિગ્ગામિ વિજય ગણાય. એટલે અસર્વજ્ઞવાદના પૂરેપુરા વિરોધિ અને આગેવાન સર્વજ્ઞવાદીના વાદનું ખંડન કરવા પ્રયાસ જ કરવાની તેમને જરૂર પડે તેમ રહેવા જ દીધું નથી, પરંતુ " ખુદજૈન દર્શન જ મૂળમાં

અસર્વજ્ઞવાદી દર્શન છે. " એમ કરવામાં અસર્વજ્ઞવાદનો સર્વદિગ્ગામી વિજય થાય છે. આ તેમની પોતાની માન્યતા સાબીત કરવાની અસાધારણ તર્કકુશળતા ગણી શકાય.

પરંતુ તેઓ તેમ વાસ્તવિક રીતે કરી શક્યા હોત તો અમે પણ અત્યન્ત હર્ષ પામત કે " તેઓએ એક સત્ય પ્રસિધ્ધ કર્યું. પરંતુ વાસ્તવિક રીતે તેઓ તેમાં સંપૂર્ણ નિષ્ફળ નિવડયા છે.

૨. વાચક વર્ગ વિશેષ જાણવાનો પરિશ્રમ નથી કરતો. સાદી અને સરળ ભાષામાં સારા એક હસ્ત લેખકને હાથે લખાયેલું કાંઈ વાંચવા મલી જાય, તેથી સંતુષ્ટ થઇને દોરવાઈ જતો હોય છે. અને તેથી આવા લેખોથી ઘણા મોહમાં પડી જાય છે, કે સાચું - શું ? એક તરફ જૈનદર્શન ઠામ ઠામ **सव्वण्णूणं सव्वदरिसीणं**નો પડઘો પાડી સર્વજ્ઞ અને સર્વદર્શીની હોવાની વાત ડિમડિમ વગાડીને કહે છે' ત્યારે મૂળમાં તેજ સર્વ જાણનાર સર્વજ્ઞને જ માનતું નથી, આ શું ? શાહુકાર જ ચોર, કોટવાળ જ ચોર? શું આ જાતનો વ્યામોહ કોઈ સામાન્ય વ્યામોહ છે ?

૩ અને પંડિત તરીકેની મળેલી પ્રસિદ્ધિ તો વ્યામોહ કરવામાં ઘણોજ તીવ્ર ભાગ ભજવે, એ સ્વાભાવિક છે.

## ૬ સદંતર બિનપાયાદાર ઇમારત

૧ પરંતુ સુખલાલજીએ કોઇ પણ વાસ્તવિક પાયા ઉપર—નાના પણ વાસ્તવિક અણુ જેટલા પણ બીજ ઉપર પોતાની તર્કજાળનું ચણતર કર્યું હોત તો જરૂર સહૃદયોને આનંદ થાત, પણ તેઓએ તો માત્ર પોતાની મનની કલ્પના અને પોતાની માન્યતાને નિરાધાર આકાર આપ્યો છે. તે જોઇને અત્યંત ખેદ થાય છે. તેમની પંડિત તરીકેની પ્રતિષ્ઠાને ન છાજે તેવું તેમનું આ કાર્ય જોઇને સહૃદયોને ખેદ થાય એ સ્વાભાવિક છે.

## ૭ વિચારણીય મુદ્દાઓ

૧ જૈનદર્શન સર્વને જાણનાર અર્થમાં સર્વજ્ઞ કેવી રીતે માને છે ? તેની ચર્ચા આ લેખમાં અમારે ખાસ કરીને કરવી નથી. કેમકે તે જરૂરી નથી, તથા તેનો સંક્ષિપ્ત નિર્દેશ ઉપર સામાન્ય રીતે આવી જાય છે.

અહીં વિચારવાની વાત એ છે, કે–' જૈનદર્શન મૂળમાં અસર્વજ્ઞવાદી છે, એ વાત કેવી રીતે સાબીત થાય છે ? તેને માટે શા શા મજબૂત પ્રમાણો છે ? કારણ કે પ્રસ્તુત લેખમાં એ બાબતનો જ પ્રબળ પ્રયાસ કરવામાં આવેલો છે.

૩ જે જે શાસ્ત્રગ્રંથોના પ્રમાણો એ પૂરવાર કરવામાં આપેલા છે, તેમાં એ સાબીત કરવાની લેશ માત્ર ક્ષમતા છે ? કે નહી ?

તથા જે જે આચાર્યો ને ગ્રંથકારોના ઉલ્લેખો કરવામાં આવ્યા છે તે તે આચાર્યોના મનમાં એ જાતની અસર્વજ્ઞપણાની માન્યતાઓ ઊંડે ઊંડે હતી કે કેમ ? અને તેમના ગ્રંથોના ઉલ્લેખોથી એ વાત લેશ માત્ર પણ સાબીત થઇ શકે તેમ છે કે કેમ? એ ખાસ વિચારવાનું રહે છે !

૪ અમારી સચોટ સમજ છે અને આ લેખમાં સ્પષ્ટ રીતે પ્રમાણો પૂર્વક બતાવી આપીશું કે–"કેવળ ઇરાદાપૂર્વક જૂઠી કલ્પના કરીને શાસ્ત્રો અને શાસ્ત્રકારો ઉપર મિથ્યા આરોપો ઇરાદાપૂર્વક મૂકવામાં આવ્યા છે, કોઇપણ સહૃદય વાચક આ સત્ય બરાબર જોઈ શકશે, સમજી શકશે અને બેધડક કબૂલ પણ કરી શકશે. આટલા સંક્ષિપ્ત સૂચન બાદ તેમના એ "**सर्वज्ञ और उसका अर्थ**" લેખનું પરીક્ષણ શરૂ કરીએ છીએ.

૫ તેમાં અમે મુખ્ય બે વિભાગ રાખેલ છે. એક મુખ્ય મુખ્ય મુદ્દા એટલા માટે રજુ કરીશું કે સામાન્ય સમજના વાચકો પણ તેમાં પ્રવેશ કરી શકે. બીજું ત્યારબાદ તેનું સૂક્ષ્મ રીતે પરીક્ષણ કરીશું. (ચાલુ)


# જૈન ભાઈઓને ખુશખબર

પ્રભાવના માટે ઉનનાં કટાસણા, સંથારીઆ, ઓઘારીઆં, સાલ, આસન, તેમજ દહેરાસરમાં વપરાતી ધાબળીઓ વગેરે છૂટક તથા જત્થાબંધ વ્યાજબી ભાવે અમારે ત્યાંથી મળશે

દરેક જાતના ગરમ ધાબળાઓ પણ મળશે

લખો:–

**સંઘવી વિનયચંદ વીરજીભાઇ** ધાબળાવાળા

બજારમાં **સાવરકુંડલા** (સૌરાષ્ટ્ર)

# જ્ઞાન વિજ્ઞાનની તેજછાયા

સં૦ શ્રી કિરણ

"શ્રી નમસ્કાર મહામંત્રનું વિજ્ઞાન"

પ્રિય કમલ,

તારો પત્ર મલ્યો છે.

શ્રી નવકારમંત્ર સંબંધી શ્રવણ, વાંચન, ચિંતન, ચર્ચા અને મનનમાં તારો સમય વીતે છે, તે જાણીને આનંદ.

અનુપ્રેક્ષા સ્વાધ્યાયને રત્નશોધક અગ્નિ કહ્યો છે. જેમ અગ્નિ રત્નના મળને બાળે છે, તેમ અનુપ્રેક્ષા વડે આત્મશુધ્ધિ પ્રાપ્ત થાય છે.

અનુપ્રેક્ષા સ્વાધ્યાય શું છે? કઇ રીતે થવો જોઇએ? તે વડે આત્માની શુદ્ધિ શી રીતે પ્રાપ્ત થાય? આ પ્રશ્નોની વિચારણા આપણે અન્યત્ર કરીશું.

## ભાવરત્નનું મૂલ્ય

શ્રી નવકાર મહામંત્ર સંબંધી જેટલી વિચારણાઓ થાય તેટલી ઓછી છે. આ અદ્વિતીય ભાવરત્નનું મૂલ્ય આંકી શકાય એવું નથી.

શ્રી નવકાર માત્ર રત્ન નથી, સમ્યક્ત્વરૂપી રત્નને ઉત્પન્ન કરનારી મહાખાણ છે. આવી ઉપમાઓ શ્રી નવકારના અગાધ રહસ્યનો ઝાંખો ખ્યાલ માત્ર આપે છે.

આપણે આપણો સમય અને શક્તિ શ્રી નવકારની વિચારણા, જપ તથા સાધના પાછળ ગાળીએ તો બસ!

અને તો જ આ ભાવરત્નનાં મૂલ્યની ઝાંખી–સ્હેજમાત્ર ઝાંખી થશે.

## ધૂળધોયાનું કપરૂં કાર્ય

કમલ! માત્ર વાતો વડે કંઇ નહિ વળે, જપમાં તન્મય થયા સિવાય, શ્રી પંચ પરમેષ્ઠિ પ્રત્યે અતીવ બહુમાન જગાડયા સિવાય, શ્રી નમસ્કાર મહામંત્રની સૂક્ષ્મ વિચારણાઓ કર્યા સિવાય આ પંચ નમસ્કારનું બળ કઇ રીતે અનુભવાય?

જેમ ધૂળધોયા કિચડમાંથી પણ સુવર્ણરજ શોધે છે, તેમ આપણે સમય અને શક્તિની પ્રત્યેક રજનો ઉપયોગ શ્રી નવકારની સાધનામાં સાર્થક કરીએ. આપણો આ પ્રયત્ન સરળ અને સહજપણે આત્મશુદ્ધિને પ્રાપ્ત કરવાનો છે.

આ કાર્ય ભારે ધીરજનું છે.

અહિં વિગતોનો સંગ્રહ નહિ સમ્યક્ સમજણનો ઉદય અગત્યનો છે. જેમાં માત્ર વાંચન, ચિંતન કે ચર્ચાથી નહિ વળે. વિચાર અને આચારના પ્રત્યેક કણનું સમ્યક્ પરિવર્તન કરવું પડશે. શ્રી નવકારની સાધના આ કાર્યમાં સહાયક છે.

## અધ્યાત્મનું ચઢાણ

આ કપરા માર્ગ પર ઉત્સાહ વડે ચઢવાનું બળ શ્રી પંચ પરમેષ્ઠિ પ્રત્યેની ભક્તિમાંથી મળે છે.

બાકી તો અધ્યાત્મનું ચઢાણ અનંતા એવરેસ્ટોથી ય કપરૂં છે. લાખો નિષ્ફળતાઓ અને પારાવાર વેદનાઓનો આ કાંટાળો માર્ગ ઓળંગવાનું પરમ સૌભાગ્ય ઘણા ઓછાને સાંપડે છે. જ્યાં ધીરજ–સમ્યગ્દર્શનમાંથી પ્રગટેલી

અથાગ ધીરજનું ભાતું માત્ર કામ આવશે.

## સર્વાંગી વિકાસ

કમલ ! એકાંગી વિકાસ એ સાચી રીતે વિકાસ નથી. કયારેક તો વિકાસની ભ્રમણા રચે છે.

શ્રી નવકાર મહામંત્ર સર્વાંગી વિકાસ પ્રાપ્ત કરવાનું સાધન છે. જે વડે અન્ય સાધનો પણ પ્રાપ્ત થાય છે.

જ્યાં સાધના ભાવપૂર્વક, જીવંત Living હશે તથા શ્રી પંચ પરમેષ્ઠિ પ્રત્યે સમર્પણ ભાવ હશે ત્યાં ધીમો પણ સર્વાંગી વિકાસ અવશ્ય થશે.

શ્રી જૈનદર્શન સર્વાંગી વિકાસ Total sublimation સંપૂર્ણ આત્મશુદ્ધિ પર ભાર મૂકે છે.

ત્રણ ભુવનના પરમ ઉપકારક શ્રી અરિહંતદેવો પ્રત્યે સર્વસમર્પણભાવ જો કેળવાશે તો આ ભાવ દ્વારા આ ભવમાં અને ભવાંતરમાં પણ તારા તથા અન્ય અનેકના આધ્યાત્મિક વિકાસને વેગ મળશે.

શ્રી નવકાર મંત્ર આ માર્ગની ચાવી છે. Key to spiritual Development.

## જ્ઞાન અને ક્રિયાનો સમન્વય

આવા સર્વાંગી વિકાસ માટે જ્ઞાન અને ક્રિયા બંન્ને અગત્યના છે.

તત્ત્વજ્ઞાન Philosophy માં સાચી રીતે વિજ્ઞાન Science અને કલા Art બંન્નેનો સમન્વય છે. અહિં વિજ્ઞાન Scienceને " જ્ઞાન " તથા કલા Art ને " ક્રિયા " કહી શકાય.

જ્ઞાન અને ક્રિયા એક-બીજાના વિરોધી Contradictory નથી પણ એક-બીજાના Complimentary છે.

માત્ર સમ્યગ્જ્ઞાન અને ક્રિયાના સમન્વય દ્વારા જીવનમાં આત્મવિકાસ શક્ય છે.

આવા સમન્વય પછી Cosmic order પ્રકૃતિની મહાસત્તાના સત્યોની ઝાંખી થાય છે. આ સૂક્ષ્મ સત્યો પ્રાપ્ત કરવામાં ભારે-ઘણી ભારે જવાબદારી રહેલી છે.

ઉચ્ચ જ્ઞાન Higher Knowledge સ્વત્વની યોગ્યતા અનુસાર According to the purity ot the soul પ્રાપ્ત થાય છે અને સ્વત્વની શુદ્ધિ માટે જ્ઞાન તથા ક્રિયાનો સમન્વય અનિવાર્ય છે.

કમલ ! તારો રસ શ્રી નવકાર મહામંત્રના વિજ્ઞાનમાં ઘણો છે. ઇચ્છું છું કે શ્રી નમસ્કાર મહામંત્રની સાધનામાં આ રસ પલોટાય !

## મહામંત્રનો પ્રભાવ

દૃઢ વિશ્વાસ અને અખૂટ શ્રદ્ધા સાથેનો શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ આશ્ચર્યકારક પરિણામો લાવે છે.

શ્રી નેમિચન્દ્ર જૈન જ્યોતિષાચાર્યનો સ્વાનુભવ તેમના પોતાના શબ્દોમાં સાંભળીએ.

"જો સાચી શ્રધ્ધા વડે શ્રી નમસ્કાર મહામંત્રનો પ્રયોગ કરવામાં આવે તો સર્વ પ્રકારના કઠિન કાર્યો પણ સુસાધ્ય થઈ જાય છે.

આ ઘટના મારા વિદ્યાર્થી જીવનની છે. હું તે દિવસોમાં કાશીમાં અભ્યાસ કરતો હતો એકવાર ઉનાળાની રજાઓમાં હું મારી માસીને ગામ ગયો.

ત્યાં એક વ્યક્તિને વીંછી કરડયો. વીંછી ઝેરી હતો અને પેલી વ્યક્તિને ભયંકર વેદના

શરૂ થઇ, કેટલાય માંત્રિકોએ વીંછીનું ઝેર ઉતારવાના મંત્રોપચારો કર્યા પણ વીંછી ઉતર્યો નહિ.

મારી પાસે તે વ્યક્તિને લાવવામાં આવી, લોકોએ કહ્યુંઃ "આપ કાશીમાં અધ્યયન કરો છો, અવશ્ય મંત્ર જાણતા હશો. કૃપા કરીને આ વીંછીના ઝેરને ઉતારો."

મેં મારી લાચારી અનેક પ્રકારે તેમની પાસે પ્રગટ કરી, જ્યોતિષ સંબંધી મારા જ્ઞાનને લીધે લોકોને મંત્ર સંબંધી મારા અજ્ઞાનની વાત ઉપર વિશ્વાસ આવ્યો નહિં.

સર્વે ભેગા થઇ મને આગ્રહ કરવા લાગ્યા. મારા મામાએ પણ વડિલ તરીકે મને આજ્ઞા કરી. છેલ્લે લાચાર થઇને મારે આ કાર્ય કરવું પડ્યું. મેં એકવીસ વાર શ્રી નવકાર મંત્ર ગણીને વીંછીને ઝાડવા માંડયું. મારા મનમાં અતૂટ શ્રદ્ધા હતી કે ઝેર ઉતરી જ જશે.

અને આશ્ચર્યજનક ચમત્કાર થયો કે આ મહામંત્રના પ્રભાવથી વીંછીનું ઝેર બીલકુલ ઉતરી ગયું.

વેદનાથી પીડિત વ્યક્તિને પણ હાસ્ય આવ્યું, તેણે કહ્યુંઃ "અરે, આપે ઉતારવામાં આટલો વિલંબ કેમ કર્યો? શું મારી સાથે કોઇ પૂર્વ ભવનું વેર હતું? માંત્રિકે પોતાના મંત્રને છુપાવવો નહિ જોઇએ."

ત્યાં હાજર રહેલી અન્ય વ્યક્તિઓએ પણ પ્રશંસાના સ્વરમાં મને ઠપકો આપ્યો.

મારી પ્રશંસા અહિં ચારે બાજુ પ્રસરી ગઈ.

મને પણ નવકારમંત્રનું આ ફળ જોઇને આશ્ચર્ય થયું.

બાલ્યવયથી શ્રી નવકાર મંત્ર કંઠસ્થ તો તો હતો જ. જીવનમાં આજ પ્રથમ આ મહામંત્રનો મત્કાર પ્રત્યક્ષ જોયો.

વિશેષ પછી.

સ્નેહાધીન

કિરણ

★

તારા પ્રત્યેક કાર્ય અને વિચાર માટે જ નહિ, તારા પ્રત્યેક મૌન માટે પણ તું જવાબદાર છે.

★

પ્રકાશની શોધ અવિરતપણે ચાલુ રાખ.

ન જાણે પ્રમાદની કઇ પળ શોધની રેખાને અનંત અંધકારમાં વિલીન કરી નાંખશે!

★

હજારો ધન્યવાદ છે

—સદ્‌વિચારનું સર્જન કરનારને

અને શતશઃ ધન્યવાદ છે.

—સદ્‌વિચાર જીવનારને,

★

જ્ઞાન વડે જાણી શકાય.

સંયમ વડે અનુભવી શકાય.

★

## મૃત્યુથી અભય

અરે, શા માટે માનવી મૃત્યુથી આટલો ભય પામે છે?

કારણ કે જીવન જીવવાની કળા તે જાણતો નથી.

જીવવાની કળા એટલે ધર્મ.

★

# સાધનામાર્ગની કેડી

શ્રી 'પથિક'

## આરાધનાનું મહાકાર્ય

कार्यं च किं ते परदोषदृष्ट्या
कार्यं च किं ते परचिन्तया च ।
वृथा कथं खिद्यसि बालबुद्धे !
कुरु स्वकार्यं त्यज सर्वमन्यत् ॥

હે આત્મન્! તારે બીજાના દોષ જોવાનું શું પ્રયોજન છે? બીજાની ચિંતાનું પણ તારે શું કામ?

હે બાલબુદ્ધિ અજ્ઞાની જીવ! વૃથા શા માટે દુઃખી થાય છે? તારૂં પોતાનું આત્મહિત રૂપ કાર્ય કર અને એ સિવાયનું બીજું સઘળું છોડ!

હું મારા પોતાના દોષ જોઉં, અન્યના નહિ. અરે, મારી ચિંતા કરૂં તોય બસ છે.

શું હું બીજાના હિતની ચિંતા કરૂં છું? હું મારી આત્મચિંતા ન કરૂં અને જો પર ચિંતા કરૂં તો શું એવી પરચિંતા પારમાર્થિક બનશે?

જેમના પર રાગ છે, જ્યાં સ્વાર્થભાવ છે, તેમની ચિંતા અને જેમના પર દ્વેષ છે તેમના દોષોના કાર્યમાં હું નિરર્થક દુઃખી થાઉં છું.

હવે હું સઘળું મૂકીને માત્ર આત્મહિત કરૂં.

તાત્ત્વિક રીતે જે પોતાનું આત્મહિત રૂપી કાર્ય કરે છે તે સ્વ તથા પર બન્નેનું કલ્યાણ સાધે છે.

## શ્રદ્ધાની વિદ્યુત

અમેરિકાના કેન્સાસ પરગણાની આ વાત છે.

ખેડુતના બે બાળકો સવારે વહેલા નીશાળે જાય.

મોટાભાઈની ઉમર તેર વર્ષની.

નાના ભાઈની ઉમર સાત વર્ષની.

રોજ સવારે જે વહેલો આવે તે નિશાળની સઘડી સળગાવે.

એક વાર સઘડી બરાબર સળગતી ન્હોતી.

નાના છોકરાએ કહ્યું: "પેલો ડબો ઘાસતેલનો લાગે છે. થોડું નાખવાથી તરત સળગશે."

મોટો છોકરો ડબો લઇ આવ્યો. તેમાંથી નાખતાં બીજી ક્ષણે તો જબ્બર ભડકો થઇ ગયો. આગ લાગી, ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા.

ડબામાં કેરોસીન ન્હોતું પણ ગેસોલીન હતું.

મોટો છોકરો મૃત્યુ પામ્યો. સાત વર્ષનો નાનો છોકરો પગે સખત રીતે દાઝી ગયો. ડોકટરે છોકરાને તપાસ્યો. ચિંતાતુર મા-બાપ ડોકટર સામે જોઈ રહ્યા.

ડોકટરે કહ્યું: પગ નકામા થઇ જશે. માતા પિતા ભયથી ધ્રુજી ઉઠયા.

"ડોકટર, ફરીથી સાજો-સમો થવાની શું કોઇ આશા નથી?" તેમણે પૂછ્યું.

"ઘણો ઓછો સંભવ છે." ડોકટરે કહ્યું.

શ્રદ્ધાળુ માતા-પિતા માત્ર એટલું જ બોલ્યા: "આપણે પ્રાર્થના કરીશું."

દિવસો અને મહિનાઓ જવા લાગ્યા. આ નાના છોકરાના હૈયામાં એવી જબ્બર શ્રધ્ધા હતી, "હું અવશ્ય ચાલી શકીશ. હું ચાલીશ જ. હું

સર્વેને બતાવીશ કે હું પણ ચાલી શકું છું.”

છોકરાનો આ દૃઢ નિશ્ચય સવાર, બપોર કે સાંજની માત્ર પ્રાર્થના રૂપે ન્હોતો. શ્વાસો-ચ્છ્વાસ રૂપે હતો.

જે પ્રાર્થના શ્વાસોચ્છ્વાસ રૂપે વણાઇ જાય છે, તેનાથી વિદ્યુત અસર પ્રગટે છે.

રૂઝ આવતાં લાંબો સમય થયો. અને પગનું અક્કડપણું તો બે વર્ષે ગયું.

છોકરાની શ્રધ્ધા અખૂટ હતી.

અને આ શ્રધ્ધાના બળે ધીમા પગલે તે ચાલતો થયો.

તેને ચાલતો જોઇ ડોકટરને અતિ આશ્ચર્ય થયું. ડોકટરે કહ્યું: ‘સંભવ છે કે જો તું દોડ-વાની ટેવ પાડે તો પગ કદાચ સંપૂર્ણ સારા થઈ જાય.”

પેલી શ્રધ્ધાના બીજ જેના હૈયામાં ઉંડે ઉંડે વવાયા હતા તે ઉગી નીકળ્યા.

સમય વહ્યે ગયો. આ રીતે દુ:ખ અને વેદનામાંથી શ્રધ્ધાના પ્રકાશ વડે તે આદર્શ દોડનારો બન્યો.

આજની દુનિયાના શ્રેષ્ઠ દોડનારા ગ્લેન કનિંગહામનો આ પ્રસંગ છે.

જો સામાન્ય શ્રદ્ધા અસામાન્ય પરિણામો લાવી શકે છે, તો સમ્યક્ શ્રદ્ધા શ્રેષ્ઠ ફળ પ્રાપ્ત કરાવે તેમાં શું આશ્ચર્ય !

આપણને શ્રધ્ધાની વિદ્યુતનો પરિચય નથી પ્રાર્થનાના બળનો પરિચય નથી.

જેમને પરિચય છે તેઓ જાણે છે કે શ્રધ્ધામાં કેટલી શક્તિઓ છુપાયેલી છે !

## દુર્લભ અવસર

એક દિવસ સોક્રેટીસે એથેન્સના એક પ્રસિધ્ધ સંપત્તિશાલીને પૂછ્યું:—

“ મહાશય સેફિલિઝ, કૃપા કરીને કહેશો કે આપની આ અપાર સમૃધ્ધિ વડે એવો શું લાભ આપને પ્રાપ્ત થયો છે જેને તમે તમારા જીવનમાં અતિ મૂલ્યવાય માનો છો ?”

સોક્રેટિસના આ પ્રશ્નના ઉત્તરમાં સેફિલિઝે જે કંઇ કહ્યું તે જો આજના શ્રીમંતો ફ્રેમમાં મઢીને પોતાની સામે રાખે તો સંસારમાંથી ઘણું દુ:ખ ઓછું થઈ જાય.

સેફિલિઝે સૌમ્ય ભાવથી કહ્યું:–

“મહર્ષિ ! ધનવૈભવની પ્રાપ્તિએ મને ઉદાર, ન્યાયી અને પ્રામાણિક બનાવવાનો દુર્લભ અવસર આપ્યો છે.”

ધન એક સાધન છે. આપણે ધનને સાધ્ય માની લીધું છે. આ સાધન વડે આપણે જ બંધાયા છીએ.

કાંતો ભોગવિલાસમાં આપણે આ સાધનનો દુર્વ્યય કરીએ છીએ, કાંતો લોભ વડે આ સાધન કટાય છે. આપણે ન ભૂલીએ કે કાટ એક પ્રકારનું ઝેર છે.

આત્મવૈજ્ઞાનિકો જાણે છે, કે–લોભનો કાટ ચૈતન્ય ધાતુને કેટલો હાનિકારક છે !

પ્રકૃતિનો એક નિયમ છે, કે–સાધનોનો સદુપયોગ કરનારને ફરી ફરીને વધુ સારા સાધનો પ્રાપ્ત થશે. સાધનોનો અનુપયોગ કે દુરુપયોગ કરનારને ફરી ફરીને સાધનોની પ્રાપ્તિ નહિ થાય.

એવું નથી કે જેની પાસે ધન છે તેઓ જ ઉદાર, ન્યાયી અને પ્રામાણિક બની શકે. શ્રીમંતોનેય શરમાવે એવી ઉદારતા, ન્યાયપ્રિયતા અને પ્રામાણિકતા જેમની પાસે કોડી નથી એવા અકિંચનોમાં હોય છે.

પરંતુ જેમને ધન પ્રાપ્ત થયું છે તેમની જવાબદારી વિશેષ છે.

મને ચક્ષુ પ્રાપ્ત થયા છે. રાજમાર્ગનો રસ્તો ઓળંગતા અંધ માનવીઓની હું ઉપેક્ષા નહિ કરૂં. અહિં તહિં આથડતા એકાદ અંધનો હાથ પકડી જો હું તેને સ્થાને પહોંચાડી શકું તો મેં કંઇ ભારે કાર્ય કર્યું નથી. મારી ફરજ બજાવી છે.

મને ધન પ્રાપ્ત થયું છે, જો ધનના સાધન વડે હું કોઇ સાધર્મિક બંધુનો ચિંતા–બોજો ઓછો કરી શકું, શાસનપ્રભાવનાના સત્કાર્યો શકું, ઉદાર, ન્યાયી અને પ્રામાણિક બનું તો મેં કોઈ ભારે કાર્ય કર્યું નથી.

પરંતુ હું એમ માનું કેઃ– "ધન મારી આવડત અને હોંશિયારીથી મળ્યું છે. મારા જેવો બુધ્ધિમાન કોણ છે. નિર્ધનો તેમનું પાપ ભલે ભોગવે! તેમાં મારે શું? ધન મારૂં છે, ઉદાર થવાની ફરજ મને કોઈ પાડી શકે નહિ."

મને કોણ સમજાવે કે દુર્ભાવનાઓના આ કાટ દ્વારા મારા આત્મગુણો ખવાય છે!

મને કોણ સમજાવે કે ન કરવા યોગ્ય કરવું એ જેમ ગૂન્હો છે તેમ કરવા યોગ્ય ન કરવું એ પણ ગૂન્હો છે.

ધનપ્રાપ્તિ એ દુર્લભ અવસર નથી પણ આત્મગુણોનો વિકાસ એ દુર્લભ અવસર છે.

## જીવનની હળવી ક્ષણ

જ્યારે હાસ્યલેખક માર્ક ટવેન અમેરિકાના મિસુરીમાં એક છાપું ચલાવતા હતા ત્યારે એક ગ્રાહકનો તેમના ઉપર પત્ર આવ્યો.

"શ્રી તંત્રી સાહેબ! તમારા છાપામાંથી એક કરોળીઓ મળી આવ્યો છે. હું જાણવા ઇચ્છું છું કે–આ નિશાની શુભ ભાવિની ગણાય કે અશુભ ભાવિની?"

માર્ક ટવેને પ્રત્યુત્તર લખ્યો:

"છાપામાં કરોળીઆનું હોવું ભાવિની કોઈ પ્રકારની આગાહીનું સૂચક નથી. ખરી વાત એ છે, કે–કરોળીઓ અમારા પત્રમાં એ જોતો હતો કે કયા વેપારીની જાહેર ખબર આવતી નથી કે જેથી કરોળીઓ તે દુકાને જઇ પોતાની જાળ પાથરી સુખશાંતિથી ત્યાં રહી શકે કારણકે, અમારા પત્રમાં જેઓ જાહેરાત નથી આપતા તેઓનો માલ દુકાને પડયો જ રહે છે. એટલે કરોળીઓ ત્યાં નિરાંત કરી શકે!'"

જીવનની કેટલીક ક્ષણો હળવી રીતે પસાર કરવાની આ રીત માનવના મનપરના બોજાના ભારને ફૂલ જેવો કરવામાં કેટલીકવાર સહાયક બને છે, પણ હાસ્ય કે પ્રસન્નતાની આ ક્ષણો કોઇના જીવનમાં શોક ઉદ્વેગ કે તિરસ્કાર જન્માવનારી ન બને તે ખ્યાલ રાખવો.

★

## વૈજ્ઞાનિકની વિચારવાણી

ધાર્મિક વૃત્તિ વિષે જણાવતા ડો. આઈન્સ્ટાઇને કહ્યું કે, ખૂબ ગંભીરતાથી વિચારવા જેવું છે.

"જે આપણને અજ્ઞેય છે. તેનું અસ્તિત્વ છે. તેનાં તેજસ્વી સૌન્દર્ય અને સર્વોચ્ચ જ્ઞાનની ઝાંખી જ માત્ર માનવીની પરિમિત ઇન્દ્રિયો અને અલ્પ બુધ્ધિને પ્રાપ્ત છે.

જેનામાં આ સમજણ છે, આ ભાવ છે, તેનામાં સાચી ધાર્મિકતા છે.

એ અગાધ, અજ્ઞેય, આપણો સર્વસુંદર અનુભવ થઇ શકે, કે જે સાચી કલા અને સાચા વિજ્ઞાનનું ઉગમસ્થાન છે.

આ લાગણી જેણે જીવનમાં કયારેય અનુભવી નથી, અને એ લાગણી વડે વિસ્મયથી જેના નેત્રો કયારેય પુલકિત થયા નથી, તે મૃત છે, નિર્જીવ છે.

## સુગંધિની વર્ષા

અર્વાચીન વિજ્ઞાન વાદળાને seed "સીડ" કરીને વરસાદ વરસાવવાના પ્રયોગો કરવામાં સફળ થયું છે.

પેરીસમાં વિજ્ઞાનના આ પ્રયોગનો જૂદી રીતે ઉપયોગ થયો.

એક પ્રસિદ્ધ સુગંધી નિર્માતાએ પોતાની સુગંધિઓ (perfumes પરફ્યુમ્સ) થી વાદળા "સીડ" કરાવ્યા. અર્ધો કલાક સુધી પેરીસમાં સુગંધિઓનો વરસાદ વરસ્યો.

"કેમીકલ એન્ડ એન્જીનિયરીંગ ન્યુઝ" માં આવેલા આ સમાચાર આપણે સાચા માનીશું. પ્રાકૃતિક રીતે (in nature ઇન નેચર) જૂદા જૂદા પ્રકારના મેઘની વૃષ્ટિઓ શાસ્ત્રમાં વર્ણવેલી છે.

## અક્રિયતાનું મહત્વ

મનને અક્રિય બનાવવાની શક્તિના લાભ અકથ્ય છે. કોઇ વખતે તમે કોઇ બાબત ભૂલી ગયા હો ત્યારે તે યાદ કરવા માટે કલાકો કે દિવસો સુધી મનનો ઘોડો દોડતો જ રાખો, તો કાંઈ વળતું નથી. છેવટે જ્યારે "ખેર! જવા દો એ વાતને એમ કહી મનને સુવાડી દો છો ત્યારે વાતનું સ્મરણ આપોઆપ થઈ આવે છે.

મનને અક્રિય બનાવવું એટલે (Enactive ઇનેકટીવ) પ્રમાદિ થવું એમ નહિ, મનની અક્રિયતા (Relaxation of Mind રીલેકઝેશન ઓફ માઇન્ડ) એક કલા છે.

સિલોનમાં વેદ્દા નામની એક પ્રાચીન જાતિ રહે છે. હસવું એમની પરંપરાથી વિરૂદ્ધ છે. કોઇ વેદ્દા કયારે પણ હસશે નહિ. તમે જો વેદ્દાને કારણ પૂછશો તો કહેશેઃ

"આ દુનિયામાં હસવા લાયક વાત શું છે?"

★

## —: પરદેશના ગ્રાહક બંધુઓને :—

પરદેશમાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયે મનીઓર્ડર, ક્રોસ સિવાયનો પોસ્ટલ ઓર્ડર કે નીચેના કોઈ પણ સ્થળે લવાજમ ભરવા વિનંતિ છે.

| | | |
|---|---|---|
| શ્રી દામોદર આશકરણ | પોષ્ટ બોક્ષ નં. ૯૪૮ | દારેસલામ |
| શ્રી તારાચંદ ટી. શાહ | પોષ્ટ બોક્ષ નં. ૨૦૭૦ | નૈરોબી |
| શ્રી મેઘજી ખીમજી ગુઢકા | પોષ્ટ બોક્ષ નં. ૧૧૨૮ | મોમ્બાસા |
| શ્રી રતિલાલ ઓત્તમચંદ સંઘવી | પોષ્ટ બોક્ષ નં. ૪૪૮ | જંગબાર |
| શ્રી મેઘજી ખીમજી ગુઢકા | પોષ્ટ બોક્ષ નં. ૨૧૯ | કીસુમુ |
| શ્રી મેઘજીભાઇ રૂપશી એન્ડ કું. | પોષ્ટ બોક્ષ નં. ૭ | ન્યેરી |
| શ્રી દેવશીભાઈ જીવરાજ | પોષ્ટ બોક્ષ નં. ૯૬ | થીકા |
| શ્રી મૂલચંદ એલ. મહેતા | પોષ્ટ બોક્ષ નં. ૧૨૭ | મોગાડીસ્કીઓ |

# ★ અ મી ઝ ર ણાં ★

## પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

સુગુરુ એવી પ્રશંસા કરે નહિ કે પ્રશંસામાં લોભાઇને સામો જીવ ધર્મના બદલામાં અધર્મ પામે.

જેટલા દુઃખના ડરપોક એટલા સત્યહીનજ રહેવાના.

પુણ્યથી મળેલી શ્રીમંતાઇ પણ ટેસ્ટથી ભોગવાય તો દુર્ગતિજ આવે અને પાપોદયથી આવેલી દરિદ્રતા ટેસ્ટથી ભોગવાય તો સદ્‌ગતિ આપનારી થાય.

કોઈ ખાય તે જેને ન ખમાય તેને ખાવા ન મળે.

મિથ્યાત્વ, અવિરતિ, કષાય એ ત્રણેયના હુકમથી સેવાતા મન-વચન-કાયાના યોગો આવતા ભવને બગાડનારા છે.

વર્તમાનમાં પ્રાપ્ત થતી સારી-નરસી સ્થિતિને ભૂતકાળના પુણ્ય-પાપના ખાતે જમા કરે, જ્ઞાનીની આજ્ઞા મુજબની ધર્મપ્રવૃત્તિ કરે અને કર્મયોગે થતી સંસારની પ્રવૃતિ પરાભવને લક્ષમાં રાખીને કરે, આવી જેની માનસિક સ્થિતિ હોય તેનું નામ આસ્તિક.

જેને ભૂતકાળમાં અનંત કાળ રખડયાનો ખ્યાલ, અને વર્તમાનમાં પાપ ન બંધાય તેની સાવચેતી, અને ભવિષ્યકાળમાં ભટકવું ન પડે તેની ચિંતા ન હોય, તેને ધર્મમાં રસ ન હોય. અને આવે પણ નહિ.

જેવા ન હોઇએ તેવા ઓળખાવાની ઈચ્છા તેના જેવું જગતમાં કોઈ પાપ નથી.

પરલોકની ચિંતા ન હોય એવાના ઘેર જન્મવું તે પણ પાપોદય છે.

ધર્મપ્રવૃત્તિ ધર્મ પામવાના ઇરાદે થાય અથવા હૈયામાં ધર્મ આવ્યો હોય તો તેને વધુ સ્થિર અને વૃદ્ધિ કરવા માટે થાય. આ બે આશય સિવાયની ધર્મપ્રવૃત્તિ તે સાચી ધર્મપ્રવૃત્તિ ન કહેવાય.

માણુસ વિચારશીલ બને છે એટલે વાતોડીઓ મટી જાય.

વિચારશીલ માણુસ પોતાની પ્રશંસા અને પારકી નિંદા ન કરે.

ધર્મનું સુખ પરોક્ષ છે એમ કહેવાય છે, તે સ્વર્ગાદિની અપેક્ષાએ. બાકી સામાયિક સુખ તો પ્રત્યક્ષ છે.

ધર્મ આત્મામાં આવે એટલે દુઃખ પોતે જ સુખ લાગી જાય.

ધર્મીને દુઃખ આવે તો માને કે મારાં કર્મો ખપે છે, પણ સમાધિ ગુમાવે નહિ.

જે ગામમાં જિનમંદિર હોય તે ગામ અમારી દૃષ્ટિએ મોટું શહેર છે અને જે શહેરમાં જિનમંદિર ન હોય તે શહેર હોવા છતાં એ ઉજ્જડ ગામડું છે. અમને આ પ્રમાણે ન લાગે તો તે સુસાધુપણાની ખામી છે.

દેવભક્તિમાં દ્રવ્યની શુદ્ધિ વધારે તેમ ભાવપ્રાપ્તિનું સુંદર નિમિત્ત છે.

જૈનશાસનને પામેલો કદાચ કૃપણ હોય તેથી દાન કરશે કે નહિ પણ તે કૃપણતાનું દુઃખ તેને હોયજ.

પુણ્યયોગે મળેલી સાધન-સામગ્રીનો મોક્ષમાર્ગની સાધનામાં ઉપયોગ ન થતો હોય તો માનવુંજ જોઈએ કે ગતભવમાં ખરાબ ભાવપૂર્વક ધર્મ કર્યો છે પણ શુદ્ધ ભાવે કર્યો નથી.

ગાઢ મિથ્યાદૃષ્ટિ આત્મા સંસારસુખની

લાલસાએ ગમે તેટલી ધર્મપ્રવૃત્તિ કરે તેનાથી પુણ્ય બંધાય અને સાથે સાથે ગાઢ મિથ્યાત્વ બંધાય તે પુણ્યના ઉદયકાળ સાથેજ ઉદયમાં આવી શુદ્ધ દેવગુરૂ નહિ માનવા દે એટલું જ નહિ પણ અવગણના પૂર્વક મદોન્મત્ત બનેલો તે પાપબંધ કરી દુર્ગતિનો અતિથિ જરૂર બને.

એક પુદ્ગલ પરાવર્તથી જેનો સંસાર અધિક હોય તો તેને શ્રી જિનેશ્વરદેવની વાણી પણ રૂચે નહિ.

જેના હૈયામાં ભાવ હોય તેને છતી શક્તિએ પારકા પૈસે ધર્મ કરવાનું મન ન હોય.

દાન કરનાર મળે પણ લક્ષ્મીને ખરાબ માનનારા ઓછા મળે. શીલ પાળનારા મળે પણ વિષયોને ભૂંડા માનનારા ઓછા મળે, અને તપ કરનારા મળે પણ આહારનું વ્યસન ખરાબ છે એમ માનનારા ઓછા મળે. તથા ભાવના ભાવવા છતાં યે ભાવને જ ખરાબ માનનારા ક્વચિત્ મળે.

લક્ષ્મી આવે ને સારા માર્ગે ખરચવાનું મન ન થાય તો સમજવું કે પાપ કરાવવા માટે આવી છે.

જેના હૈયામાં જિન ન હોય તે સાચો જૈન ન કહેવાય.

ધર્મને જાણ્યા વગર સાચો ધર્મ થાય નહિ. અને સાચો ધર્મ થયા વગર સંસાર ખસે નહિ. સંસાર ખસ્યા વગર મુક્તિ નજીક આવે નહિ. માટે ધર્મ બરાબર જાણવો જોઇએ અને ન જણાય ત્યાં સુધી જાણકારની નિશ્રામાં જ રહેવું જોઇએ.

તેર તેર કાઠીઆ તે કાઠીઆ સ્વરૂપ તેને જ લાગે કે જેને ધર્મશાસ્ત્ર સાંભળવાની તીવ્ર ઇચ્છા હોય અને કાઠીઆ જીતે તે જ બરાબર સાંભળે.

જગતમાં પ્રેમ કરવા લાયક કોઈપણ ચીજ હોય તો તે દેવ, ગુરુ, ધર્મ અને ધર્મી જ એમ માને, દુન્યવી કોઇપણ ચીજ ન ગમે, આઠ વરસ થયા પછી જેટલા વર્ષ સંસારમાં ગયા અને જાય તેટલાં વર્ષ મોહે મને ઠગ્યો એવું માને તે સમકિતી.

સમકિત પામેલો જીવ અવિરતિને દબાવે અને વિરતિને ઇચ્છે, તેને જ સમકિત રહે, નહિ તો સમકિત ચાલ્યું જાય.

આત્મા સમકિતી થાય એટલે વિરતિનો ભૂખ્યો થાય જ.

ગમે તેવું સારૂં કામ પણ ગુરુને પૂછ્યા વિના થાય નહિ.

નિરારંભી સાધુઓએ બને ત્યાં સુધી ચોમાસામાં આંગળી સરખીએ પણ હલાવવી જોઈએ નહિ. એટલે કે અંગોપાંગની સંલીનતા જોઇએ.

જેણે મોક્ષે જવું હોય તેણે જગતના સર્વ જીવોપર દયાળુ થવું પડે. અને કોઇનાય દુઃખમાં નિમિત્ત થવાનું બંધ કરવું પડે, તો મોક્ષે જઈ શકાય.

પોતે જે ધર્માચરણ જાણે નહિ કે ઇચ્છે નહિ., તે બીજાને ધર્મોપદેશ કરી શકે નહિ.

જેને વિરતિ ગમે તેને દાન ન ગમે એ ન બને.

ભટકયો તેનું ભાન, ભટકવાનો ભય આ બેનો હૈયામાં વિચાર જાગે તોજ ધર્મની બધી વાતો રૂચે. મોક્ષને રસિયો બને તેજ જૈન.

# ★ અષ્ટ-પ્રવચન-માતાનું રહસ્ય ★

શ્રી કુંવરજી મૂળચંદ દોશી મદ્રાસ

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ અષ્ટ-પ્રવચન માતા કહેવાય છે. માતા એકાંતે પુત્રનું શુભ કરનારી હોય છે, તે આ અષ્ટ-પ્રવચનમાતા મુનિને હિત કરનાર માતા સમાન છે. ચારિત્ર ગુણ સમુદાયને વધારનાર છે. કર્મમલથી રહિત એવું નિર્મલ શિવ-સુખ, તેને આપનાર છે. ચારિત્ર એ મુનિઓનું ગાત્ર છે. તેની ઉત્પત્તિ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને આભારી છે. વળી ઉત્પન્ન થયેલ ચારિત્રરૂપ ગાત્રનું સર્વ ઉપદ્રવોથી નિવારણ અને પોષણ કરવા પૂર્વક એ આઠ પ્રવચનમાતા પાલન કરે છે. અને જ્યારે ચારિત્રગાત્ર અતિચારરૂપ મેલથી મલીન બને છે, ત્યારે તે તેનું સંશોધન કરે છે. એ પ્રમાણે માતાની જેમ જતન-પરિપાલન અને સંશોધનરૂપ ક્રિયાઓ આ આઠ કરે છે. એથી એ અષ્ટ-પ્રવચન-માતા તરીકે ઓળખાય છે. આ આઠ પ્રવચન માતા સર્વશ્રુતજ્ઞાનના સારભૂત છે. એના પાલનથીજ શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે "જઘન્યથી આઠ પ્રવચન માતા જેટલું શ્રુતજ્ઞાન ભણેલ અને ઉત્કૃષ્ટથી ચૌદ પૂર્વનાં શ્રુતજ્ઞાનવાળા મોક્ષે જાય છે" આ અષ્ટ-પ્રવચન માતાના ધારક મુનિ મહારાજ છે. આથી અષ્ટ પ્રવચન માતાનું તાત્વિક સ્વરૂપ જાણવું એ ખાસ જરૂરી છે.

સમિતિઃ- સમ્યગ્ ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ તે સમિતિ. તે પાંચ પ્રકારે છે. ગુપ્તિ-સમ્યક્ પ્રકારે ઉપયોગ પૂર્વક નિવૃત્તિ (સાવદ્ય-યોગથી) તથા પ્રવૃત્તિ. તે ગુપ્તિ ત્રણ પ્રકાર છે. અથવા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પૂર્વક ત્રણ પ્રકારના યોગોને શાસ્ત્રમાં કહેલ વિધિ અનુસાર પોત-પોતાનાં માર્ગમાં સ્થાપન કરવાં તે ગુપ્તિ. અથવા सम्यग् योगनिग्रहः गुप्तिः એટલે કે મન, વચન અને કાયાથી ઉત્પન્ન થતી અસત્ પ્રવૃત્તિને રોકવી તે ગુપ્તિ.

સ્થાનાંગ સૂત્રમાં પાંચ સમિતિ ઉપરાન્ત ત્રણ ગુપ્તિને પણ સમિતિરૂપજ જણાવેલ છે. જ્યારે ઉત્તરાધ્યયનમાં ગુપ્તિને ઉત્સર્ગ માર્ગ તરીકે સમિતિને મુનિના અપવાદ માર્ગ તરીકે જણાવેલ છે.

આથી આપણે જાણી શકીએ છીએ કે ગુપ્તિમાં અસત્ક્રિયાનો નિષેધ અને સત્ક્રિયાની પ્રવૃત્તિ એ બન્ને માટે સ્થાન છે. જ્યારે સમિતિમાં સત્ક્રિયાની પ્રવર્તના માટેજ અવકાશ છે. ગુપ્તિ: પ્રવૃત્તિ-નિવૃત્તિ ઉભયરૂપ છે. જ્યારે સમિતિ કેવલ પ્રવૃત્તિરૂપ છે, એકમાં પ્રવૃત્તિ મુખ્ય છે. જ્યારે બીજામાં નિવૃત્તિ મુખ્ય છે. હવે પ્રશ્ન થાય છે કે (૧) સમિતિ જો પ્રવૃત્તિરૂપ છે તો તે શુભ આશ્રવ રૂપ છે. તેને સંવરતત્ત્વમાં કેમ સ્થાન આપ્યું? (૨) ગુપ્તિ પણ પ્રવૃત્તિરૂપે આશ્રવમાં જ જાય છે, તો તેને સંવરતત્ત્વમાં કેમ સ્થાન આપ્યું! નિવૃત્તિરૂપ ગુપ્તિ ભલે સંવરતત્ત્વમાં આવે પણ પ્રવૃત્તિ રૂપ કેવી રીતે આવી શકે? (૩) સમિતિમાં સમ્યક્પ્રવૃત્તિને સ્થાન છે, એટલે તેમાં અસમ્યક્ પ્રવૃત્તિને તો સ્થાન જ નથી એટલે પણ ગુપ્તિ જેવી જ છે, પછી તેને અલગ કેમ ગણી? જ્યારે સમ્યક્ પ્રવૃત્તિ હોય ત્યારે અસમ્યક્ પ્રવૃત્તિ હોઈ શકે નહિં. એટલે સમિતિમાં પણ અસમ્યગ્ નિવૃત્તિ આવીજ જાય છે. પછી ગુપ્તિનો ભેદ જુદો પાડવાની જરૂર રહેતી નથી?

આ બધા પ્રશ્નોનો જવાબ મેળવવા માટે તેનું વાસ્તવિક સ્વરૂપ જાણવું તે જરૂરી બની જાય છે. વળી શ્રદ્ધા અને સમજણપૂર્વક મન-વચન-કાયાને ઉન્માર્ગથી રોકવા અને તેને સન્માર્ગે પ્રવર્તાવવા એ ધર્મ-પાલનનું આવશ્યક અંગ છે. એથી ઉન્માર્ગના ઉન્મૂલન માટે અને સન્માર્ગનાં સંરક્ષણ માટે પણ ગુપ્તિ અને સમિતિનું તાત્વિક સ્વરૂપ જાણવું જરૂરી છે. અત્યારે જ્યારે કેટલાક જડ-ક્રિયાવાદીઓ ફક્ત ક્રિયામાં જ ધર્મ માની રહ્યા છે. કેટલાક શુષ્કજ્ઞાનીઓ જ્ઞાનને નામે અજ્ઞાનનો પ્રચાર કરી રહ્યા છે. અને કેટલાંક કહેવાતાં અધ્યાત્મવાદીઓ અધ્યાત્મને નામે પ્રાણીઓને અન્-અધ્યાત્મની બક્ષીસ કરી રહ્યાં છે. ત્યારે સમિતિ અને ગુપ્તિની તાત્વિક વિચારણા ખાસ જરૂરી બની જાય છે.

મુનિપણું એટલે ગુપ્તિનું આરાધન. મુનિપણાનું સાધ્ય અયોગી ભાવ-અયોગી દશા છે. આથીજ અયોગી બનવાની રુચિવાળા મુનિ-મહારાજ ગુપ્તિને ધારણ કરે

છે. મનોયોગ-વચનયોગ અને કાય-યોગ એમ યોગો ત્રણ પ્રકારે છે, મિથ્યાત્વ, અવિરતિ-પ્રમાદ-કષાય અને યોગ એ પાંચ કર્મબંધનાં કારણો છે. તેમાં યોગ પણ એક કારણ છે. જ્યાં સુધી યોગો છે ત્યાં સુધી કર્મબંધ પણ ચાલુ જ છે. તેર ગુણઠાણા સયોગી ગુણઠાણા છે, એટલે ત્યાં સુધી કર્મ-બંધન પણ છે. **जोगा पयडी पएसो.** અને ત્યાં સુધી સંસાર છે. આથી મોક્ષની ઇચ્છાવાલા એવા મુનિ મહારાજને અયોગીભાવ એ સાધ્ય છે. અને અયોગી ભાવની સાધના માટે મુનિપણું છે. તેથી સાધ્યની સિદ્ધિ માટે મુનિમહારાજ ગુપ્તિને ધારણ કરે છે.

મનને સંકલ્પ-વિકલ્પ રહિત કરે છે. વચન સર્વથા બોલતા નથી. કાયવ્યાપાર બીલકુલ કરતા નથી. આ ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યા પ્રમાણે ઉત્સર્ગ માર્ગ છે. કે જેમાં મુનિમહારાજ મન-વચન અને કાયાનાં યોગોની પ્રવૃત્તિઓ અટકાવે છે, પરંતુ આ ભાવ સંપૂર્ણ પણે સર્વ-સંવરમય ચૌદમા ગુણસ્થાનકે સંપૂર્ણ હોય છે. એટલે પ્રમત્ત-ગુણસ્થાનકોમાં પ્રમાદના યોગે આવો ભાવ કાયમી ટકી શકે નહીં ત્યારે સમિતિ માર્ગમાં ચાલે એટલે સમિતિનું પાલન કરે. એ ગુપ્તિનો અપવાદ છે, એટલે અપવાદમાર્ગ છે. છઠું ગુણસ્થાનક પ્રમત્ત ગુણસ્થાનક છે. એટલે ત્યાં ગુપ્તિનું પાલન અશક્ય છે. એટલે જ્યારે ગુપ્તિમાં ન રહી શકે ત્યારે સમિતિનું પાલન કરે. પણ સમિતિ એ સાધ્ય નથી. સાધ્ય તો ગુપ્તિ જ છે. એટલે ગુપ્તિને લાવનાર સમિતિ એ જ સાચી સમિતિ છે. ગુપ્તિના ધ્યેય રહિત એકલું સમિતિનું પાલન એ એ સમિતિ નહીં પણ અસમિતિ જ છે. કેટલાક જડ-ક્રિયાવાદીઓ અથવા ધર્મનાં સાચાં સ્વરૂપનાં ખ્યાલ વગરનાં સમિતિના પાલનને જ ધર્મ માનીને બેસી જાય છે. સમિતિના પાલનમાં પુરતી તકેદારી રાખે છે. પણ ગુપ્તિ માટે સમિતિ છે એ ખ્યાલ હોતો નથી. તેઓની સમિતિ એ અસમિતિ છે.

સમિતિ અને ગુપ્તિ એ સંવર તત્ત્વનાં ભેદો છે. એટલે તેમનું કાર્ય આશ્રવોનો નિરોધ કરવાનું છે. ગુપ્તિ તો સંવરમય જ છે, જ્યારે મુનિ મહારાજ સ્વભાવમાં લીન થઇ ગુપ્તિવંત રહે છે ત્યારે મન-વચન-કાયાનાં યોગોની પ્રવૃત્તિ અલ્પ હોય છે. કર્મગ્રહણ . યોગ-વીર્ય વડે થાય છે. એટલે ગુપ્તિવંત મુનિને સંવરની મુખ્યતા છે. આ મુનિ મહારાજનો ઉત્સર્ગ માર્ગ છે. નિશ્ચયનયનો માર્ગ છે. સાધ્ય છે. અને તેમાં નિર્જરા પણ હોયજ છે. એટલે આત્મસ્વરૂપ પ્રાપ્ત થાય છે.

સમિતિનું પાલન કરનાર મુનિ પણ સંવર અને નિર્જરા બન્ને કરે છે. પણ આ માર્ગ અપવાદ માર્ગ છે. પ્રમાદ દશા છે. કારણ કે આચરવા યોગ્ય છે. વ્યવહાર માર્ગ છે. દ્રવ્ય ચારિત્ર છે. પણ તે શુદ્ધ વ્યવહાર માર્ગ છે. નિશ્ચયનું કારણ છે. માટે સમિતિ પણ ગુણનાં સમુદાય રૂપ છે.

આ બન્ને માર્ગો જિનકથિત માર્ગો છે. એનું પાલન એ જિનાજ્ઞાનું પાલન છે. જ્યાં જિનાજ્ઞા છે. ત્યાં ધર્મ છે. **आणाऍ धम्मो.** જ્યાં ધર્મ છે ત્યાં વસ્તુના સ્વભાવની પ્રાપ્તિ છે. એટલે ત્યાં સંવર અને નિર્જરા છે. જિનાજ્ઞા સિવાયનો ધર્મ એ અધર્મ છે. પ્રમત્ત ગુણસ્થાનકે વિચરનાર મુનિને સમિતિનું પાલન તે પણ જિનાજ્ઞાનુંજ પાલન છે. અને તેજ સાચો ધર્મ છે. જેઓ એકલી ગુપ્તિને આગળ કરી છઠ્ઠા ગુણસ્થાનકે સમિતિનો ખ્યાલ રાખતા નથી, તેઓ જિનાજ્ઞાનું યથાર્થ પાલન કરી શકતા નથી. અને જેઓ સમિતિને વળગી રહી ગુપ્તિનું ધ્યેય રાખતા નથી તેઓ કેવલ વ્યવહારને જ પકડતા હોવાથી જિનાજ્ઞાનું પાલન કરી શક્તિશાળી બનતાં નથી. અપવાદમાર્ગમાંજ અટવાઇ જાય છે.

સમિતિનું પાલન પર એટલે દ્રવ્યને આશ્રયીને હોવાથી તે દ્રવ્ય ચારિત્રનું પાલન છે. ગુપ્તિ તે ભાવ છે. એટલે ગુપ્તિના પાલનમાં ભાવ ચારિત્ર છે. ભાવદૃષ્ટિ તે લક્ષ્ય છે. સાધ્ય છે. ધ્યેય છે. ભાવદૃષ્ટિ લક્ષ્યમાં રાખી દ્રવ્યથી ક્રિયા કરનાર મોક્ષરૂપી લક્ષ્મી પ્રાપ્ત કરી શકે છે. દ્રવ્ય તે ભાવનું કારણ છે. સમિતિ તે ગુપ્તિનું કારણ છે. કારણ વિના કાર્યની ઉત્પત્તિ થાય નહીં.

આથી સમિતિરૂપ દ્રવ્ય ચારિત્રનાં પાલન શીવાય

ગુપ્તિરૂપ ભાવ ચારિત્ર ઉત્પન્ન થઇ શકે નહીં તે તત્ત્વ છે. ગુપ્તિ સંવરમય છે, તો તેનું કારણ સમિતિ પણ સંવરમય છે. કારણ કે જેવું કારણ તેવું કાર્ય. સંપૂર્ણ ગુપ્ત અવસ્થા ચૌદમા ગુણસ્થાનકે છે. ગુપ્તિનું પાલન તે અપ્રમત્ત દશા છે. ગુપ્તિવંત અપ્રમત્ત હોય છે. સાતમાથી બારમા ગુણસ્થાનક સુધી ગુપ્તિની મુખ્યતા છે. ત્યાં સાતમા ગુણસ્થાનકે ધર્મધ્યાન અને આઠથી બારમા ગુણસ્થાનક સુધી શુકલધ્યાન છે. ત્યાં કાય-યોગની પ્રવૃત્તિ શ્વાસ આદિની ક્રિયામાં ચાલુ હોય છે. વચનયોગમાં વચન-યોગની પ્રવૃત્તિ હોઈ શકે છે. મનયોગની પ્રવૃત્તિ તો ધ્યાનમય જ છે. એટલે મનોયોગ પણ ચાલુ છે.

આથી નિષ્કર્ષ એ થયો કે ગુપ્તિમાં નિવૃત્તિની મુખ્યતા છે અને પ્રવૃત્તિની ગૌણતા છે. આવી એકલી ગુપ્તિનું પાલન ઉપરનાં ગુણસ્થાનકોમાં હોય છે. એટલે ઉપર શરૂઆતમં ગુપ્તિની આપેલી વ્યાખ્યા યોગ્ય છે. અને ઉત્તરાધ્યયન પ્રમાણે ઉત્સર્ગ માર્ગનું જ પાલન છે. એટલે તે પણ યોગ્ય જ છે. તેરમા ગુણસ્થાનકે કેવલિ ભગવંતોને આહાર-વિહાર આદિ બાદર કાયયોગ રૂપે; ધર્મોપદેશ રૂપ બાદર વચન યોગ રૂપે અને ચૌદ પૂર્વધરાદિનાં શંકાના પરિહાર માટે મનોયોગની પ્રવૃત્તિ પણ હોય છે. આ અવસ્થા અપ્રમત્ત અવસ્થા છે. એટલે અહીં પણ ગુપ્તિ જ પાલન છે. એટલે અહીં પણ ગુપ્તિ પ્રવૃત્તિ રૂપ છે. ચૌદમું ગુણસ્થાનક સર્વ સંવરમય હોવાથી સમ્પૂર્ણ ગુપ્તિવંત અવસ્થા-વાળું છે. એટલે કેવળ નિવૃત્તિ રૂપી ગુપ્તિ આ જ ગુણસ્થાનકને હોય છે.

પ્રમત્ત ગુણસ્થાનક એટલે છઠ્ઠા ગુણસ્થાનકે સમિતિનું આચરણ જ મુખ્ય હોય છે, પણ તે ગુપ્તિનાં ધ્યેયવાળું અને ગુપ્તિની સાધના માટે હોય છે. આથી સમિતિ તે પણ ધર્મ રૂપ જ છે. વળી સમિતિના પાલનમાં અસમ્યક્ પ્રવૃત્તિનો ત્યાગ હોય છે. એટલે તેનો સંવર હોય છે. સમ્યક્પ્રવૃત્તિનું આચ-રણ હોય છે. તે પણ સંવર રૂપ કાર્યનું કારણ હોવા છતાં સંવર રૂપ છે.

આત્મામાં ગુણો પ્રગટ થવાથી જે સાધકનાં પરિણામ તે આત્મપરિણતિ કહેવાય છે. આ આત્મ-પરિણતિ સમિતિ અને ગુપ્તિ એમ ઉભયરૂપ છે. આ બન્ને જ્યારે એકરૂપ થઇ જાય ત્યારે મોક્ષની પ્રાપ્તિ થાય છે. મુનિને મોક્ષ એ સાધ્ય છે, સમિતિ અને ગુપ્તિ તેનાં સાધન છે. આત્મા સાધક છે. સાધક એવો આત્મ સમિતિ-ગુપ્તિ રૂપ સાધન વડે મોક્ષરૂપી સાધ્યની સિદ્ધિ કરે છે. આને નિશ્ચય-નયની પરિભાષામાં આ રીતે સમજી શકીએ કે:- મુનિ મહારાજ સાધ્ય સિદ્ધ કરવાની રુચિવાળા થઇ સમિતિ-ગુપ્તિ રૂપ સાધનને ધારણ કરી પરમ અહિં-સક ભાવથી મોક્ષની-નિરુપાધિક સુખની સાધના કરે છે.

આત્મા જ્યારે આત્માનાં ગુણોને ન હણે ત્યારે તે પરમ અહિંસક ભાવ પામ્યો કહેવાય. અન્યના પ્રાણો હરણ કરવાં તે દ્રવ્ય હિંસા છે. અને આત્માનાં ગુણો હણવા તે ભાવ હિંસા છે. જ્યારે ભાવ અહિં-સક ભાવની સાધના પરિપૂર્ણ દશાને પામે ત્યારે મોક્ષ રૂપી પર્યાય પ્રગટ થાય છે. જ્યાં સુધી પરભાવમાં રમણતા છે ત્યાં સુધી ભાવ હિંસા છે. એટલે ત્યાં સુધી મોક્ષપ્રાપ્તિ પણ થઇ શકતી નથી. સમિતિ અને ગુપ્તિ આત્માને સ્વભાવમાં રાખનાર છે. જ્યારે આત્મા સ્વભાવમાં લીન થાય છે ત્યારે બીજી બધી ઉપાધિ ટળી જાય છે. અને નિરુપાધિક દશાની પ્રાપ્તિ થાય છે.

ગુપ્તિ પ્રમત્ત દશામાં એકાંતે શકય નથી તે આપણે આગળ જોઇ ગયા છીએ. માટે ગુપ્તિનાં ધ્યેયવાળું સમિતિનું પાલન તે જ મુનિઓ માટે હિતકર છે. અને મોક્ષરૂપ નિરુપાધિક સુખને આપ-નાર છે. માટે મુમુક્ષુ આત્માઓએ ભાવના લક્ષ્ય પૂર્વક દ્રવ્યક્રિયાનું પાલન અવશ્ય કરવું જોઇએ. આ આ પ્રમાણે સમિતિ-ગુપ્તિનું સ્વરૂપ યથાર્થ સમજી જે તેનું આરાધન કરવામાં ઉદ્યમી બનશે તે તેનાં આરાધનદ્વારા મોક્ષરૂપ સુખને પ્રાપ્ત કરશે.

★

## સુધારો

'કલ્યાણ' માસિક વર્ષ ૧૫ અંક ૬-૭ ના શંકા-સમાધાનના કોલમ ૧ પંક્તિ ૨૨ અને ૨૪ માં **જિનદર્શન** ને બદલે **જિનપૂજન** સમજવું.

# મધપૂડો

સં. શ્રી મધુકર

થોડું થોડું પાપ મને કશું કરી શકવાનું નથી, એમ સમજી પાપને હસી કાઢવું નહિ કે તેના તરફ બેદરકાર પણ ન રહેવું. ટીપું ટીપું પાણી ટપકતાં જેમ ઘડો ભરાઇને છલકી જાય છે તેમ પાપ કરનાર અજ્ઞાન માનવીનું મન પણ પાપથી ભરાઇ જાય છે. પછી તેને કશું કલ્યાણકારી કાર્ય સૂઝતું નથી.

★

ઘરની શોભા સંસ્કાર, ધનની શોભા વિદ્વત્તા, પુરુષની શોભા સદ્‌બુધ્ધિ, સ્ત્રીની શોભા લજ્જા છે.

★

તુલસી જીએ જનસે બને ન ઉંચા કામ;
મહત નગારા નહિ બજે ચુવા કેરે ચામ.

સોના તું તો બડા કુપાતર,
તેને હમકુ ખુવાર કીયા;
તું તો સોતે બડી નિંદને,
હમકુ ચોકીદાર બનવાયા.

★

પોતાના દોષ પ્રત્યે દુર્ભાવ સેવે અને અન્યના સદ્‌ગુણ પ્રત્યે સદ્‌ભાવ સેવે તેનું નામ સંત.

★

પોતાની અપાત્રતાનું ભાન થતાં સુપાત્ર બનવાની તીવ્ર ઇચ્છાથી આંખમાં આંસુ આવશે ત્યારે જ ઇશ્વરકૃપા સાંપડશે.

★

શાસનના પ્રભાવ વિના પણ સમાજ સ્વચ્છ અને સ્વસ્થ કેમ રહી શકે? તે દર્શાવનારી ક્રિયા શાસ્ત્રો અને સંતો પાસે છે.

★

પોતાના દોષ અંગે શોક જાગશે નહિ અને વૃત્તિઓ એ દોષને ત્યાગશે નહિ ત્યાં સુધી પ્રભુની આંખ અમીદૃષ્ટિ રાખશે નહિ.

★

જ્ઞાન એટલે સમજ, ભક્તિ એટલે સ્નેહ અને કર્મ એટલે સમર્પણ. સમજ અને સ્નેહ પૂર્વકનું અન્યને માટેનું આત્મસમર્પણ એટલે જ્ઞાન, ભક્તિ અને કર્મનો ત્રિવેણી સંગમ.

★

વિલાસીને પૂજા કરવાનું નહિ, જાતે પૂજાવાનું ગમે છે. તેથી જ વિલાસ ઉલ્લાસનો નહિ ત્રાસનો જનક નિવડે છે.

★

જ્ઞાન અને વૈરાગ્ય જીભમાં વસે છે, પરંતુ ક્રિયાથી દૂર ખસે છે. તેથી જ ભક્તિ ક્ષીણ બને છે.

★

## કથામાંથી બે ચીજ મેળવો

પ્રેમ અને પવિત્રતા. તેમાંથી પુણ્ય અને પ્રતિષ્ઠા પામવાની ઇચ્છા રાખશો તો શ્રવણ ભક્તિ નાશ પામશે.

★

ગુણોમાંથી યશ જન્મે અભિલાષમાંથી કીર્તિ જન્મે. યશ સદા નિર્મળ રહેશે.... કીર્તિ તો કલંકિત બને.

★

જેની ઉપાસના ઉપાસકને ઉપાસ્ય જેવો બનાવે તેનું નામ ઇશ્વર.

★

અભીષ્ટપરિણામ આવતાં ગર્વિષ્ટ બનીને અક-ડાય નહિ અને અનિષ્ટ પરિણામ આવતાં હતાશ બનીને અકળાય નહિ, તેજ ઇશ્વરનો બંદો.

## દુનિયા દુઃખી શાથી ?

અન્નવિક્રયથી વિદ્યાવિક્રયથી, અને ચારિત્ર વિક્રયથી.

★

પ્રાણના ભોગે પણ જે અન્યનું હિત સાધે તેનું નામ સંત.

★

જીવનમાં વિલાસ જ્યારે પ્રાધાન્ય ભોગવે છે, ત્યારે વિકાસ રૂંધાઈ જાય છે.

★

મૃત્યુ પછીની મુસાફરીમાં વાટ ખર્ચી તરીકે અહીંની કોઇ પણ બેંકનું બેલેન્સ કામ નહિ લાગે એ માટે તો સત્કર્મનું બેંકબેલેન્સ જ કામ લાગશે.

પરંતુ સત્કર્મના એ બેંકબેલેન્સને કીર્તિ અગર અન્ય કોઇ બદલો મેળવવાની કામનાથી ઘટાડશો નહિ. કિર્તિ–લાલસા એ બેંકબેલેન્સ ઘટાડનારી ચેકબુક છે. એટલું યાદ રાખજો.

એક બાજુથી સત્કર્મનું બેંકબેલેન્સ એકઠું કર્યા કરશો અને બીજી બાજુથી કીર્તિ–લાલસાની ચેકબુકનાં પાનાં ફાડયાજ કરશો તો ખરે વખતે મૃત્યુ પછીની મુસાફરીથી લખેલો આપનો ચેક "નો બેલેન્સ" ના રીમાર્ક સાથે પાછો આવશે. અને ત્યારે દળી દળીને કુલડીમાં ભર્યા જેવી દશા અનુભવતાં પસ્તાવાનો પાર નહિ રહે.

સત્કર્મની વૃત્તિને આપના સ્વભાવમાં એવી રીતે વણી લો કે એ શ્વાસોચ્છ્વાસની જેમ સાવ સ્વાભાવિક બની રહે....

જે રીતે શ્વાસોચ્છ્વાસની ક્રિયા નાસિકા કશાય પ્રકારની ધ્યાન ન ખેંચાય તે રીતે આપ સ્વાભાવિક રીતે જ કરે છે, તેવીજ આપના હાથપગ અને હૈયું સત્કર્મને આધારે જ જીવે છે એવી રીતે સ્વાભાવિકતા કેળવો. તો અંતે આપનોજ વિજય છે.

આજે દર્શન અગર ઉપાસના ફળતાં નથી તેનું મુખ્ય કારણ એ છે કે આપણી દૃષ્ટિ બદલાઇ છે. પ્રભુ સમક્ષ નજર માંડતા તેનું નિત્ય નિયમિતપણું, તેની ધ્યાનસ્થ સાવધાની અને તેની ચિરંજીવ પ્રસન્નતાને ધ્યાનમાં લો.... દર્શન જરૂર ફળશે.

★

જીવન ક્ષેત્રે ગાફેલ રહેનાર માનવી અભીષ્ટ પરિણામ વખતે ઉન્માદમાં મહાલે છે. અનિ-ષ્ટ પરિણામ વખતે વિષાદમાં અટવાય છે.

આ ઉન્માદ અને વિષાદ જ્યારે પ્રમાદમાં પરિણમે છે ત્યારે તેનું જીવન બરબાદ બને છે.

આ પ્રકારની બરબાદીમાંથી બચવું હોય તો નિત્ય જાગૃત રહો. ઇષ્ટ અને અનિષ્ટ પરિણામ પ્રાપ્ત થતાં અડગ રહી કર્તવ્ય અને કિરતારને યાદ કરો.

★

ત્યાગના મૂળમાં નિષ્ફળતાનો વિષાદ નહિ પરંતુ જ્ઞાન, ભક્તિ અને કર્મની ઊંડી સમજણ પૂર્વકનો વિવેક હોવો જોઇએ.

★

વસ્તુનો સદુપયોગ ન થાય તો સાચવીને રાખી મૂકજો કે સદુપયોગ કરે તેને સોંપી દેજો પરંતુ દુરુપયોગ તો ન જ કરશો.

★

વ્યક્તિ અને વસ્તુનો પરસ્પર સંયોગ કરી પરસ્પર દીપે તે રીતે વિનિયોગ કરવાની સુયોજન શક્તિ એટલે વિવેક.

★

જીવનનો સીધો અને સરળ ઉદ્દેશ આ હોવો જોઇએ, ભલા થવું અને ભલું કરવું.

★

જીવનમંથનમાં ગાફલ રહેનારને ઝેર મળે અને સાવધ રહેનારને સુધા સાંપડે.

★

પ્રત્યેક માનવીના જીવનમાં એકાદ જીવન-વ્રત કાં તો હોવુંજ જોઇએ. જીવનવ્રત જ માનવીને ખરેટાણે જીવાડનારૂં નીવડે છે.

★

પરિગ્રહ અને દુરાગ્રહ જગતમાં વિગ્રહ અને વેદનાના વ્યાપક પ્રસાદના આ બે જ પ્રખર કારણો છે.

★

સ્વભાવમાંથી દુરાગ્રહ નીકળી જાય અને સામગ્રીમાંથી પરિગ્રહ નીકળી જાય તો સાધુતા પ્રાપ્ત થાય છે.

★

ચારિત્ર્ય નિર્મળ હશે તો સ્વાસ્થ્ય નિર્બળ નહિ રહે.

★

મનની વૃત્તિઓ કાબૂમાં રાખી શકાશે તો તપની નિરોગિતા કાબૂમાં જ રહેશે.

★

અજ્ઞાન એટલે સંકુચિત અને સ્વાર્થમય વિચારસરણી.

આ અજ્ઞાન માનવીના જીવનવિકાસમાં અવરોધ રૂપ બનીને તેને આત્મોધ્ધારને પંથે કૂચ કરતો અટકાવે છે.

★

જેને પરમાત્મતત્ત્વનું મહત્ત્વ સમજાઇ ચૂકયું છે અને જેને માટે પરમાત્મતત્ત્વ સાથેના તાદાત્મ્ય સાધવાની કળા સુલભ બની છે, તેનું સંકલ્પબળ દૈવીબળ બની રહેશે.

★

સોમાંથી નવ્વાણું ટકા લોકો તો મનની નબળાઈ અને અજ્ઞાનમય દશાને કારણે જ દુઃખમય દશામાં સબડતા હોય છે

★

પાગલખાનાના ડોકટરને ગાંડા માણસો ગમે તેવી ગાળો દે, ડોકટર સાથે ગમે તેવી ગાંડી ચેષ્ટાઓ કરે, છતાં સાચા ડોકટરના મન પર તેના માટે જરા પણ ઘૃણા કે તિરસ્કારની લાગણી ઉદ્દભવતી નથી. એ તો વળી ગાંડાઓની પ્રત્યેક ચેષ્ટાને સહાનુભૂતિપૂર્વક વિચારે છે. સંસારમાં સંત પણ એ જ ભાવનાથી વિચરે છે. સમસ્ત સંસાર એને મન પાગલખાના સમો અને પોતાની ફરજ પાગલખાનાના ડોકટરની હોય છે.

તેથી સંસારના માનવીઓ તેનો ગમે તેટલો તિરસ્કાર કરે, તેને ગમે તેટલી ગાળો દે, અગર તો તેને ગમે તે રીતની ઈજા પહોંચાડે અરે ખુદ તેનું જીવન ટુંકાવી નાખવાના પ્રયત્નો કરે તો પણ તે સંસાર પ્રત્યે કોઈપણ પ્રકારની ઘૃણાજન્ય લાગણીથી જોતા નથી.... એ તો સંસારની પાગલતાના ઇલાજ જ વિચારતા હોય છે અને એ ઇલાજને અસરકારક બનાવવા તેમને સંસારના પાગલ માનવીઓ પણ કૃપા વરસાવવા અરજ પૂર્જકની પ્રાર્થના જ કરતા હોય છે.

## આશ્ચર્યના ત્રણ દાખલા

उद्घाटितनवद्वारे, पंजरे विहगोऽनिलः
यत्तिष्ठति तदाश्चर्यं, प्रयाणे विस्मयः कुतः

ખુલ્લાં જેના નવદ્વારો, પાંજરે પ્રાણપંખીડું;
પુરાઈ રહે તે કૌતુક, ઊડી જાતાં નવાઇ શી ?

નવ દરવાજાવાળું પાંજરૂં છે, વળી નવે દરવાજા ખૂલ્લા પડયા છે, એ એકેય બંધ

નથી, તથાપિ પ્રાણરૂપી પક્ષી તેમાં પૂરાઇ રહે છે. અને ઊડી જતુ નથી અને માણસો ઊંધી સમજને લીધે ઉડી જવાની ઘટનાને આશ્ચર્યકારક ગણે છે. તે પહેલુ આશ્ચર્ય.

अहन्यहनि भूतानि, गच्छन्तीह यमालयम् ।
शेषाः स्थावरमिच्छन्ति किमाश्चर्यं यतः परम् ॥

'રોજને રોજ જાય છે, પ્રાણીઓ યમમંદિરે:
માને અમર પોતાને, એથી બીજી નવાઈ શી ?'

બીજું આશ્ચર્ય એ છે કે, રોજ ને રોજ જગતમાં માણસો મરતાં નજરે દેખાય છે, મરનારના સ્નેહિઓ જ મડદાને બાળે છે, કે દાટે છે, આવું રોજ નજરે જોતાં છતાં પણ માણસ પોતાને અજર અમર માને છે. બાળવા જનારમાંથી કોઈને ય એવો વિચાર સરખો નથી આવતો કે એક દિવસ મારી પણ આ જ ગતિ થવાની છે, એ કાંઇ ઓછું આશ્ચર્ય છે ?

सुलभं भगवन्नाम जिह्वा च वशवर्तिनी
तथापि नरके यान्ति किमाश्चर्यमतः परम् ।
સાધ્ય છે ઈશ્વર નામ, જીભ છે જપવા વળી,
છતાં નર્કે પડે પ્રાણી, એથી બીજી નવાઇ શી ?

આ ઉપરાંતનું ત્રીજું આશ્ચર્ય નવાઇ પમાડે તેવું છે. ઈશ્વરનું નામ બહુજ સુલભ છે. વળી માણસને પસંદ પડે તે નામ લેવાથી પણ ચાલે તેમ છે. નામ લેવામાં કાંઇ દામ બેસતા નથી તેમજ કાંઈ ખાસ પરિશ્રમ પણ કરવો પડે તેમ નથી. કારણ કે જીભ પ્રભુએ તેના મોઢામાંજ આપી રાખી છે. અને તેમાં હાડકું ન હોવાથી જેમ વાળો તેમ વળે તેવી છે. આટલી બધી સગવડ હોવા છતાં માણસો ઈશ્વરનું નામ લેતા જ નથી તેના જેવું બીજું શું આશ્ચર્ય હોય ?

★

કાકડીનું મોઢું કાપીને કડવાશ મટાડવા માટે લોકો મીઠું ભરીને લૂણે છે.

★

સારાભાઇ નવાબનું અનન્ય પ્રકાશન

**જૈન ચિત્ર કલ્પદ્રુમ [ ગ્રંથ બીજો ]**

સંપાદક: **સારાભાઇ નવાબ મૂલ્ય રૂા. પચાસ**

આ ગ્રંથમાં **જેસલમેર**ના કિલ્લાના જૈન ગ્રંથ ભંડારની કાષ્ઠપટ્ટિકાઓ નં. ૧૯ તથા નવી દિલ્હીમાં ૧૯૫૬ માં યુનેસ્કોના આશ્રયે ભરાયેલ **જૈન ચિત્રકલા**ના પ્રદર્શનમાં રજૂ કરવામાં આવેલી **કલ્પસૂત્ર** અને **કાલક કથા**નાં બધાંયે ૪૫ ચિત્રો તથા પાટણના શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરની શ્રી **સુપાર્શ્વનાથ ચરિત્ર**ની હસ્ત પ્રતના ૩૫ ચિત્રો અને જગતભરના કલાપ્રેમીઓમાં પ્રસિદ્ધિ પામેલી **અમદાવાદ**ના દેવશાના પાડામાં આવેલી **દયાવિમલજી શાસ્ત્રસંગ્રહ**ની અપ્રતિમ ચિત્રકલાવલિ કલ્પસૂત્રની હસ્તપ્રતના સુંદર હાંસીઆઓ, કિનારો અને બીજી હસ્તપ્રતોમાં આજસુધી પ્રાપ્ત નહિ થયેલા કલ્પસૂત્રનાં ૧૮૪ ચિત્ર પ્રસંગો મળીને કુલ ૨૮૩ ચિત્રોના રસથાળ સમો અપ્રતિમ ગ્રંથ.

ઓફ સેટ કાગળ ઉપર આ ગ્રંથ છપાયો છે. પાકું રેકઝીનનું બાઇન્ડીંગ બેરંગી જેકેટ, કાગળના ખોખામાં દરેક નકલ મૂકેલી છે. આ ગ્રંથમાં છપાયેલાં સઘળાં ય ચિત્રો અમારા પહેલાના કોઇ પણ પ્રકાશનમાં છપાવવામાં આવેલ નથી.

પ્રાપ્તિસ્થાન: **સારાભાઈ મણીલાલ નવાબ** છીપા માવજીની પોળ **અમદાવાદ**

# સમાચાર સાર

**આરાધના ;** છાણીમાં પૂ૦ આ૦ શ્રી વિજયભુવનસૂરીશ્વરજી મહારાજ તથા મુનિરાજ શ્રી સુદર્શનવિજયજી-ગણિવર આદિનું ચાતુર્માસ થતાં આરાધના ઉલ્લાસપૂર્વક થઈ હતી. અક્ષયનિધિ તપની આરાધનામાં ૫૦ ભાઇ-બ્હેનો અને ચોસઠપહોરી પૌષધમાં દશ ભાઈઓ જોડાયા હતા. પર્યુષણ પર્વના દિવસોમાં પૂજા, પ્રભાવના, રાત્રિજાગરણ, તપશ્ચર્યા, જલયાત્રાનો વરઘોડો વગેરે ધાર્મિક અનુષ્ઠાનો સુંદર રીતે થયાં હતાં. સંવત્સરી પ્રતિક્રમણ બાદ શ્રી ચંદુભાઈ સોમચંદ શાહ તથા શ્રી લીલચંદ ધુળાભાઈ તરફથી શ્રીફળની પ્રભાવના થઈ હતી.

**ગંભીરા :** [ખેડા] મુનિરાજ શ્રી કમળવિજયજી મહરાજની નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધના સુંદર રીતે થઇ હતી. અટ્ઠાઇની તપશ્ચર્યા નવ જણે કરી હતી. સંવત્સરીનો ઉપવાસ કરનાર દરેક ભાઈ-બ્હેનોને શાહ નંદલાલ નગીનદાસ તરફથી એક રૂપીઓ અને શ્રીફળની પ્રભાવના થઇ હતી. શ્રી સાકરલાલ માણેકલાલ તરફથી ભાદરવા સુદી ૫ ના દિવસે આ ગામના સંઘ સહિત સાધર્મિકવાત્સલ્ય થયું હતું. અને પાંચમના દિવસે શ્રી જયંતીલાલભાઈ તરફથી નવકારશી થઇ હતી.

**અમી ઝર્યાં :** મોટી ખાખર (કચ્છ) તા. ૧૮-૯-૫૮ ના રોજ શ્રી આદીશ્વર ભગવાનના જમણા અંગુઠા પાસેથી વીસ મિનીટ અમી ઝર્યું હતું. સેંકડો ભાઇ-બ્હેનો જોઈને હર્ષથી પુલકિત બન્યાં હતાં. સાધ્વીશ્રી મણિશ્રીજી આદિ ચાર્તુમાસ બિરાજતાં હોવાથી પર્યુષણ પર્વની આરાધના સારી થઈ હતી.

**મોટી આફત :** ઝરીયા [માનભૂમ] ભારત સરકારના ખાણુ વિભાગની દેખરેખ રાખનારા ઓફીસરની ભલામણથી ધનબાદ ડીવીઝનલ મેજિસ્ટ્રેટે તા. ૮-૯-૫૮ ના રોજ સને ૧૯૩૧માં લાગેલી આગના કારણે ઝરીયાના ફતેહપુર વિભાગના (ગુજરાતી લતાના) મકાનોને ૨૪ કલાકમાં ખાલી કરી જવાનો વટહુકમ બહાર પાડયો છે. જો ખાલી નહિ કરવામાં આવે તો પોલીસ મારફત ખાલી કરાવવામાં આવશે, જો કે છેલ્લા ૨૭ વર્ષમાં આગમાં ખાસ કાંઇ વધારો-ઘટાડો જોવામા આવતો નથી.

આ હુકમ બહાર પડતા જનતામાં ખૂબજ ઉહાપોહ અને ખળભળાટ જાગ્યો છે. આ ઓર્ડરની અંદર જૈન દહેરાસર, ઉપાશ્રય તથા રથાલયની જગ્યા આવી જાય છે. એથી ઝરીયાનો સંઘ મુંઝવણ અનુભવી રહેલ છે, આ કાર્ય માટે શ્રી દેવસીભાઇ કલકત્તા ગયેલ અને ત્યાંના સંઘને તથા કોન્ફરંસના પ્રમુખ શ્રી મોહનલાલભાઇને મળી સઘળી હકીકતથી વાકેફ કર્યાં હતા. દરેકે સહકાર અને સહાનુભૂતિ દર્શાવ્યા હતાં. આ વિઘ્ન નિવારણાર્થે તા. ૨૫-૯-૫૮ ના રોજ ૮૧ આયંબિલની તપશ્ચર્યા તથા એક લાખ નવકાર મંત્રનો જાપ કરવામાં આવ્યો હતો. સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી હતી.

**અંધેરી :**(મુંબઈ) મુનિરાજ શ્રી નિર્મલવિજયજી મહારાજની તથા મુનિરાજ શ્રી સદ્ગુણવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધના સુંદર થઇ હતી. માસખમણ તથા બાર ઉપવાસ વગેરેની નાની-મોટી સારી એવી સંખ્યામાં તપશ્ચર્યા થઇ હતી, દેવદ્રવ્યની ઉપજ સારા પ્રમાણમાં થઇ હતી.

**કુચેરા :** (મારવાડ) મુનિરાજ ચંદ્રોદયવિજયજી મ૦ તથા મુનિરાજ દક્ષપ્રભવિજયજી મહારાજના ચાતુર્માસથી શાસનપ્રભાવના, ધાર્મિક અનુષ્ઠાનો અને તપશ્ચર્યા માસખમણ, અગીઆર, નવ અને અટ્ઠાઇ વગેરે થઈ હતી. અટ્ઠાઈમહોત્સવ, રથયાત્રા, આંગી, પૂજા, પ્રભાવના વગેરેમાં ઉત્સાહ સારો હતો.

**પર્યુષણ પર્વની આરાધના :** લાતુર (દક્ષિણ) માં પૂ૦ મુનિમહારાજશ્રીનું ચાતુર્માસ નહિં હોવાથી ગોધરા જૈન પાઠશાળાના શિક્ષક શ્રી ઉમંગલાલ જે. શાહ પર્યુષણ પર્વની આરાધના કરાવવા આવ્યા હતા. આઠે દિવસ વ્યાખ્યાન, પ્રતિક્રમણ, પૂજા, ભાવના આદિમાં મોટી સંખ્યાએ ભાગ લીધો હતો. દહેરાસરના પૂજારી શ્રી હીરજીભાઇએ ૧૬ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી. તેમનું સંઘ તરફથી સવા તોલા સોનાના બટન અને વીંટી આપી બહુમાન થયું હતું.

**અમી ઝર્યાં :** જેસર (પાલીતાણા) તા.

૧૬-૯-૫૮ ના રોજ શ્રી શ્રેયાંસનાથ ભ૦ ને અમી ઝરવાનું શરૂ થયું હતું. અને ૨૧-૯-૫૮ બપોરના બે વાગે શ્રી મહાવીરસ્વામીને અમી ઝર્યાં હતાં. અમને તા. ૨૩-૯-૫૮ નો લખેલો સંઘનો પત્ર મળે છે ત્યાં સુધીનો અહેવાલ જણાવે છે કે રોજ અમી ઝર્યા કરે છે.

**૮૧ લાખ નવકાર :** પૂ૦ આ૦ શ્રી વિજયયશોદેવસૂરિજી મહારાજની પુણ્યનિશ્રામાં બીજા શ્રાવણ સુદી ૧૧થી કેટલાક ભાઈ-બ્હેનોએ ખીરના એકાસણા વગેરે વિધિવિધાન પૂર્વક લાખોની સંખ્યામાં શ્રીનવકાર-મહામંત્રનો જાપ કરેલ છે. પર્યુષણ પર્વની આરાધના નિમિત્તે શ્રી અટ્ટાઇ મહોત્સવ તથા શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું.

**સાંગલી :** મુનિરાજ શ્રી મુક્તિવિજયજી મહારાજ આદિ ચાતુર્માસ બિરાજતાં હોવાથી ધાર્મિક આરાધના અને શાસનપ્રભાવના સુંદર થઇ છે, પર્યુષણ પર્વની આરાધના કરવા બહાર ગામથી એક હજાર ભાઇ-બ્હેનો પધાર્યા હતાં. તેમની સાધર્મિક ભક્તિનો લાભ આઠે દિવસ શ્રી સોમચંદ માનચંદ ભાઇએ લીધો હતો, તપશ્ચર્યા વગેરે સારા પ્રમાણમાં થયેલ.

**વાપી :** [ગુજરાત] પૂ૦ મુનિરાજ શ્રી મૃગાંકવિજયજી મહારાજ આદિ ચાતુર્માસ હોવાથી જૈન જનતા સારા પ્રમાણમાં ધાર્મિક અનુષ્ઠાનોમાં રસ લઇ રહેલા છે, પૂ૦ મહારાજશ્રીના સદુપદેશથી પર્યુષણ પર્વમાં પૂજા, પ્રભાવના, આંગી વગેરે સુંદર થયું હતું.

**બગવાડા :** એ વાપી નજીક આવેલ છે. તીર્થસ્વરૂપ સ્થળ છે. ચોમાસામાટે પૂ૦ મહારાજ શ્રી નહિ હોવાથી પર્યુષણ પર્વની આરાધના કરાવવા માટે વાપીથી પૂ૦ મુનિરાજ શ્રી ભદ્રાનંદવિજયજી મ૦ ઠાણા-૨ પધાર્યા હતાં, આરાધના સુંદર કરાવી હતી.

**બીજાપુર :** પૂ૦ મહારાજ શ્રી ચાતુર્માસ નહિ હોવાથી શ્રી રસીકલાલભાઇએ પર્યુષણ પર્વની આરાધના કરાવી હતી. રોજ પૂજા, આંગી, ભાવના, પ્રભાવના વગેરે સુંદર થયું હતું. સંઘ જમણ શ્રી સોમચંદ દલીચંદ તથા શ્રી ઝવેરચંદ દલીચંદ તરફથી થયું હતું.

**શીરોહી :** (રાજસ્થાન) પૂ૦ આ૦ શ્રી રામસૂરિજી મહારાજ આદિ ચાતુર્માસ બિરાજમાન છે. પર્યુષણ પર્વમાં દશ અટ્ટાઇઓ થઇ હતી. પૂ૦ વિશાલવિજયજી મહારાજે પંદર ઉપવાસ કર્યા હતા. દેવદ્રવ્યની ઉપજ સારી થઇ હતી. પાઠશાળાની ટીપ શરૂ કરતાં રૂ.૫૦૦ થયા હતા.

**સિદ્ધપુર :** (ગુજરાત) પાટણવાળા શ્રી ચંદુલાલ ભુદરભાઈએ પર્યુષણ પર્વમાં વ્યાખ્યાનો વાંચ્યાં હતાં. વ્યાખ્યાન વાંચવાની શૈલી સારી હોવાથી સારી સંખ્યામાં જનતા લાભ લેતી હતી. જલયાત્રાનો વરઘોડો ઠાઠમાઠથી નિકળ્યો હતો. આરાધના સુંદર કરાવી હતી.

**શેગાંવ:** સંઘના આમંત્રણથી પર્યુષણ પર્વની આરાધના કરાવવા માટે ભાભરવાળા શ્રી ઇશ્વરલાલ હરગોવનદાસ આવ્યા હતા. આઠે દિવસ પૂજા, ભાવના, પ્રભાવના, આંગી વગેરે થયાં હતાં. ચાર સ્વામિવાત્સલ્ય થયાં હતાં સોળ ઉપવાસ, અઠ્ઠાઇ વગેરે તપશ્ચર્યા પણ ઠીક પ્રમાણમાં થઇ હતી.

**ધર્મજાગૃતિ :** ઇડર પંન્યાસજી પ્રવીણવિજયજી મહારાજ આદિની નિશ્રામાં ચાતુર્માસ દરમીયાન પીસ્તાલીસ આગમ વગેરે વિવિધ તપો, સવા કરોડ 'અરિહંત' પદનો જાપ (૫૭૫ આયંબિલ સાથે) એક લાખ નવકારમંત્રનો જાપ, (એક ધાનના આયંબિલ સાથે) તેમજ પર્યુષણ પર્વમાં દસ, આઠ, છ, પાંચ આદિ તપશ્ચર્યા થઈ હતી. એકંદર ધર્મપ્રભાવના સારા પ્રમાણમાં થઇ હતી.

**રાજકોટ :** સાક્ષરવર્ય શ્રી મોહનલાલ ચુનીલાલ ધામીના ધર્મપત્ની અ. સૌ. શ્રી કાંતાબેને અઠ્ઠાઇની તપશ્ચર્યા કરી હતી. એ નિમિત્તે શ્રી મોહનભાઇ તરફથી જલયાત્રાનો ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો હતો.

**પરમેષ્ઠિ નમસ્કાર :** પંન્યાસજી ભદ્રંકરવિજયજી મહારાજે લખેલ આ પુસ્તક દરેકે વસાવવા જેવું છે. કાગળ, પ્રીન્ટીંગ અને લખાણ ઉમદા હોવા છતાં પડતર કિંમતે જ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. મૂલ્ય ૧-૪-૦.

**ઓળીનું આરાધન :** મુંબઇ ખાતે શ્રી જેઠાભાઇ ખીમજીભાઈને ૯૯ મી ઓળી ભાદરવા વદિ

ક્રમે પુરી થશે અને શ્રી કાનજીભાઇને [૭૫ વર્ષની વયે] રાધનપુર ખાતે ૯૮ મી ઓળી ચાલુ છે.

**સુધારો :** આણંદ ખાતે ચાતુર્માસ સ્થળોની યાદિમાં મુનિ શ્રી ભદ્રસાગરજી છપાયું છે પણ તેના બદલે આ૦ શ્રી વિવેકચંદ્રસૂરિજી મ૦ નું ચાતુર્માસ સમજવું અને ચેલા (સૌરાષ્ટ્ર) માં મુનિ શ્રી ગૌતમસાગરજી મ૦ નું ચાતુર્માસ છપાયું છે, પણ તે મહારાજશ્રી ત્યાં નથી.

**છ માસિક પરીક્ષા :** ભાવનગર તેર પાઠશાળા અને કન્યાશાળાની ધાર્મિક પરીક્ષા ઓગષ્ટના છેલ્લા અઠવાડિયામાં લીધી હતી. કૂલ સાતસો વિદ્યાર્થીભાઇ-બ્હેનોએ ભાગ લીધો હતો. શિક્ષક ભાઇ-બ્હેનોએ શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘના અભ્યાસક્રમને પ્રીય બનાવનામાં સારો રસ લીધો છે. મંડળની પેટી ફંડની યોજનાથી સારો એવો ટેકો મળી રહ્યો છે.

**વિદ્યાપીઠની પરીક્ષા :** પુના જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ તરફથી લેવાતી પાંચ ધાર્મિક પરીક્ષાઓ લેખિત ઓગષ્ટ મહિનામાં દરેક કેંદ્રોમાં લેવામાં આવી છે, ૨૮૦૦ ઉપરાંત ભાઇ-બ્હેનોએ ભાગ લીધો છે. પાંચે પરીક્ષાની મૌખિક પરીક્ષા માટે નિયુક્ત થયેલા શ્રી જેચંદભાઇ ધ્રુવ, શ્રી જમનાદાસ લાલજીભાઇ, શ્રી મનુભાઈ કેશવલાલ વગેરે ફરીને જુદા જુદા કેન્દ્રોમાં મૌખિક પરીક્ષા લઇ રહ્યા છે. પરિણામ નવેમ્બરમાં પ્રગટ થવા સંભવ છે,

**અમી ઝરણાં :** અમદાવાદ રીલીફ રોડ પર નિશાપોળના જગવલ્લભ પાર્શ્વનાથના જિનાલયના ભોંયરામાં ભગવાનની પ્રતિમા પર સર્પો ફરતા તેમજ અમી ઝર્યાં હતાં. બંધ દહેરાસરમાં જાણે પૂજા ભણાતી હોય તે રીતે નગારાં, ખંજરી વગેરે રણકવા લાગી. નાટારંભ થવા લાગ્યો. ટ્રસ્ટીઓ વગેરેને ખબર આપતાં દરેક આવ્યા ત્યારે આ અવાજ ચાલુ હતો. ભગવાનની જાણે તાજી જ કોઇએ પૂજા કરી હોય તેવા કેશરના ચાંદલા અને તાજાં ફુલ ભગવાનને ચડેલાં હતાં. બીજે દિવસે પણ એ ફુલ તાજાં જ જણાયાં હતાં. આ એક અદ્દભુત ચમત્કાર છે.

**કપડવણજ :** મુનિરાજ શ્રી ચંદ્રોદયસાગરજી મ૦ આદિ ચાતુર્માસ પધારતાં શાસનપ્રભાવના સારા પ્રમાણમાં થઇ છે. શત્રુંજયતપની આરાધના ૨૭૫ ભાઇ-બ્હેનોએ કરી હતી. તપસ્વીઓનું સાધર્મિક વાત્સલ્ય પાંચ દિવસ જુદા જુદા ભાઇઓ તરફથી થયું હતું. પારણાં શ્રી વાડીલાલભાઇ તથા શ્રી શાંતિલાલભાઈ જીનવાળા તરફથી થયાં હતાં. પ્રગટપ્રભાવી ચિંતામણી પાર્શ્વનાથનો અઠ્ઠમનો તપ ૩૫૦ જણે કર્યો હતો. ઉવસગ્ગહરં સ્તોત્ર તથા ૧૦૮ પાર્શ્વનાથના પુણ્ય નામનો પવિત્ર જાપ સતત ત્રણ દિવસ ચાલુ હતો. તે દિવસોમાં સુરતથી સુશ્રાવક ઝવેરીઓને બોલાવીને પાર્શ્વનાથ ભ૦ ને લાખો રૂ. ની ઝવેરાતની આંગી કરાવી હતી. આ અંગે જલયાત્રાનો ભારી વરઘોડો ચડયો હતો. પૂજા, ભાવના, પ્રભાવના વગેરે સુંદર પ્રમાણમાં થયું હતું. પૂ૦ મહારાજશ્રીએ સદુપદેશ કરતાં શ્રી શત્રુંજય ગિરિરાજનો ચાંદીનો પટ બનાવવા માટે શેઠ શ્રી ભોગીલાલ વીરચંદ તરફથી રૂ. ૧૦૦૧ મળ્યા હતા. તેમજ બીજાઓએ પણ સારી રકમ આપી હતી. જોત-જોતામાં રૂ. ચાર હજાર થયા હતા. પૂ૦ મહારાજશ્રીની આ જન્મભૂમિ છે અને ૨૭ વર્ષે પધાર્યા છે એથી સંઘમાં ઉત્સાહ અનેરો હતો.

**ધાર્મિક પરીક્ષા :** વઢવાણ શહેર શ્રી મોહનલાલ વાઘજીભાઇ જૈન પાઠશાળાના અભ્યાસકોની શ્રી વાડીલાલ મગનલાલ શેઠે તથા શ્રી અમુલખભાઇ મૂળચંદભાઇએ તા. ૧૦-૮-૫૮ ના રોજ લેતાં પરિણામ સંતોષજનક આવ્યું છે. ઇનામો શેઠ શ્રી રતિલાલ જીવણભાઈ તરફથી અપાશે. સંસ્થાના સેક્રેટરી શ્રી કપુરચંદભાઈ ફુલચંદ તથા મેમ્બરો પાઠશાળાની વિશેષ પ્રગત્તિ થાય તે માટે ચીવટ રાખી રહ્યા છે. શિક્ષક શ્રી ખીમચંદ મફતલાલભાઈ તથા શિક્ષિકા બ્હેનોની કામગિરીથી સંતોષ અનુભવી પગારમાં વધારો કર્યો છે. શ્રી મણિબેન સવચંદ તરફથી અભ્યાસકોને અરધી કિંમતે પુસ્તકો આપવા માટે રૂ. ૫૦૧, ની રકમ પાઠશાળાને આપી છે.

**રાજકોટ :** સાધ્વી શ્રી ખાંતિશ્રીજી મહારાજ આદિ ચાતુર્માસ અત્રે બિરાજે છે. તેમના ઉપદેશથી બ્હેનોમાં ધર્મજાગૃતિ સારા પ્રમાણમાં આવી છે. સાધ્વીશ્રી ૐકારશ્રીજી સવા બે મહિનાથી મૌનમાં છે. ચાતુર્માસ સુધી મૌન રાખવા ભાવના છે. સાધ્વીશ્રી સુમંગલાશ્રીજી વર્ધમાન તપની ૨૧મી ઓળીનું પારણું

કર્યા સિવાય વીશસ્થાનકની ચોથભત્તી ઓળીની આરાધના કરી રહ્યાં છે. સાધ્વી શ્રી કલ્પલતાશ્રીજી અઢી મહિનાથી આયંબિલ કરે છે. અને સૌથી નાના સાધ્વીશ્રી સ્વયંપ્રજ્ઞાશ્રીજીએ માસક્ષમણની તપશ્ચર્યા કરી હતી. તે નિમિત્તે રાજકોટ જૈન સંઘે અઠ્ઠાઈ મહોત્સવ, જળયાત્રાનો વરઘોડો વગેરે સારા પ્રમાણમાં કર્યું હતું.

**શીનોર :** મુનિ શ્રી કૈલાસવિજયજી મહારાજના સદુપદેશથી ચંદનબાળાના અઠ્ઠમની આરાધના ઘણી બ્હેનોએ કરી હતી. તે અંગે પૂજા, ભાવના, પ્રભાવના થઇ હતી. પૂ૦ મુનિરાજ શ્રી વિનયવિજયજી મહારાજે શ્રી વર્ધમાન તપની ૫૦ મી ઓળી ઉપર અઠ્ઠાઈ કરી છે. સાધ્વી શ્રી પ્રીયંકરાશ્રી મ૦ ચોમાસું હોવાથી બ્હેનો સારી સંખ્યામાં ધર્મપ્રવૃત્તિમાં જોડાઇ છે.

**ભેટ મળશે :** સ્યાદ્વાદ રત્નાકરના જુજ સેટ ભેટ આપવાના છે. તો જરૂર હોય તેઓએ આ સીરનામે લખવું. એસ. પ્રીથીરાજ ઠે. મેડોઝ સ્ટ્રીટ ચુલાઈ મદ્રાસ–૭

**તપની અનુમોદના :** સાધ્વી શ્રી રક્ષાશ્રીજી મ. ને એક હજાર આયંબિલ કરવાની ભાવના હતી પણ કોલેરાથી ૬૬૮ આયંબિલે પારણું કરવું પડયું છે.

**નવા ડીસા :** પંન્યાસજી ભદ્રંકરવિજયજી મહારાજ આદિ ચાતુર્માસ બિરાજમાન હોવાથી ધર્મ આરાધના સારા પ્રમાણમાં થઈ છે. પૂજા, આંગી, ભાવના, પ્રભાવના. વરઘોડો, તપશ્ચર્યા નવકારશી વગેરે સારા પ્રમાણમાં થયેલ.

**વિશિષ્ટ આરાધન :** પંન્યાસજી ભદ્રંકરવિજયજી મહારાજના ઉપદેશથી મહામંગલકારી નવકાર મહામંત્રનું આરાધન ૮–૧૦–૫૮ થી શરૂ થયેલ છે. આ આરાધન વીસ દિવસ ચાલશે. રોજ પાંચ હજાર શ્રી નવકાર મંત્રનો જાપ, પાંચ હજાર શ્વેત પુષ્પોથી પ્રભુપૂજન, આયંબિલ, એકાસણાનો તપ, મૌન પણે જાપ, અને બીજી પણ શાસ્ત્રોક્ત વિધિથી આ આરાધન ઉત્સાહભેર ચાલી રહ્યું છે. આ પ્રસંગની વિશિષ્ટ ઉજવણી નિમિત્તે આસો શુદિ ૭ થી આસો વદિ ૧ સુધીમાં અઠ્ઠાઈ મહોત્સવ અને સિદ્ધચક્ર બૃહત્ પૂજન થશે.

**સમેતશીખરજી યાત્રા :** દરવર્ષે શ્રી સમેતશીખરજી આદિ તીર્થોની યાત્રાએ લઈ જતા શ્રી અંબાલાલ લક્ષ્મીચંદ વડોદરાવાળા ખુબજ ઓછા દરથી યાત્રાળુઓને લઇ જાય છે, આજ સુધીમાં આશરે પંદરેક હજાર ભાઇ–બ્હેનોને સ્પેશ્યલ ટ્રેનદ્વારા યાત્રાઓ કરાવી છે. તેમને ભાવનગરના આગેવાન વેપારી શેઠશ્રી રતિલાલ લલ્લુભાઇ તરફથી એક સુવર્ણચંદ્રક આપવાનો સમારંભ યોજવામાં આવ્યો હતો અને તે વખતે શ્રી અંબાલાલભાઇએ જાહેર કર્યું હતું કે દીક્ષા લેવા ઇચ્છનાર બ્હેનોને શીખરજીની યાત્રા ટ્રેનમાં મફત લઇ જવામાં અવશે.

**ધંધુકા :** મુનિરાજ શ્રી રવિવિજયજી મહારાજના સદુપદેશથી વર્ધમાન તપનાં થડાં ૨૫ ભાઈ–બ્હેનોએ નાખ્યા છે. તેમને ચાંદીની નવકારવાળી, કટાસણાં, ચરવળાની પ્રભાવના થઈ હતી. શ્રી દલસુખભાઇ નાગરદાસ તરફથી પારણાં કરાવવામાં આવ્યાં હતાં. દરેક તપસ્વીને શ્રીફળ અને રૂા. ની પ્રભાવના કરી હતી. પર્યુષણ પર્વની આરાધના પણ સુંદર રીતે થઇ હતી.

**ઇનામી સમારંભ :** રાજકોટ જૈન પાઠશાળાની પરીક્ષા ઉપાધ્યાયજી કૈલાસસાગરજી મહારાજે લીધી હતી. પરિણામ ૯૫ ટકા આવ્યું હતું. શ્રી રમણિકલાલ માસ્તર આવ્યા પછી અભ્યાસ અને સંખ્યામાં પ્રગતિ સારી થઇ છે. આ અંગે પૂ૦ ઉપાધ્યાયજી મ. ની નિશ્રામાં એક ઇનામી સમારંભ યોજવામાં આવ્યો હતો. ૩૦૦, રૂા. નાં ઇનામો વહેંચાયાં હતાં. 'ચૈતન્યવંતો ચમત્કાર' એ નામનો સંવાદ બાળકોએ ભજવી બતાવ્યો હતો તેમાં પાંચ વર્ષના શ્રી અનંતકુમારે દીપક નૃત્ય સુંદર કરી બતાવ્યું હતું. અઠ્ઠમના અભિગ્રહમાં એક નાની ઉંમરની અનિલાબ્હેન માણેકલાલ શાહ પણ જોડાયાં હતાં.

**પરીક્ષા અને સમારંભ :** ચાણસ્મા જૈન પાઠશાળાની પરીક્ષા શ્રી જૈન શ્રેયસ્કર મંડળના પંડીત શ્રી પુખરાજજી તથા શ્રી રતિલાલ શાહે લીધી હતી. અભ્યાસ પંચપ્રતિક્રમણથી પંચસંગ્રહ સુધીનો તેમજ સંસ્કૃત બુકોનો ચાલે છે. તા.૨૪–૮–૫૮ના રોજ પૂ૦ ધર્મસાગરજી ગણિવરની નીશ્રામાં એક ઇનામી સમારંભ યોજવામાં આવ્યો હતો. પૂ૦

અભયસાગરજી મ. તથા પરીક્ષક શ્રી વાડીલાલભાઇએ શિક્ષણ અંગે માર્ગદર્શન આપ્યું હતું. અભ્યાસકોને શેઠ શ્રી શીવલાલ ફુલચંદભાઈને હસ્તે ઈનામો અપાયાં હતાં. પાઠશાળાના શિક્ષક શ્રી કનકરાજ તથા શ્રી ભાઇલાલભાઈ ખંતથી કામ કરતા હોવાથી તેમની યોગ્ય કદર કરવામાં આવી હતી.

**તત્ત્વાર્થસૂત્ર :** સવિસ્તર વિવેચન સહિત શ્રી જૈન શ્રેયસ્કર મંડળ તરફથી તૈયાર થઇ રહેલ છે. લગભગ સો ફરમાનો ગ્રંથ થશે. તે ગ્રંથ પૂ૦ સાધુ–સાધ્વીજી મ૦ ને તથા ગ્રંથભંડારોને ભેટ અપાય તે ખાતર ચાણસ્મા જૈન સંઘે રૂા. ૧૦૦૦, ની રકમ આપવા ઠરાવેલ છે.

**સાબરમતી :** (અમદાવાદ) પંન્યાસજી કનકવિજયજી મ. તથા પંન્યાસજી પ્રભાવવિજયજી મ. ની શુભ પ્રેરણાથી વર્ધમાન તપની ઓળીના પાયા નંખાયા છે, નવકાર મંત્રના તપની, શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમની આરાધના થઇ હતી. પર્યુષણમાં ચોસઠ પહોરી પૌષધ, તેમજ તપશ્ચર્યા સારા પ્રમાણમાં થઇ હતી. પૂ૦ મુનિરાજ શ્રી હરખવિજય મહારાજે અસાડ વદિ ૧૪ થી ભાદરવા વદિ ૧ સુધીમાં નવકારમહામંત્રની તપની આરાધના કરી હતી. ૬૮ ઉપવાસ અને નવ બેઆસણાં થયેલ. પારણું સુખ રૂપે થતાં સંઘ તરફથી અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાયો હતો.

**ઉપાશ્રયની જરૂર :** મોટી વાવડી (પાલીતાણા) ભાઇઓ તથા બ્હેનો માટે એકજ ઉપાશ્રય હોઈ પૂ૦ મહારાજ શ્રી ચોમાસું હોય ત્યારે તેમજ પર્યુષણ વગેરે પર્વના દિવસોમાં ઘણી મુશ્કેલી રહે છે. એક બીજા ઉપાશ્રય માટે પંન્યાસજી કાંતિવિજયજી મ. ના ઉપદેશથી જગ્યા લેવાઇ છે પણ નાણાંના અભાવે મકાનનું કામ અટક્યું છે તો દાનવીરોને આ કાર્યમાં સહકાર આપવા નમ્ર વિનંતિ છે. પત્રવ્યવહારઃ શ્રી છગનલાલ પાનાચંદ સંઘવી વાયા–દામનગર મોટી વાવડી (સૌરાષ્ટ્ર) પર્યુષણ પર્વની આરાધના સુંદર થઇ હતી.

**ગારીઆધાર :** મુનિરાજ શ્રી જિતવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધના સુંદર રીતે થઇ હતી. તપશ્ચર્યા, પ્રતિક્રમણ, સામાયિક, પૂજા, પ્રભાવના વગેરે ધાર્મિક કાર્યો સારા પ્રમાણમાં થયાં હતાં. નવકારશી થઈ હતી.

**ધાનેરા :** પ્રવર્તક શ્રી ચંદ્રવિજયજી મહારાજ ચાતુર્માસ બિરાજતા હોવાથી પર્યુષણ પર્વમાં પૌષધ, પ્રતિક્રમણ, પૂજા, સામાયિક, પ્રભાવના વગેરે સારૂં થયું હતું. અઠ્ઠાઈ વગેરેની તપશ્ચર્યા થઈ હતી, સંઘજમણ થયું હતું. એક બ્રાહ્મણ બેને અઠ્ઠાઇ કરી હતી. આરાધનામાં ઉત્સાહ સારો હતો.

**લાંઘણજ :** મુનિરાજશ્રી સુબોધવિજયજી મહારાજના-સદુપદેશથી શ્રી નવકાર મંત્રના તપની આરાધના થઈ હતી. નવે દિવસ એકાસણાં શ્રી કેશવલાલ ઠાકરશીભાઈએ કરાવ્યાં હતાં. પીતળના પ્યાલા, વાટકી, શ્રીફળ, સાકરના પડા વગેરેની પ્રભાવનાઓ થઇ હતી. પર્યુષણ પર્વની આરાધના પણ સુંદર રીતે થઇ હતી.

**માસક્ષમણ :** પાલીતાણા–આરીસાભવનમાં ચાતુર્માસ રહેલ સાધ્વી શ્રી ભદ્રપૂર્ણાશ્રીજીનાં શિષ્યા બાલબ્રહ્મચારિણી સાધ્વી શ્રી રત્નલતાશ્રીજીએ ૨૨ વર્ષની નાની વયે માસક્ષમણની તપશ્ચર્યા કરી હતી. તે નિમિત્તે પૂજા, પ્રભાવના, આંગી, ભાવના વગેરે થયું હતું. દીક્ષા પાંચ વર્ષથી લીધી છે. પાંચ વર્ષમાં એક વરસીતપ, એક અઠ્ઠાઇ, ૧૨ વર્ધમાન તપની ઓળી વગેરે કરી પોતાના જીવનને ધન્ય બનાવ્યું છે. તેઓશ્રીના સંસારી પિતાશ્રી, માતુશ્રી, એક ભાઇએ તથા એક બેને એમ કુલ પાંચ જણે સંયમ જીવન અંગીકાર કર્યું છે.

**સાબરમતિ :** શ્રી આત્મવલ્લભ–જૈન જ્ઞાનમંદિરમાં પૂ૦ આ૦ શ્રી વિજયઉમંગસૂરિજી મહારાજની અધ્યક્ષતામાં પર્યુષણ પર્વની આરાધના રૂડી રીતે થઈ હતી. પં૦ શ્રી ઉદયવિજયજી ગણિએ તથા મુનિરાજશ્રી હીરવિજયજી મહારાજે અઠ્ઠાઈ કરી હતી. ઉપજ પાંચ હજાર જેટલી થઇ હતી, પૂજા, પ્રભાવના, તપશ્ચર્યા વગેરે સારા પ્રમાણમાં થયેલ. તપશ્ચર્યા નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાયો હતો સાધર્મિક વાત્સલ્ય શાહ ડાહ્યાલાલ માણેકચંદ તરફથી થયું હતું.

**અકયતા :** શીનોર દશા ઓસવાલ જૈન સંઘમાં છેલ્લા કેટલાક સમયથી અંદરો અંદર વિખવાદ હતો

અને એથી સંઘના કેટલાક કાર્યો થંભી ગયાં હતાં. મુનિમહારાજ શ્રી કૈલાસવિજયજી મહારાજ તથા મુનિરાજ વિનયવિજયજીની પ્રેરણા અને સમજાવટથી ઐકયતા થઇ છે.

**વેજીટેબલ ઘી** : અમને હિંદુસ્તાન લીવર કું. મુંબઇથી તા. ૧૯-૯-૫૮નો પત્ર મળ્યો છે. આખો પત્ર અંગ્રેજીમાં છે. તેનો સાર એ છે કે, વેજીટેબલ ઘીમાં જે 'એ' અને 'ડી' નું વિટામીન નાંખવામાં આવે છે તે સિધી કે આડકતરી રીતે ઇંડા, કોડલીવર ઓઇલ કે બીજી કોઇ પ્રાણીજન્ય વસ્તુઓમાંથી કાઢવામાં આવતું નથી.

**મોરબી** : મુનિરાજ શ્રી ભુવનવિજયજી મહારાજના સદુપદેશથી છ ઉપવાસથી માંડી ૧૬ ઉપવાસ સુધીની તપશ્ચર્યા કરનાર ભાઇ-બ્હેનોની સંખ્યા ૧૯૫ ની હતી. દ્વિ. શ્રાવણ વદિ ૧૪, અને ભાદરવા શુદ ૪ ના રોજ મૂળનાયક શ્રી ધર્મનાથ ભ૦ ને અમી ઝર્યાં હતાં. જૈનેતરોએ અને એક મુસ્લીમભાઇએ પણ અઠ્ઠાઇ કરી હતી. તપશ્ચર્યા નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ ઉજવવાનું નકકી થતાં જોત-જોતામાં સાડા સાત હજાર રૂા. થઈ ગયા હતા, અને નવકારશી શાહ ભાઇચંદ ફુલચંદ તરફથી થયેલ. પૂજા, પ્રભાવના, આંગી, રોશની વગેરે શુભ કાર્યો સારાં થયાં હતાં. પૂ૦ મહારાજશ્રી ચાતુર્માસ પધારવાથી ગામમાં અનેરો ઉત્સાહ ને ઉલ્લાસ છે.

**વોરંટ** : રતલામની પોલીસે લાપોદ (મારવાડ) માં ચાતુર્માસ બિરાજતા મુનિરાજ શ્રી મનકવિજયજી મહારાજ ઉપર ભાદરવા શુદી ૪ ના રોજ વોરંટ બજવ્યું હતું. તે ધમાલમાં સંવત્સરી પ્રતિક્રમણ નહિ થતાં સામુદાયિક પણે ભાદરવા સુદી ૮ મે કર્યું હતું. જામીન લઇ રતલામની પોલીસ પાછી ફરી હતી. રતલામવાળા મુનિ માણેકવિજયજી મ. નું વોરંટ મુનિ શ્રી મનકવિજય ઉપર બજવ્યું, એથી રાજસ્થાન ખાતે ઉહાપોહ વધી રહ્યો છે, વોરંટ રદ કરાવવા લાગતા-વળગતા મહેનત લઈ રહેલ છે. આ વસ્તુનો દરેકે વિરોધ કરવાની જરૂર છે.

**સુધારો થશે** : શ્રી 'મહાવીર સ્વામીનો આચાર-ધર્મ' પુસ્તકમાં જૈન સિદ્ધાંત વિરૂદ્ધ લખાણ હોવાથી તેનો ઉહાપોહ અને વિરોધ ઉઠયો હતો. માંડવલાવાળા શ્રી હીરાચંદજી જૈને અમરણાંત ઉપવાસ કરવાની જાહેરાત કરી હતી. એથી એ પુસ્તકના સંપાદકઃ શ્રી ગોપાલદાસ પટેલે તેમને રૂબરૂ બોલાવી ફુટનોટ મૂકવા, તેમજ ફરીથી તે નહિ છપાવવા જણાવ્યું છે. સુધારો કરાવવા બદલ શ્રી હીરાચંદજી જૈનને ધન્યવાદ ઘટે છે.

**જૈન સંમેલન** : પૂર્વ ભારતના જૈનોનું એક સંમેલન કરવાનો નિર્ણય કલકત્તા જૈન સભાએ લીધો છે. આગામી શીયાળામાં આ સંમેલન ભરવું અને કેટલાક પ્રશ્નો છે તેની ચર્ચા-વિચારણા કરવી અને દરેક સંપ્રદાયે એક થઈને ઉત્કર્ષ માટે શકય પ્રયત્નો કરવા.

**વાર્ષિક મેલાવડો** : ગંભીરા શ્રી અંબાલાલ હીરાચંદ જૈન પાઠશાળાનો વાર્ષિક મેલાવડો મુનિરાજ શ્રી કમળવિજયજી મહારાજની નિશ્રામાં યોજવામાં આવ્યો હતો. શાહ નરોતમદાસ હીરાચંદ તરફથી ઇનામ વહેંચાયાં હતાં. વિદ્યાર્થીઓને કટાસણાની પ્રભાવના થઇ હતી.

**સકળસંઘનો આદેશ** : અમદાવાદમાં ૫-૯-૫૮ના દિવસે નગરશેઠના વંડામાં નગરશેઠ શ્રી વિમલભાઈ મયાભાઇના પ્રમુખપણા નીચે રાજનગરના જૈન સંઘની વિશાળ સભા યોજવામાં આવી હતી. પૂ૦ આચાર્યદેવોની સમ્મતિપૂર્વકનો ઠરાવ આ મુજબ થયો હતો. **ઠરાવ** : શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છીય શ્રી સંઘે અત્યારસુધી પંચાંગ તરીકે ચંડાશુચંડુ પંચાંગનો ઉપયોગ કર્યો છે પણ આજથી એ પંચાંગની જગ્યાએ જન્મભૂમિ પ્રત્યક્ષ પંચાંગનો ઉપયોગ કરવા આપણા શ્રી તપાગચ્છીય આચાર્ય મહારાજે આદિએ સર્વસંમત નિર્ણય કર્યો છે. શ્રી રાજનગરનો જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છીય શ્રી સંઘ આજથી તે પ્રમાણે વર્તવા જાહેર કરે છે."

**પુના કેમ્પ** : પંન્યાસજી નવીનવિજયજી મ૦ તથા મુનિરાજ હિરણ્યપ્રભવિજયજી મ૦ ના સદુપદેશથી ૧૧ અંગનો તપ થયો હતો. હંમેશાં જુદા

જુદા ભાઈઓ તરફથી ભક્તિ થતી હતી, રોજ પૂજા, આંગી, ભાવના વગેરે થતું હતું. છેલ્લા દિવસે આયંબિલ તપ પૂર્વક સવાલાખ નવકાર મંત્રનો જાપ કરાવવામાં આવ્યો હતો. પારણાં કરાવવામાં આવ્યાં હતાં. તે નિમિત્તે ભવ્ય વરઘોડો નિકળ્યો હતો. આ સિવાય ચંદનબાળાનો તપ, અભિગ્રહના અઠ્ઠમ, બે માસી, અઢી માસી, દોઢ માસી, વર્ષીતપ, વર્ધમાન તપની ઓળીઓ વગેરે થઈ હતી.

**સેલમ :** [મદ્રાસ] શ્રી પાર્શ્વનાથ જિનાલયની વર્ષગાંઠના દિવસે શ્રી કિસ્તુરચંદજી હીરાચંદજી તરફથી સ્વામિવાત્સલ્ય થયું હતું. શ્રી હીરાચંદજી વાલચંદજી શીવગંજવાળા તરફથી પ્રભુની આંગી તથા ભામંડલ અને શ્રી બાગમલજી પુનમચંદજી તરફથી ચાંદીનો મુગુટ, પારણું શ્રી હીરાચંદજી ઇન્દ્રચંદ તરફથી અને બીજું પારણું શ્રી નેમિચંદ સીમાજી તરફથી સંઘને અર્પણ થયેલ છે. પર્યુષણમાં પૂજા, પ્રભાવના, પ્રતિક્રમણ, પૌષધ, સ્નાત્ર મહોત્સવ વગેરે સારા પ્રમાણમાં થયું હતું. પાઠશાળાને પણ મદદ ઠીક મળી હતી.

**ગોહીલી :** (રાજસ્થાન) માં મુનિરાજ પદ્મવિજયજી મ૦ આદિ ચાતુર્માસ હોવાથી પર્યુષણની આરાધના સુંદર રીતે થઈ હતી. તપસ્વી મુનિરાજ રામવિજયજી મ૦ શ્રીએ વર્ધમાન તપની ૨૭-૨૮ ઓળી સાથે કરી પારણું કર્યાં બાદ તુર્ત જ માસક્ષમણની તપશ્ચર્યા કરી હતી. સંઘમાં ઉત્સાહ સારો છે.

**શીહોર :** મુનિરાજ માનતુંગવિજયજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી મુક્તિવિજયજી જૈન પાઠશાળાનો ૫૬મો વાર્ષિકોત્સવ ઉજવાયો હતો. ઇનામો તથા જમણો શાહ લલ્લુભાઇ પ્રાગજી તરફથી અપાયેલ.

**મહેસાણા :** મુનિરાજ વિનયવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધના સુંદર રીતે થઈ હતી. ચોસઠ પહોરી પૌષધ, સારા પ્રમાણમાં થયા હતા. સોળ ઉપવાસ, અઠ્ઠાઇ અને સાત ઉપવાસ વગેરેની તપશ્ચર્યા થઇ હતી તેમાં એક રબારીભાઇએ અને પાંચ જૈનેતરોએ પણ અઠ્ઠાઈની તપશ્ચર્યા કરી હતી.

**ચેતતા રહો :** શીવગંજથી મુનિરાજ શ્રી મુક્તિવિજયજી મહારાજ જણાવે છે કે, ગણેશમલ પુરોહિત નામનો બ્રાહ્મણ નવાશહેર (બ્યાવર)નો રહિશ છે. ઉંમર વર્ષ ૫૦, આંખે મોતીયાનું ઓપરેશન કરાવેલ છે. ચશ્માં પહેરે છે. શ્રાવકની ક્રિયા જાણે છે. વિનય વધુ પડતો કરે છે. લોચ કરતા પણ આવડે છે. પર્યુષણ ઉપર લોચ માટે અમોએ બોલાવેલ પછી પર્યુષણમાં તપશ્ચર્યા અને ધાર્મિક ક્રિયા કરી વિશ્વાસ ઉભો કર્યો હતો પણ ચોરી તથા ઠગાઈ કરી ભાદરવા શુદી ૧૦ ના રોજ ભાગી ગયેલ છે. તો કોઇ જગ્યાએ હોયતો નીચેના ઠેકાણે ખબર આપવી. પેચકાવાળી ધર્મશાળા શીવગંજ (મારવાડ)

**તેરવાડા :** પર્યુષણની આરાધના કરાવવા શિક્ષક શ્રી દલપતભાઈ આવ્યા હતા. પ્રતિક્રમણ, વ્યાખ્યાન પ્રભાવના, ભાવના વગેરે સુંદર થયું હતું. સાધ્વી શ્રી નંદનશ્રીજી મહારાજ આદિ ચાતુર્માસ હોવાથી બ્હેનોમાં તપશ્ચર્યા સારા પ્રમાણમાં થઇ હતી. ગોડી પાર્શ્વનાથ ભ. ને પર્વના દિવસોમાં ત્રણ દિવસ અમી ઝર્યાં હતાં.

**લુણાવા :** પૂ૦ સાધુ મહારાજ ચાતુર્માસ નહિ હોવાથી પર્યુષણની આરાધના શિક્ષક શ્રી ભોગીલાલભાઈએ કરાવી હતી. દેવદ્રવ્ય અને જ્ઞાન દ્રવ્યની ઉપજ બાવીસો જેટલી થઈ હતી. છઠ્ઠ અઠ્ઠમની તપશ્ચર્યા દોઢસો જણાએ કરી હતી. પારણાનો લાભ શ્રી કપુરચંદજી ફોજાજીએ લીધો હતો. પાંચમની સાંજે શ્રી ઉમેદમલજી ભાગચંદ તરફથી સ્વામિવાત્સલ્ય થયું હતું. પાઠશાળા સારા પ્રમાણમાં ચાલે છે.

**સુરત :** મુનિરાજ શ્રી સુરેન્દ્રસાગરજી મહારાજ ચાતુર્માસ બિરાજે છે. પર્યુષણ પર્વની આરાધના સુંદર રીતે થઇ હતી. મુંબઈ નિવાસી શ્રી પ્રસન્નવદન હીરાચંદભાઇએ માસક્ષમણની તપશ્ચર્યા કરી હતી. ૧૬-૧૦-૯ આઠ વગેરે તપશ્ચર્યા તેમજ ચોસઠ પહોરી પૌષધ સારી સંખ્યામાં થયા હતા. પાંચ દિવસનો ઓચ્છવ થયો હતો. સાધર્મિવાત્સલ્ય થયું હતું. જૈન પ્રગતિ મંડળ તરફથી ચાંદીની વાટકી અને શ્રીફળની પ્રભાવના તપસ્વીઓને થઇ હતી.

**શ્રાવિકાશ્રમ :** (પાલીતાણા) પર્યુષણમાં સંસ્થાની નાની-મોટી ૨૫ બ્હેનોએ ૧૬-૧૧-૮-૭ વગેરે તપ-

શ્ચર્યા કરી હતી. સંસ્થાના દહેરાસરમાં રોજ પૂજા, આંગી, પ્રભાવના વગેરે થતું. હતું. પાંચમના રોજ તપસ્વી બ્હેનોનાં પારણાં ઉલ્લાસથી થયાં હતાં. પૂ૦ આ૦ શ્રી વિજયનંદનસૂરિજી મહારાજ આદિ પધાર્યા હતા અને માંગલિક સંભળાવ્યું હતું. પૂ૦ આચાર્યદેવે સંસ્થાનું કાર્ય જોઈ સંતોષ વ્યક્ત કર્યો હતો.

**પરીક્ષા અને સમારંભો:** શ્રી શ્રેયસ્કર મંડળના પરીક્ષક શ્રી રામચંદ ડી. શાહે જુલાઈ-ઓગષ્ટ મહિનામાં પુના સીટી, પુનાકેમ્પ, શીવાજીનગર, જુન્નેર, મંચર, લુણાવલા, કરજત, કલ્યાણ, થાણા, મુરબાડ, શાહપુર, બોરડી, દહાણું, સાવટા, વાપી, બગવાડા, બલસાડ, બીલીમોરા, અને નવસારી વગેરે સ્થળોએ પાઠશાળાની ધાર્મિક પરીક્ષાઓ લીધી. યોગ્ય સુચનાઓ કરવામાં આવી છે, ઉત્સાહ વધે એ ખાતર દરેક જગ્યાએ મેલાવડા યોજવામાં આવ્યા હતા.

**અષ્ટાહ્નિકા મહોત્સવ:** અમદાવાદ સુરદાસ-શેઠની પોળમાં શ્રી વિશસ્થાનક, શ્રી નવપદજી, જ્ઞાનપંચમી, પીસ્તાલીસ આગમ, એકાદશી, અને અઠ્ઠાઇ તપની આરાધના નિમિત્તે ઉદ્યાપન થતા અઠ્ઠાઈ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. સાધ્વી શ્રી મુક્તાશ્રીજી મ૦ ના ઉપદેશથી ઉદ્યાપન કરાવવામાં આવેલ છે.

**સ્થાપના;** અમદાવાદ ખાતે જૈન યુવક સંસ્થાની તા. ૬-૯-૫૮ ના રોજ સ્થાપના થઈ છે. દરેક ગચ્છના પૂ૦ આચાર્યદેવોના આશીર્વાદ મેળવ્યા છે. સ્થાપના દીનની ઉજવણી પ્રસંગે શહેરના અગ્રેસરો વગેરે હાજર હતા. સંસ્થાનો ઉદ્દેશ અને બંધારણ વગેરે સુંદર છે.

**ટીટોઇ:** મુનિરાજ શ્રી લબ્ધિસાગરજી મહારાજના ચાતુર્માસથી સ્વર્ગસ્વસ્તિકતપ, મોક્ષતપ, શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમ, સવાલાખ નવકારનો જાપ વગેરે સારા પ્રમાણમાં આરાધના થઈ હતી. પર્યુષણ પર્વમાં માસખમણ સોળ, પંદર, વગેરેની તપશ્ચર્યા થઈ હતી. ભાદરવા સુદી ૮ ના રોજ સવારે મુહરિ પાર્શ્વનાથ જિનાલયનાં દ્વાર ખોલતાં તાજાં ફુલની ભરેલી રકેબી જોવા મળેલ. તેમજ ભગવાનની પૂજા, પ્રક્ષાલ વગેરે તાજાં થયેલાં જોવામાં આવ્યાં હતાં.

**ગોઈજ:** (હાલાર) મુનિરાજ ખાંતિવિજયજી મહારાજ તથા મુનિરાજ મહાસેનવિજયજી મ. શ્રી ની નિશ્રામાં આરાધના સુંદર થઈ હતી. સાધુઓનું આ પ્રથમજ ચાતુર્માસ છે, ગયા વૈશાખ મહિનામાં અહિં પ્રતિષ્ઠા થઈ હતી. શેઠ હરખચંદ નથુભાઇ તરફથી એક સુંદર જિનમંદિર અને ઉપાશ્રય બંધાવવામાં આવેલ છે. ધાર્મિક શિક્ષક તરીકે શ્રી જયંતિલાલ મણિલાલ સુંદર કાર્ય કરી રહેલ છે. પર્યુષણ પર્વની આરાધના સુંદર થઈ હતી. વરઘોડો, સ્વામિવાત્સલ્ય, તપસ્વીઓનાં પારણાં વગેરે થયાં હતાં. તપસ્વીઓને શ્રી શાંતિલાલ દેવશીભાઇ દાંતાવાળ તરફથી રૂ. એકની પ્રભાવના થઈ હતી.

**નાગપુર:** મુનિરાજ શ્રી ગુણસાગજી મહારાજની નિશ્રામાં અક્ષયનીધિતપ, સમવસરણતપની આરાધના થઇ હતી. જુદા જુદા ભાઈઓ તરફથી જમણવાર થયાં હતાં પર્યુષણ પર્વમાં તપશ્ચર્યા, પૂજા, પ્રભાવના, આંગી, વગેરે સુંદર થયાં હતાં. સંવત્સરી પ્રતિક્રમણ બાદ શ્રીફળની પ્રભાવના થઇ હતી, તથા છઠ્ઠ-અઠ્ઠમ તથા વિશેષ તપશ્ચર્યા કરનારને શેઠ ડાહ્યાભાઈ ચુનીલાલ તરફથી પાંચ રૂા. અને શ્રીફળ, શેઠ કલ્યાણભાઈ મગનલાલ તરફથી રૂા. એક અને શ્રીફળ અને શેઠ પોપટલાલ મણિલાલ તરફથી રૂ. એક અને શ્રીફળની પ્રભાવના થઇ હતી. જલયાત્રાનો વરઘોડો ભવ્ય નિકળ્યો હતો.

**નાશીક:** પર્યુષણ પર્વની આરાધના કરાવવા મહેસાણા જૈન શ્રેયસ્કર મંડળના વિદ્યાર્થી શ્રી રસીકલાલ શાંતિલાલ તથા શ્રી વસંતલાલ મફતલાલ આવ્યા હતા. ધાર્મિક પાઠશાળાની પરીક્ષા ભાઇ રસીકલાલે લીધી હતી. પરિણામ સારૂં આવ્યું હતું. તેનો ઇનામી મેલાવડો શ્રી નગીનદાસ જયચંદભાઇની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. ૨૫૦, રૂા.નું ઇનામ વહેંચાયું હતું. શ્રી મહેસાણા જૈન શ્રેયસ્કર-મંડળને કુલ રૂા. ૬૩૧,ની મદદ મળી હતી,

**બોટાદ:** પૂ૦ આ૦ શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી

મહારાજ આદિ ચાતુર્માસ બિરાજે છે. પરામાં આવેલ જિનમંદિરમાં પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો. શાંતિસ્નાત્ર, સ્વામિવાત્સલ્ય વરઘોડો વગેરે શાસનપ્રભાવક કાર્યો સુંદર થયાં હતાં. જિનમંદિરમાં પુષ્કળ અમી ઝર્યું હતું. તેમ જ દશદિગ્પાલનો પાટલો અધર થયો હતો. આથી જૈન-જૈનેતરોએ હજારોની સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો. પર્યુષણ પર્વમાં પૂ૦ આચાર્યદેવનાં વ્યાખ્યાનથી પ્રેરાઇ બોજા કુટુંબના શ્રી અકબરભાઇએ તથા તેમના પત્ની શ્રી શારદાબેને ૧૭ ઉપવાસ કર્યા હતા. તપશ્ચર્યા ૧૬-૧૧-૧૦-૯-૮ વગેરેની સંખ્યાબંધ થઈ હતી. તપસ્વીઓનાં પારણાં જિનમાં કરાવવામાં આવ્યાં હતાં. વેરાવળ નિવાસી શેઠ શ્રી કેશવલાલભાઈએ થાળી, લોટો, વાટકી, શ્રીફળ અને સાકરના પડાની પ્રભાવના કરી હતી. શાસનકાર્યોમાં શેઠ શ્રી કેશવલાલ ગીરધરલાલભાઇએ તન, મન અને ધનથી સારો એવો લાભ ઉઠાવ્યો હોવાથી બોટાદ જૈન સંઘે માનપત્ર અર્પણ કરવાનો એક મેળાવડો યોજ્યો હતો. શેઠ શ્રી કેશવલાલભાઇએ તે વખતે પણ સંસ્થાઓમાં સારી એવી રકમ ભરાવી હતી. તેમજ તેમના તરફથી ૫૦૦ આયંબિલ કરાવવામાં આવ્યાં હતાં. અને નવલાખ મંત્રનો જાપ થયો હતો. બોટાદ જૈન સંઘ તરફથી નવકારશી થઇ હતી. સ્થાનકવાસી ભાઇઓએ પણ સાથે રહીને ઘણો સાથ અને સહકાર આપ્યો હતો. પૂ૦ આચાર્યદેવાદિ પધારવાથી આજ લગીમાં નહિ થયેલી એવી ધર્મપ્રભાવના થઇ છે.

**નારદીપુર :** પર્યુષણ પર્વની આરાધના સુંદર રીતે થઇ હતી. આઠે દિવસ પૂજા રાખવામાં આવી હતી. ત્રણ બ્હેનોએ અઠ્ઠાઇની તપશ્ચર્યા કરી હતી. પૂજા માટે ભોજકને બોલાવવામાં આવ્યો હતો. ભાવના વગેરે થતી હતી.

**મહેસાણા :** પૂ૦ મુનિરાજ શ્રી વિનયવિજયજી મહારાજના ચાતુર્માસથી પર્યુષણ પર્વની આરાધના સુંદર રીતે થઇ હતી, શ્રી ધન્યકુમારનાં ધર્મપત્ની શ્રી સુશીલાબેને અઠ્ઠાઇની તપશ્ચર્યા કરી હોવાથી ઝવેરીવાડના જૈન મંદિરમાં અઠ્ઠાઇ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. સાંજે નવકારશીનું જમણ થયું હતું. ધોલેરા નિવાસી શાહ કેશવલાલ માણેકચંદનાં ધર્મપત્ની શ્રી કાંતાબેને સોળ ઉપવાસ કરેલ હોવાથી પારણું લીધું હતું તેમજ પાંચ દિવસ મહોત્સવ કર્યો હતો. ભવ્ય વરઘોડો કાઢયો હતો. તેમજ સાંજે તેમના તરફથી નવકારશી થઈ હતી. અક્ષયનીધિ તપ, મોક્ષતપ, ચંદનબાળાના અઠ્ઠમ, શ્રી શંખેશ્વરના અઠમ, બે લાખ નવકારમંત્ર જાપ, પાંચસો આયંબિલ વગેરે થયું હતું.

**મગરવાડા :** મુનિરાજ શ્રી કંચનવિજયજી મહારાજ ચાતુર્માસ હોવાથી પર્યુષણમાં ૭ અઠ્ઠાઇઓ, ૧ છ ઉપવાસ, બે અઠ્ઠમ વગેરેની તપશ્ચર્યા થઇ હતી. તપસ્વીઓનો વરઘોડો નિકળ્યો હતો. પ્રભાવના, પૂજા, વગેરે સારૂં થયું હતું.

**તળાજા :** મુનિરાજ શ્રી સ્વયંપ્રભવિજયજી મ. તથા મુનિમહારાજ શ્રી ઇંદ્રવિજયજી મ. ની પ્રેરણાથી સામાયિક મંડળની સ્થાપના થઇ છે. રોજ ૩૦ થી ૩૫ જણ સામાયિક કરે છે. પર્યુષણમાં પૂજા, આંગી, રોશની, ભાવના, પ્રભાવના, દેવદ્રવ્યની ઉપજ વરઘોડો વગેરે શાસનપ્રભાવનાનાં કાર્યો થયાં હતાં. અઠ્ઠાઇ વગેરે તપશ્ચર્યાઓ પણ સારા પ્રમાણમાં થઇ હતી. શ્રી જયવીર જૈન શીશુ વિદ્યાર્થી મંડળનો ઈનામી મેલાવડો શ્રી અમરચંદભાઈના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યો હતો.

**માંડલ :** (રાજસ્થાન) મુનિરાજ શ્રી શાંતિવિજયજી મ. ના સદુપદેશથી પર્યુષણ પર્વમાં આરાધના સારી થઈ હતી. પૂજા, પ્રભાવના, આંગી વગેરે સુંદર થયું હતું. શ્રી કુટરમલજી તથા હિરાચંદજી તરફથી બે ટંકનું સ્વામિવાત્સલ્ય થયું હતું. પર્યુષણમાં આજુ-બાજુના ગામોના માણસો સારી સંખ્યામાં આવ્યા હતા. પૌષધ, સામાયિક, પ્રતિક્રમણ વગેરે સારા પ્રમાણમાં થયું હતું.


**રાજપુર :** પંન્યાસજી મેરૂવિજયજી મહારાજના સદુપદેશથી પચરંગી તપમાં ૬૬ ભાઈ-બ્હેનો જોડાયાં હતા. તપસ્વીઓના પારણાં રાકાણી શ્રી ગુલાબચંદ મોતીચંદ તથા સાંડસા રતનચંદ સાકરચંદ તરફથી કરાવવામાં આવ્યાં હતાં. પૂ૦ પંન્યાસજી

મહારાજે બાર ઉપવાસ અને મુનિરાજ શ્રી મહાયશવિજયજી મહારાજે બાર આઠ અને પાંચ ઉપવાસ કરેલ તે નિમિત્તે બાર વ્રતની પૂજા ભણાવવામાં આવી અને પ્રભાવના થઇ હતી. વરઘોડો ભવ્ય રીતે નિકળ્યો હતો. ૨૧ ભાઇ-બ્હેનોએ અઠમ કર્યા હતા. તેનાં પારણાં દોશી સરૂપચંદભાઇ તરફથી કરાવવામાં આવેલ અને સાંડસા ચીમનલાલ રતનચંદ તરફથી રેશમી બટવાની, દોશી લહેરચંદ હંસરાજ તરફથી શ્રીફળ અને રૂપીઓ તેમજ શ્રી પોપટલાલભાઇ તરફથી કટાસણાંની પ્રભાવના થઇ હતી. મુનિરાજ શ્રી મહાયશવિજયજી મહારાજે માસખમણ કરેલ તે નિમિત્તે અઠાઇ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો અને નવકારશી વગેરે થયું હતું.

**રાધનપુર** : પંન્યાસજી સંપતવિજયજી મહારાજની અધ્યક્ષતામાં જગદ્ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી મ૦ ની ભાદરવા સુદી ૧૧ ના રોજ સ્વર્ગારોહણતિથિ ઉજવવામાં આવી હતી. પૂ૦ પંન્યાસજી મહારાજ વગેરેએ આચાર્યદેવના ગુણોનું વર્ણન કર્યું હતું. તે દિવસે પૂજા-પ્રભાવના થઇ હતી.

**ઉપાશ્રયનો જિર્ણોદ્ધાર** : ખંભાત ખાતે ઓશવાલ જૈન ઉપાશ્રયના જિર્ણોદ્ધાર માટે પૂ૦ મુનિરાજ શ્રી સુરેન્દ્રસાગરજી મહારાજે ઉપદેશ આપતાં અઢી હજારની ટીપ થઇ હતી. આ અંગે એક સમિતિ નિમવામાં આવી છે, કમિટિના સભ્યો પોતાના ખર્ચે મુંબઇ, વડોદરા, કલકત્તા, અમદાવાદ, રાજકોટ વગેરે સ્થાનોમાં વસતા ખંભાતવાસી ઓશવાલ ભાઇઓને મળી રૂા. ૨૦ થી ૨૫ હજારની રકમ લાવવા ધગશ રાખી રહ્યા છે. શ્રી નંદલાલભાઇએ પોતાના પિતાશ્રીના નામથી રૂા. ૪૧૫૧ નોંધાવ્યા છે. રૂા. ૨૧૫૧, શ્રી ધરમચંદ શીવચંદભાઈએ આપ્યા છે, રૂા. ૧૦૧, કે એથી વધુ રકમ આપનારનું નામ આરસમાં લખવાનું નક્કી કર્યું છે.


નવી ડીઝાઈન



શત્રુંજય પટ

ગુર્જર સ્ટુડીઓએ ૫૦ વર્ષના અનુભવે શત્રુંજય પટની નવી ડીઝાઇન તૈયાર કરી તે પાણીથી બગડે નહિ એવા પાકા રંગમાં ફુમાસદાર કાપડ ઉપર ગામ અને નવ ટૂંકોના મંદિરોમાં સોનાની પ્રતિમાઓના ભાવભીના દર્શન સ્વર્ગનું ભાન કરાવે છે.

લખો : **ગુર્જર આર્ટ સ્ટુડીયો : પાલીતાણા** (સૌરાષ્ટ્ર)